


શ્રી ભાંડુકજી તીર્થના જિનમંદિરના પ્રવેશદ્વારનું
એક દૃશ્ય.
શ્રી પ્રવીણચંદ્ર રતિલાલ વઢવાણ શહેરના
સૌજન્યથી.

કલ્યાણ પ્રકાશન મંદિર
પાલીતાણા

વર્ષ ૮; અંક ૫; ✿ જુલાઈ:-૧૯૫૧;

# કલ્યાણ

જૈન સંસ્કૃતિનું સંદેશ વાહક

## આપ્તમંડળના સભ્યોને !

* આ અંક સાથે 'કલ્યાણ'ના શુભેચ્છક સભ્યોની નામાવલિની પૂર્તિ પાછળનાં પાનાઓ પર રજુ થઈ છે.

* 'કલ્યાણ'ના દરેક સભ્યોને પૂજ્યપાદ પ્રસિધ્ધવકતા **પંન્યાસ શ્રીમદ્ કનકવિજયજી** ગણિવરની કલમે લખાએલ ૧ આત્મધર્મનો સત્સંદેશ, ૩ જૈનોનું કર્તવ્ય, ૪ રામાયણ ગ્રંથો અને તેની શૈલી, આ ચારે પુસ્તિકાઓ પોષ્ટેજ ચાર આનામાં ભેટ મળશે અને વાર્ષિક ગ્રાહકોને ચોદ આનામાં મળશે.

* પર્યુષણ પહેલાં જે બન્ધુઓ 'કલ્યાણ'ના સભ્ય તરીકે નામ નોંધાવશે તેઓને પણ ભેટ મળશે.

* સભ્ય થવાની યોજના આગળનાં પાનાઓ ઉપર રજૂ થઈ છે. સભ્ય થવાથી દર વર્ષે લવાજમ મોકલવાની માથાકૂટ અને પોષ્ટેજ ખર્ચ બચી જાય છે. ઉપરાંત કોઈ કોઈ વખત ભેટ પુસ્તકોનો પણ ચાન્સ મળે છે. દરેક રીતે વિચારતાં ગ્રાહક તરીકે ચાલુ રહેવા કરતાં સભ્ય તરીકે નામ નોંધાવવું એ વધુ લાભદાયી છે.

* આ અંગે વધુ માહિતી મેળવવાની જરૂર લાગે તો અમારા સીરનામા પર ત્રણ પૈસાનું એક કાર્ડ લખી પૂછાવો.

: સંપાદક :

**સોમચંદ ડી. શાહ.**

# વિષય દર્શન


ક્રાંતિની ઘેલછા.............................શ્રી ઉજમશી શાહ ૧૮૫

બાલ જગત.............................શ્રી પંકજ ૧૮૭

આજ્ઞાની આરાધના.............................શ્રી વીરભિક્ખુ ૧૯૦

ઝરણાં.................પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવર ૧૯૪

પરમાર્થ પત્રમાલા.............................શ્રી અભ્યાસી ૧૯૫

દોરંગી દુનિયા.............પૂ. પં. શ્રી પ્રવીણવિજયજી ગણિવર ૧૯૮

સાહિત્યનાં ક્ષીર નીર.............................શ્રી ચંદ્ર ૨૦૦

શ્રી શત્રુંજયની યાત્રાએ...............શ્રી એવંતિલાલ સારાભાઇ ૨૦૧

શંકા-સમાધાન.........સ. પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરિજી મ. ૨૦૫

નારીકૂંજ.............................શ્રી પ્રશાંત ૨૦૯

જુનું અને નવું...................... શ્રીકાંતિલાલ મો. ત્રિવેદી ૨૧૩

શ્રમણસંઘના ઠરાવો.............................. ૨૧૫

તવારીખની તેજછાયા.........પૂ. મુનિરાજ શ્રી રૂચકવિજયજી મ. ૨૨૦

યોજના નં. ૨ નું પરિણામ....................કાર્યાલય તરફથી ૨૨૪

આપ્તમંડળની યોજના.............................. „ ૨૨૫


## : નવા સભ્યોનાં શુભ નામો :

'કલ્યાણ' માસિકના વાર્ષિક ગ્રાહક તરીકે ચાલુ રહેવા કરતાં સભ્ય થવું વધારે સારૂં છે. પોષ્ટેજ ખર્ચ બચે છે તેમજ અવસરે ભેટ પુસ્તકો પણ મળે છે.

રૂા. ૨૫, શ્રી દેવજીભાઇ જેઠાભાઈ નવાગામ (જામનગર) પૂ પંન્યાસ શ્રીમદ્ ભદ્રંકરવિજયજી મહારાજના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી કુંદકુંદવિજયજી મહારાજની શુભપ્રેરણાથી.

રૂા. ૨૫, શ્રી ચીમનલાલ સ્વરૂપચંદ આંબેગામ પૂ. પંન્યાસ શ્રીમદ્ કનકવિજયજી ગણિવરના શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી.

રૂા. ૧૧, દોશી ચુનીલાલ છગનલાલ ઇડર પૂ. મુનિરાજ શ્રી નેમવિજયજી મહારાજશ્રીની શુભપ્રેરણાથી.

## જ ૦ રૂ ૦ રી

શબ્દગોષ્ઠિ ઇનામી યોજના નં. ૨ નું પરિણામ ૨૨૪ પેજ પર રજુ કરવામાં આવ્યું છે. યોજના નં ૩ આગામી અંકે રજુ થશે.

'કલ્યાણ' મસિકના નવા દશ ગ્રાહકો બનાવી આપનારને એક વર્ષ 'કલ્યાણ' ફ્રી મોકલાવાશે.

તીર્થના તેમજ ધર્મ મહોત્સવોના ફોટાઓ તથા બ્લોકો 'કલ્યાણમાં અવસરે છપાય છે, તો રસ ધરાવતા અમારા ઉપર જરૂરથી મોકલી આપે.

'કલ્યાણ'નો ગ્રાહક નંબર પત્રવ્યવહાર કે મનીઓર્ડર કરતી વખતે જરૂર લખવો. નવા ગ્રાહક તરીકે થવાનું હોયતો એ પ્રમાણે લખવું.

'કલ્યાણનો બહોળો પ્રચાર છે તો આપના ધંધાની જાહેરખ આપીને પણ 'કલ્યાણ'ને સહકાર આપો જાહેરખના ભાવો પ્રીન્ટીંગ અને કાગળ પુરતા જ રાખ્યા છે.

'કલ્યાણ'નું દેશમાં વાર્ષિક લવાજમ રૂા. ૫-૦-૦ અને પરદેશ માટે રૂા. ૬-૦-૦ વર્ષ દરમીયાન લગભગ ૬૦૦ પેજ અપાય છે.

અંક દર અંગ્રેજી મહીનાની ૧૫ મી તારીખે અહીંથી પ્રગટ થાય છે. તો ૨૨ મી સુધીમાં કોઈપણ કારણસર ન મળે તો કાર્યાલયને જણાવવું.

જેઓનાં છહા અંકે લવાજમ પુરાં થયાં છે તેઓને કાપલી મૂકી જણાવવામાં આવ્યું છે તો લવાજમ મનીઓર્ડરથી તુરત જ મોકલી આપશો. વી. પી. થી મંગાવવું હોય તો પત્રથી જણાવશો.

# આપ્તમંડળની યોજના

અને

## સભ્યોની નામાવલિ

કલ્યાણ પ્રકાશન મંદિર
પાલીતાણા

તથા

## પુસ્તકોનું લીસ્ટ.

કલ્યાણ
જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

# ધર્મ, સમાજ, સાહિત્ય, તથા સંસ્કારનું સર્વશ્રેષ્ઠ લોકભોગ્ય માસિક 'કલ્યાણ';– તેના ઉદ્દેશ, વ્યવસ્થા અને યોજના.

**ઉદ્દેશ;** વર્તમાન કાલે જૈન સમાજને અનેક રીતે જાગ્રત રહેવાનું છે, રાજકીય વાતાવરણ વર્તમાન અર્થ–વ્યવસ્થા, સમાજની તંગ બનતી જતી પરિસ્થિતિ. તથા ધર્મ તંત્રમાં રાજ્યસત્તાનો અનુચિત હસ્તક્ષેપ; આ બધી સ્થિતિમાં સમાજના, શાસનના, તથા ધર્મના પ્રત્યેક પ્રશ્નોમાં, ધર્મશ્રધ્ધા વાસિત જિનાજ્ઞા રસિક શ્રીસંઘને 'કલ્યાણ' દ્વારા ઉપયોગી તથા સમયોચિત માર્ગદર્શન આપવાનો અમારો ઉદ્દેશ છે.

**અમારા લેખકો:** 'કલ્યાણ' જૈન સમાજમાં છેલ્લા આઠ વર્ષથી સાહિત્ય સેવાના માર્ગે જે રીતે આગેકૂચ કરી રહ્યું છે; તેમાં પોતાની લેખિનીદ્વારા કલ્યાણને સાહિત્યની દૃષ્ટિએ સમૃધ્ધ બનાવનારા મહાનુભાવ લેખકોનું કલ્યાણની પાસે વિશાળ આત્મીય મંડળ છે. જેનું 'કલ્યાણ' સદા ઋણી છે. કલ્યાણમાં જેઓના લેખો પ્રસિધ્ધ થયા કરે છે; તે પૂ૦ પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મ૦, પૂ૦ પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય જમ્બુસૂરીશ્વરજી મ૦, પૂ૦ પાદ આચાર્ય દેવ શ્રીમદ્ વિજયઅમૃતસૂરીશ્વરજી મ, પૂ૦ પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ. પૂ૦ પંન્યાસજી મહારાજ શ્રી ચરણવિજયજી ગણિવર, પૂ૦ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી મ. પૂ૦ પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી મ. પૂ૦ પંન્યાસજી શ્રી ધુરંધરવિજયજી મ. પૂ૦ મુનિરાજ શ્રી સુબુદ્ધિવિજયજી મ. પૂ મુનિરાજ શ્રી મહિમાવિજયજી મ. પૂ૦ મુનિરાજ શ્રી અભયસાગરજી મહારાજ. પૂ૦ મુનિરાજ શ્રી ભાનુવિજયજી મ. પૂ૦ મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મ. પૂ૦ મુનિરાજ શ્રી રૂચકવિજયજી મ પૂ૦ મુનિરાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ પૂ૦ મુનિરાજ શ્રી કીર્તિપ્રભવિજયજી મ. પૂ૦ મુનિરાજ શ્રી કુંદકુંદવિજયજી મ. મુનિશ્રી ભદ્રગુપ્તવિજયજી મ. ઇત્યાદિ; તથા પં. શ્રી પ્રભુદાસભાઈ, શ્રી સુંદરલાલ કાપડીયા બી. એ., શ્રી મફતલાલ સંઘવી, શ્રી પન્નાલાલ મસાલીઆ, શ્રી કીર્તિકાંત વોરા, શ્રી એન. બી. શાહ, શ્રી પ્રકર્ષ, શ્રી અમૃતલાલ છ. શાહ, શ્રી ઉજમશી શાહ, શ્રી કાંતિલાલ મો. ત્રિવેદી; શ્રી ડૉ. વલ્લભદાસ શાહ, શ્રી અજ્ઞેય, શ્રી સુમંગલ, શ્રી ચંદ્રપ્રકાશ એમ. જૈન, શ્રી પદ્મકુમાર, શ્રી જયકીર્તિ, શ્રી વીરભિક્ખુ, શ્રી ક૦, શ્રી સંજય, શ્રી પ્રદીપ, શ્રી પ્રશાંત, શ્રી પંકજ, શ્રી મધુકર, શ્રી ચાણક્ય, શ્રી મન્વંતરાય શાહ, શ્રી ઋષભદાસ જૈન, શ્રી ભદ્રભાનુ, શ્રીમતી મૃદુલાબ્હેન કોઠારી, શ્રીમતી નિવેદિતાબ્હેન, શ્રી ચંદ્ર, શ્રી સૌમ્ય, શ્રી સંજય, શ્રી ચીમનલાલ શાહ, શ્રી મોહનલાલ હઠીચંદ, શ્રી કેશરીચંદ વકીલ, શ્રી સુકેતુ, શ્રી અભ્યાસી, શ્રી મોહનલાલ ધામી. વગેરે–વગેરે વિદ્વાન લેખકોના લેખોથી 'કલ્યાણ' માં જુદા જુદા વિભાગો દ્વારા અનેક લેખો પ્રસિદ્ધ થાય છે. આથી આજે આપણા સમાજમાં સર્વશ્રેષ્ઠ માસિકનું સ્થાન 'કલ્યાણે' આપમેળે મેળવ્યું છે. આજે સહુ કોઈ 'કલ્યાણ' ની સિદ્ધિને પ્રશંસાનાં પુષ્પો દ્વારા સન્માની રહ્યું છે. આના જેવું સર્વાંગી સાહિત્ય પ્રચારક એક પણ માસિક, સમાજમાં નથી. એમ ગૌરવપૂર્વક અમે કહી શકીએ તેમ છીએ. આ હકીકત સાબીતી માટે 'કલ્યાણ' નો કોઇ પણ અંક જોવાથી ખાત્રી થઇ શકશે.

**'કલ્યાણ'નાં ખાસ આકર્ષણો:** 'કલ્યાણ' દિન–પ્રતિદિન પ્રગતિ કરતું રહ્યું છે, સાહિત્યનો વિવિધ રસથાળ 'કલ્યાણ' માં નિયમીત પીરસાય છે. તદુપરાંત; 'બાલજગત, નારીકુંજ, મધપૂડો, નવી નજરે, પરમાર્થ–પત્રમાલા, પલટાતી વ્યાખ્યાઓ ' આ બધા વિભાગો, એ 'કલ્યાણ' માસિકની ખાસ વિશિષ્ટતા છે. આ વિભાગોએ જનસમાજનું ખૂબ જ આકર્ષણ કર્યું છે. તેમજ 'જ્ઞાનવર્ધક શબ્દગોષ્ઠિ ઇનામી યોજના' તો 'કલ્યાણ'ની મહત્ત્વભરી સિદ્ધિ છે. એક પણ પાઈની પ્રવેશ ફી વિના ત્રણ ગણ આંકડાની ઇનામી યોજના 'કલ્યાણ' કાર્યાલય દ્વારા પ્રસિદ્ધ થતી રહી છે, જેમાં સુંદર પ્રકારના સદ્બોધ સાથે સાથે જ્ઞાન ગમ્મત, અને આર્થિક લાભ પણ સમાયેલો છે.

**શક્ય સઘળી સહાય કરો!** બાર મહિનામાં લગભગ ક્રાઉન આઠ પેજી ૫૫૦–૬૦૦ લગભગ પાનાનું, મનનીય, બોધક અને રસિક વાંચન આપતા છતાં,

ફક્ત રૂા. પાંચના લવાજમમાં બે સંયુક્ત વિશિષ્ટ અંકો સહિત બાર મહિના સુધી, 'કલ્યાણ' ઘેર બેઠાં આપને મળે છે, 'કલ્યાણ' ને આટલા લવાજમમાં બાર મહિને ખોટ રહે છે, છતાં સાહિત્ય પ્રચારના સદાશયથી આ પ્રવૃત્તિ વણથંભી લગભગ આઠ-આઠ વર્ષથી ચાલી રહી છે. માટે, આપ સહુ; ગ્રાહક થઇ, આજુ-બાજુ આપના સ્નેહી-સ્વજનોમાં આનો ફેલાવો થાય તે માટે શક્ય કરો ! આપની મમતાભરી શુભ લાગણીથી જ 'કલ્યાણ' દ્વારા સાહિત્ય સેવાના અમારા મનોરથો સફલ બનતા રહ્યા છે.

**ફુલ નહિ તો ફુલની પાંખડી:** પ્રેસ તેમ જ પ્લેટફોર્મના આ યુગમાં બોલે તેનાં બોર વેચાય છે; આજના રાજકીય વાતાવરણમાં શાસનના તથા સમાજના હિતને અનુલક્ષી સંસ્કાર અને સ્વાસ્થ્યની રક્ષાને સારૂ જાગ્રત રહેવાની ખૂબ જ જરૂર છે, ' જાગતાની પાડી, અને ઉંઘતાનો પાડો ' એ સ્થિતિ લગભગ આજે પ્રવર્તી રહી છે; આ માટે આપણો અવાજ 'કલ્યાણ' દ્વારા દુનિયાના ખૂણે ખૂણે રજૂ કરવાને સારૂ 'કલ્યાણ' ને પગભર કરવાની સહુ કોઇ ધર્માત્માઓની પહેલી ફરજ છે; 'કલ્યાણ' ના સંચાલન માટે અમારી પાસે મોટી મૂડી, કે ફંડ-ભંડોળ નથી, કેવળ આપ્તમંડળના ઉદારચરિત ધર્મશીલ સભ્યોની મમતાથી 'કલ્યાણ'ની અત્યારસુધીની પ્રવૃત્તિઓ ચાલુ રહી છે. 'કલ્યાણ' ને હજુ વિશેષ પ્રકારે સહાયની જરૂર છે, તો 'કલ્યાણ' હજુ પણ વધુ પ્રચાર પામતું રહે અને વિશેષ સમૃદ્ધ બને તે માટે આપ સહુ, ફૂલ નહિ તો ફૂલની પાંખડી શુભ પ્રસંગે કે પર્વ દિવસોમાં 'કલ્યાણ'ને મમતાપૂર્વક યાદ કરી સહાયક ફંડમાં આપતા રહો. આપની મમતાભરી લાગણીને 'કલ્યાણ' ઇચ્છે છે. શાસનપ્રેમી ધર્માત્માઓની મમતાભરી હૂંફ એજ 'કલ્યાણ'ને' માટે મહામૂલ્ય મૂડી છે.

**આપ્તમંડળની યોજના:** કાગળો, છાપકામ ઇત્યાદિની મોંઘવારીના કાલમાં 'કલ્યાણ' જે રીતે સંગીનપણે આગળ વધી રહ્યું છે, તેમાં તેની આપ્તમંડળની યોજનાનો મોટો હીસ્સો છે. આપ્તમંડળના સભ્યો એટલે 'કલ્યાણ'નાજ અંગત હિતૈષીઓ; જેઓ તન, મન તથા ધનથી 'કલ્યાણ'ના વિકાસ માટે જ ભોગ આપવાને તૈયાર છે. 'કલ્યાણ'ની હિતકર પ્રવૃત્તિને પહોંચી વળવા શ્રદ્ધાળુ ધર્મ રસિકોની સમક્ષ અમે જે યોજના મૂકી હતી, તેનો સમાજ તરફથી સુંદર જવાબ મળ્યો છે, તે આપ્તમંડળની યોજના આ મુજબ છે:—

**રૂા. ૨૦૧, આપનાર આજીવન સંરક્ષક મંડળના સભ્ય**
**રૂા. ૧૦૧, આપનાર આજીવન સહાયક મંડળના સભ્ય**
**રૂા. ૫૧, આપનાર દશવર્ષીય શુભેચ્છક મંડળના સભ્ય**
**રૂા. ૨૫, આપનાર પંચવર્ષીય શુ૦ મં૦ ના સભ્ય**
**રૂા. ૧૧, આપનાર દ્વિવર્ષીય શુ૦ મં૦ ના સભ્ય**

**આપ** શ્રીમાનને અમારી આગ્રહભરી વિનંતિ છે કે, 'આપ્તમંડળના સભ્ય તરીકે આપ આપનું શુભનામ નોંધાવી, 'કલ્યાણ' દ્વારા ચાલતી સાહિત્ય સેવાને આપ વેગ આપો !, આપ્તમંડળમાં આપશ્રીનું નામ જોડાવાથી; આપશ્રીને 'કલ્યાણ' ના ભેટ પુસ્તકોનો પ્રથમ લાભ મળશે; તથા 'કલ્યાણ' ના આજીવન આપશ્રી માનનીય મુરબ્બીપદે રહેશો. અવશ્ય આપશ્રી આપ્તમંડળમાં જોડાઇ 'કલ્યાણ'ને સમૃદ્ધ બનાવો, એવી અમારી અભિલાષા છે.

**જાહેરાત માટેનું ઉત્તમ સાધન:** હાલ 'કલ્યાણ'ની ૨૦૦૦ નકલો છપાય છે. દિન-પ્રતિદિન એનો આંકડો વધતો જાય છે. ગૂજરાત, મારવાડ, મેવાડ, માલવા, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, કચ્છ, આફ્રીકા, એડન આદિ દેશ-પરદેશમાં એનો બહોળો પ્રચાર છે. જૈનસમાજમાં આ માસિક ઘેર ઘેર વંચાય છે. લાખ્ખો જૈનો 'કલ્યાણ' ને મમતાથી આવકારે છે. જૈનસમાજ વ્યાપારી સમાજ છે, તમારા વ્યાપાર-વ્યવસાયનો દેશ-પરદેશમાં ફેલાવો કરી, તમારે તમારા ગ્રાહકોનું વિશાલ મંડળ ઉભું કરવું હોય તો 'કલ્યાણ' માં તમારા ધંધાની જાહેરાત આપતા રહો !, તમારા ધંધાની જાહેરાત માટે 'કલ્યાણ' અનુપમ સાધન છે; અશ્લીલ, અશિષ્ટ કે અયોગ્ય જાહેર ખબરો લેવાતી નથી; જાહેરાતના ભાવ બહુ જ ઓછા છે. જાહેરાતના ભાવ માટે અમને લખી જણાવો !

'કલ્યાણ' ને અંગે સઘળો પત્ર-વ્યવહાર આ સીરનામે કરો ! **સોમચંદ ડી. શાહ**

શ્રી કલ્યાણ પ્રકાશન મંદિર; **પાલીતાણા** [સૌરાષ્ટ્ર]

કલ્યાણ
જૈન સંસ્કૃતિનું સંદેશવાહક

વર્ષ ૮; અંક ૫,
અષાડ-૨૦૦૭;
જુલાઇ-૧૯૫૧;

## ક્રાંતિની ઘેલછા——————————શ્રી ઉજમશી શાહ.

ખાવા-પીવામાં ક્રાંતિ કરી સમાજ મૂઢ અને જડ બની ગયો. ઓઢવા-પહેરવામાં ક્રાંતિ લાવી સમાજ વંઠી ગયો, રહેણી કહેણી બદલી સમાજ ધર્મ ચૂકી ગયો, ધર્મ ચૂકી સમાજ અધઃપતનની ઘોર ખીણમાં ધકેલાઇ ગયો અને પૌદ્‌ગલિક સુખને જ દુનિયાએ સુખ કલ્પ્યું.

પૌદ્‌ગલિક સુખની લાલસાએ ખોળાયેલી નવી નવી ભૌતિક શોધોએ હાજતો વધારી સમાજને ધમાલિયો અને ખર્ચાળ બનાવી દીધો. જીવનનો રસ ઉડાડી માનવ જીવન કૃત્રિમ બનાવી દીધું. નિર્ધન અને ધનિક ઉભય વચ્ચે સામ્ય સાચવવામાં સહાયરૂપ અપરિગ્રહનો વિવેક દુનિયા ભૂલી ગઇ. પરિણામે નિર્ધન અને ધનિક વચ્ચે ખૂબ અંતર વધ્યું. અશાંતિ જાગી. નવા નવા વાદો પ્રગટ્યા. વિનાશનાં મૂળ ઉંડાં ગયાં.

જીવનમાં ગમે તે રીતે સ્વચ્છંદી વર્તન દ્વારા ક્રાંતિ લાવી સમાજ ઉર્ધ્વ ગતિ કરતો નથી, પરંતુ, અધોગતિ ભણી વધુ ને વધુ ઢળતો જાય છે. સ્વ-સ્વચ્છંદને આડે આવતી વિનય-વિવેકની દિવાલોને તોડવી અને કુદરતના નિયમ વિરૂદ્ધ જવું તેને જ આધુનિક સમાજ ક્રાંતિ સમજી બેઠો છે. જો કે તે ક્રાંતિ છે, પરંતુ તે ક્રાંતિ વિનાશ અને આત્મઘાતના માર્ગ તરફની છે.

ક્રાંતિની ઘેલછામાં દુનિયા અંધ બની ગઈ છે. પ્રજામાં વિવેકના દીવડા બુઝાવા લાગ્યા છે. દુનિયાએ માનવતાનું જાણે દેવાળું કાઢ્યું હોય તેવો ભાસ ચોમેરથી થાય છે. જુવોને! પિતા કે પુત્ર, ગુરુ કે શિષ્ય, પતિ કે પત્ની, રાજા કે પ્રજા, શેઠ કે નોકર, કોઇનોય ક્યાંય સુમેળ છે? સૌ પોત-પોતાનું કર્તવ્ય ચૂકી મન ફાવે તેવી રીતે જીવે છે. ક્યાંય સંયમ કે સમતોલપણું નથી, અધિકાર અને વફાદારીનું ભાન સદંતર ભૂલાયું છે. ઇર્ષા, દ્વેષ અને અ-વિશ્વાસને વધુ વેગ મળ્યો છે, ઘર્ષણો ખૂબ વધ્યાં છે.

ન જુવે પથ્યાપથ્ય કે યોગ્યાયોગ્ય, ન વિચારે ન્યાય કે અન્યાય, સારૂં ખોટું કાંઇ સમજે નહિ, દૃષ્ટિમાં આવે તે બધાંયને ભરખી લે અને જીવન પાયમાલ કરે તેવી ક્રાંતિની શી જરૂર? જીવનમાં ક્રાંતિ લાવી સાચે આપણે ખરો નફો ન કરીએ તો તે ક્રાંતિનું મહત્ત્વ શું? જો સમાજને ક્રાંતિ, અધમતા ભણી દોરી જતી હોય તો તે ક્રાંતિને અવનતિનું ઉપનામ આપવું તે જ યોગ્ય છે. ક્રાંતિની ધૂન પાછળ નીતિ-ન્યાય ભૂલાવાં ન જોઇએ. ધર્મની મર્યાદાઓ સાચવે તેવી ક્રાંતિ નિંદ્ય નથી.

નીતિ, ન્યાય કે માનવતાના નિયમ વિરૂદ્ધ જે જે ક્રાંતિઓ આજે થઇ છે, તે તે ક્રાંતિના ગુણ-દોષનું યથાર્થરીતે પૃથક્કરણ કરી જનતાને યોગ્ય રીતે તે સમજાવવાનો જો પ્રયાસ નહિ થાય તો, સમાજનું માનસ વધુ નીચું ઉતરતું જશે. જગત અધમતા ભણી

વધુ ઢળશે. મનસ્વીપણું વધુ જોર જમાવી બેસશે. સ્વચ્છંદતા ખૂબ વધુ ફેલાશે. દરેક ક્ષેત્રમાં વ્યવસ્થા અટકી પડશે. પરિણામે અનેક પ્રકારની ગૂંચો લોકજીવનમાં ઉભી થશે.

શું ઉપાદેય અને શું હેય ? તેની સાચી સમજ જગતમાં પેદા થાય તો ક્રાંતિની ઓથે સમાજનું જે ભયંકર અધઃપતન આજે થઇ રહ્યું છે તે જરૂર અટકશે. સાચી સમજણ વિના પતનથી બચવું મુશ્કેલ છે. ખોટું, વાસ્તવિક ખોટા રૂપે સમજાય તો કોઇક દિવસ છૂટવાનો આરો છે, પરંતુ ખોટાંને સાચું ને આદરણીય કલ્પીએ તો ભયંકર વિનાશ સિવાય અન્ય તેનું શું પરિણામ નિપજે ? ખોટું કરવું છતાંયે તે ખોટાંને સારૂં અને યોગ્ય સમજવું અને તેમ વર્તવામાં ગૌરવ લેવું, એ તો ઘોર અજ્ઞાનતા છે ને ? સાચું રૂચવું જ કઠીન છે, ખોટું રૂચવું સહજ છે.

દુનિયાના અવિચારીપણાને લીધે આત્મઘાતક પ્રવૃત્તિઓને પણ ક્રાંતિનું બિરૂદ ગમ્યું. પરિણામે ક્રાંતિની ઘેલછામાં કેટલાયે ઉન્મત્ત અને છાકટા બની ગયા. કેટલાયે એ ક્રાંતિની ભ્રમણામાં સ્વધર્મ ને ફરજ ચૂકી ગયા. ક્રાંતિને નામે કેટલાંયે યુવક-યુવતિઓએ પોતાનાં યૌવનને અવળે માર્ગે વેડફી દીધું. એ ક્રાંતિની ધૂન પાછળ મોટાં ધીંગાણાં થયાં, અને મહાયુધ્ધ ખેલાયાં.

ક્રાંતિની ઘેલછાએ, શબ્દ પ્રયોગો પણ વિકૃત કર્યા, જેમ કે, અંધ વિષયની જગ્યાએ 'પ્રેમ' શબ્દના પ્રયોગથી આર્યત્વ ક્ષીણ થયું. 'નાતરાં' ને 'પુનર્લગ્ન' શબ્દ પ્રયોગે આર્ય લગ્નની પવિત્રતાને અભડાવી મૂકી. અસ્થાને થઇ રહેલા 'સેવા' શબ્દના પ્રયોગથી પૂજ્ય પ્રત્યેનો પૂજનિકભાવ નષ્ટ થયો. 'અભિમાન'ને સ્થાને થઇ રહેલા 'સ્વમાન' શબ્દના પ્રયોગથી દુનિયા ઉધ્ધત અને બેપરવા બની ગઇ.

સંયુક્ત કુટુંબ રચનાને 'બંધન' શબ્દ પ્રયોગથી સંબોધી સ્વજનોમાં વિખવાદ જગાવ્યો, પરિણામે ઉદારતા, સહનશીલતા આદિ સદાચારના ઉમદા પાઠ આપતી તે શાળાઓ બંધ થવા લાગી. સદાચારના મૌલિક તત્ત્વોને ભૂલી બાહ્ય સભ્યતા ભણી ઢળી જનતાએ ધર્મના પાયારૂપ તત્ત્વોની અવગણના આદરી. ધર્મ પ્રત્યે બહુમાનપૂર્વક આદર કરનારાઓ માટે 'ધર્માંધ' શબ્દનો પ્રયોગ કરી વૈમનસ્ય પેદા કર્યું. વિરોધી જૂથ ઉભાં કર્યાં. વર્ગવિગ્રહ થયો. સમાજ, ધર્મના સાચાં સ્વરૂપથી વંચિત બન્યો.

એ રીતે અસ્થાને થતી શબ્દ પ્રયોગની ક્રાંતિ પણ દારૂણ વિનાશ નોતરનારી છે માટે, શબ્દના પ્રયોગને પણ સદા વિવેકપૂર્વક વિચારવો જોઇએ.

અંતમાં જનતાએ સમજવું જોઇએ કે, માનવતા લાજે તેવી અંધ ક્રાંતિ આચરણીય નથી. માનવ-જીવનનો વિકાસ ખેડી, માનવ જીવનમાં સદાચારની રળિયામણી ભાત પાડે, માનવ જાતને ધર્મ ભણી દોરી જાય તેવી ક્રાંતિ વાસ્તવિક છે, અને પ્રગતિના માર્ગ ભણી, એજ સાચી કૂચ છે.

* * *




## ઉઘાડી બારી

**પ્યા**રા દોસ્તો ! 'બાલજગત', તમને ગમી ગયું છે, એ અમારા પર આવતા પત્રો પરથી જાણી શકાય છે. તમોએ જે ઉમંગથી આ વિભાગને વધાવી લીધો છે, તેથી આનંદ **મિત્રો!** તમારામાંથી જેઓ અમને લેખો મોકલે છે, તેમણે લેખની સાથે પોતાની ઉમ્મર તથા છબી મોકલવી. લેખ જેમ બને તેમ ટૂંકાણમાં લખી મોકલવો... **બાલબંધુઓ !** 'કલ્યાણ'માં, 'મધપૂડો' વિભાગ પ્રગટ થાય છે, તે પણ તમારા માટે ઉપયોગી છે, માટે તે નિયમીત વાંચતા રહેજો ! " **વ્હાલા ભાઇબંધો!** 'કલ્યાણનો' પ્રચાર જેમ જેમ વધે તે રીતે તમારે તમારા બાલમંડલમાં, તથા મિત્રવર્ગમાં જરૂર પ્રયત્ન કરવો; બોલો કરશોને ?

'કલ્યાણમાં' જે ઇનામી યોજના પ્રસિધ્ધ થાય છે, તેમાં તમે જરૂર રસ લેતા રહેજો !...તમારામાંથી જે દોસ્તો, 'કલ્યાણ'ના વધુ ગ્રાહકો કરશે, તેને માટે તમને ગમે તેવાં સારાં પુસ્તકો ભેટ મોકલાવાશે, માટે ગ્રાહકો નોંધાવી અમને જરૂર જણાવો.

**લેખકોને: છનાલાલ સવચંદભાઈ!** તમારો લેખ મલ્યો છે, સુધારા સાથે અવસરે પ્રગટ થશે. લેખ બને તેમ ટૂંકમાં લખી મોકલવો. **હેમલતાબ્હેન લાલજી શાહ**, તમારો લેખ આગામી અંકમાં પ્રગટ થશે, આવાં ને આવાં ધર્મ, નીતિ, વ્યવહારમાં ઉપયોગી સુવાક્યો તમારી મેળે લખી મોકલવાં. લેખની સાથે હવેથી છબી, તથા ઉમ્મર લખી મોકલવી...ભાઇ **હસમુખલાલ વાડીલાલ !** 'ખાડો ખોદે તે પડે' વિષેની તમારી વાર્તા મલી, પણ તે લંબાણ છે, હવેથી સારી સારી ન્હાની બોધક વાર્તા લખી મોકલવી, ઉમ્મર પણ સાથે લખી મોકલવી. લખવા વિષેનો ઉત્સાહ ચાલુ રાખવો. તમારા લેખોને અવશ્ય સ્થાન મળશેજ મહેનત મૂકવી નહિ... **બ્હેન રસિકબાળા શાહ!** 'પ્રભુ પૂજા' વિષેનું તમારૂં લખાણ મલ્યું, સુધારા સાથે અવસરે સ્થાન મળશે. લેખમાં તમારી ઉમ્મર લખતા રહેવું. તમારી સમજપૂર્વક આવું લખાણ લખવાનું ચાલુ રાખવું. લખાણ બહુ સારૂ છે... **વ્હોરા હેમચંદ ન્યાલચંદ !** ધર્મ વિષેનું તમારૂં લખાણ મલ્યું છે, આગામી અંકમાં પ્રસિધ્ધ થશે.

**સવાલો:** (૧) જૈનશાસનમાં નિહ્નવો કેટલા થયા ? (૨) 'શ્રાવક' કોને કહેવાય ? (૩) ૪૫ આગમો કયા કયા ? (૪) વિક્રમાદિત્ય રાજાને જૈનધર્મમાં સ્થિર કરનાર આચાર્ય મહારાજનું નામ શું ? (૫) આ અવસર્પિણી કાલમાં આ ક્ષેત્રમાં છેલ્લા કેવળ-જ્ઞાની કયા ? (૬) ધર્મક્રિયાના ૪ દોષ કયા કયા તે ગણાવો. (૭) આજે યૂરોપના મોટા દેશોમાં કયો પ્રશ્ન મૂઝવણ ભર્યો બન્યો છે ? (૮) કૃપલાણીના નવા પક્ષનું નામ શું અને તેની સ્થાપના હિંદના કયા દેશમાં-શહેરમાં થઇ ? (૯) હિંદમાં કયા પ્રાંતમાં અંધાધૂધીના કારણે રાષ્ટ્રપ્રમુખે વહિવટ હાથમાં લીધો ?

**જવાબો શોધી કાઢો :** (૪) શ્રી સિધ્ધસેન દિવાકરસૂરિજીએ વિક્રમરાજાને જૈનધર્મમાં સ્થિર કર્યા. (૨) શ્રધ્ધા, વિવેક તથા ક્રિયા જેનામાં હોય તે શ્રાવક. અથવા જિનવાણી શ્રવણ, સાતક્ષેત્રમાં સંપત્તિનો વ્યય વપન, તથા પાપને કાપવાં આ કરે તે શ્રાવક. (૫) શ્રી જમ્બૂસ્વામી ચરમ કેવલી થયા. (૧) ભ૦ શ્રી મહાવીરદેવના શાસનમાં. ૭ નિહ્નવો દેશઉત્થાપક અને ૮મા નિહ્નવ સર્વઉત્થાપક થયા. (૩) ૧૧ અંગ ૧૨ ઉપાંગ, ૧૦ પેયન્ના, ૬ છેદ, તથા ૪ મૂલ ૨ ચૂલિકા આ રીતે ૪૫ આગમો થાય. (૬) ૧ દધ ૨ શૂન્ય ૩ અવિધિ અને અતિપ્રવૃત્તિ (૭) ઇરાન દેશે તેલની મીલ્કતનું જે રાષ્ટ્રીયકરણ કરવાનો ઠરાવ કરી, તેનો અમલ કરવાની યોજના કરી, એ પ્રશ્ન મૂંઝવણ ભર્યો બન્યો છે, (૯) પંજાબમાં (૮) કિસાન મજદૂર પ્રજા પ્રક્ષ. બિહાર પ્રાંતના પટણા શહેરમાં તેની સ્થાપના થઇ.

*

**પ્રચલિત અશુદ્ધ શબ્દોની શુદ્ધિ :** મકાનને માટે 'ભુવન' શબ્દ વપરાય છે તે ખોટો છે. 'ભવન' શબ્દ જોઇએ. (૨) 'ગયણીજી' કે' ગરણીજી મહારાજ' નહિ 'ગુરૂણીજી મહારાજ' ૩ 'અપાસરો' નહિ પણ

'ઉપાશ્રય' કે પૌષધશાળા' ૪ અપવાસ નહિ પણ 'ઉપવાસ' ૫ દેરાવાસી નહિ પણ 'મંદિરમાર્ગી' કે મૂર્તિપૂજક.

*

## : શબ્દોની ગમ્મત :

### મીંડાના ફેરફારથી થતો ફેરફાર:

૧. ભજન–ભક્તિનું ગીત; ભંજન–નાશ;

૨. કાજી–મુસ્લિમ ન્યાયાધીશ; કાંજી–રાબ;

૩. દડ–પોચીરેતી; દંડ–શિક્ષા.

૪. વદન–ચહેરો, મુખ; વંદન–નમસ્કાર;

૫. વાઢો–કાપો; વાંઢો–કુંવારો.

૬. ચોકી–રખેવાળને રહેવાનું સ્થાન; ચોંકી–ચમકી.

૭. બધી–સધળી; બંધી–મના.

૮. બધું–સધળું; બંધુ–ભાઈ.

૯. ઢગ–ઢગલો; ઢંગ–રિતભાત;

૧૦. ગાડી–વાહન, ઘોડાગાડી; ગાંડી–જેનું મગજ બેડ મારી ગયું હોય તે.

૧૧. કપાસ–કપાસનો છોડ; કંપાસ–ભૂમિતી દોરવાનું સાધન;

૧૨. બડી–મોટી; બંડી–શરીર પર પહેરવાનું વસ્ત્ર.

૧૩. રગ–નસ; રંગ–લીલો, પીળો, લાલ વગેરે જુદી જુદી જાતના રંગો.

**–શ્રી જયસુખલાલ એ. મોદી.–પાલીતાણા.**
[ઉંમર વર્ષ ૧૩:]

*

### તેમાં તારા આત્માનું શું ?

તું તારા શરીરને સારૂં સારૂં ખવરાવીને હૃષ્ટ પુષ્ટ બનાવીશ, તેમાં તારા આત્માનું શું ?

તું તારા શરીરને સારા–સારા કપડાં પહેરાવીને શણગારીશ, તેમાં તારા આત્માનું શું ?

તું તારા કુટુંબ–કબીલા માટે ઘણી લક્ષ્મી ભેગી કરીશ, તેમાં તારા આત્માનું શું ?

તું સારી–સારી મોટરમાં બેસીને રાજદરબારમાં જઈશ, તેમાં તારા આત્માનું શું ?

તું તારા છોકરાંઓ માટે ઘણું કષ્ટ સહન કરે છે તેમાં તારા આત્માનું શું ?

તું નાટક–સીનેમા દેખીને રાજી થાય તેમાં તારા આત્માનું શું ?

તું રોજ ફરવા જઈને રાજી થાય છે, તેમાં તારા આત્માનું શું ?

તું આ શરીર ઉપરથી રોજ મેલ ઉતારે છે, તેમાં તારા આત્માનું શું ?

તું મોટા મોટા બંગલા બંધાવીને રહે છે, તેમાં તારા આત્માનું શું ?

તુ સંસાર માટે ઘણાં કામો કરે છે, તેમાં તારા આત્માનું શું ?

તને કોરટ–કચેરીમાં બધા લોકો સલામ કરે છે, તેમાં તારા આત્માનું શું ?

તું ભણીને મોટો બૅરીસ્ટર થયો, તેમાં તારા આત્માનું શું ?

તારા આત્માનું ફક્ત એક જ છે, કે:—

જેટલું ધર્મધ્યાન, વ્રત–પચ્ચક્ખાણ, પ્રભુની ભક્તિ, એ બધું કરીશ, તેટલું તારી સાથે કામમાં આવશે. બીજું બધું પાપના પોટલારૂપ બની રહી જશે. માટે ચેત, અને આત્માની ઉન્નતિ થાય તેમ કર!

**શા. સેવંતીલાલ રવચંદ.**
**પીંપળગામ.** [બસવંત]

*

**તમે જાણો છો?** પોરપોઇઝ' નામની માછલી ૪૮ કલાકમાં ૪૦૦ પાઉંડ માંસ આરોગે છે...૨૨મી ડિસેંબર દિવસ ટૂંકો, રાત લાંબી, ૨૨મી માર્ચે દિવસ રાત સરખાં, ૨૨મી જુન દિવસ મોટામાં મોટો, રાત ટૂંકામાં ટૂંકી, ૨૨મી સપ્ટેમ્બર બન્ને સરખાં...'સેડીયમ' નામની ધાતુ પાણીમાં નાંખતાં સળગી ઉઠે છે, ગ્યાસલેટમાં સળગતી નથી કે બળતી નથી...માતાનું દૂધ બાલકને તંદુરસ્તી તેમજ તાકાત આપે છે, એને અન્ય કોઇ પહોંચી શકે નહિ, પણ ગધેડીનું કે હાથિણીનું દૂધ ઠીક ગણાય. ગધેડીના દુધમાં મલાઇ ઓછી રહે છે...ફ્રેંચ ભાષા બોલવામાં ઘણી ઝડપી છે, ૧ મીનીટમાં ૩૫૦ અક્ષરો બોલાય છે. જાપાનીનાં ૩૧૦, જર્મનીમાં ૨૫૦ અંગ્રેજી ૨૨૦

## પાન-સોપારી:

શિક્ષક- અલ્યા રમણુ ! બોલ જોઈએ, કેદી અને કોંગ્રેસી વચ્ચે શો ફેર ? રમણુ- સા...હે...બ...... [ગભરાય છે.] માસ્તર- એમાં ગભરાય છે શું કામ ? જે સાચું હોય તે બોલને ! મનુ- સાહેબ હું કહું, કેદી ગુન્હો કરીને જેલમાં જાય છે, ને કોંગ્રેસી જેલમાં જઈને આવ્યા પછી ગુન્હો કરે છે, છતાં તે પકડાતો નથી. ને એ ગુન્હો કાયદેસરનો કહેવાય છે.

ન્યાયાધીશ- [ચોરને] મારે તમને કાં તો ૧૦૦ રૂ. નો દંડ અથવા ૧૦ દિવસની સજા આપવી પડશે. ચોર- ૧૦૦ રૂપીયા જ આપી દોને સાહેબ !

*

## ભગવાન મહાવીરસ્વામી.

આજથી લગભગ ૨૫૦૦ વર્ષ પૂર્વે આ ભારત ભૂમિમાં એક મહાન પુરૂષનો જન્મ થયો હતો.

અને તે ભગવાન મહાવીરસ્વામી. આ મહાપુરૂષે અહિંસા ધર્મની ડિંડિમ વગાડીને સમસ્ત સંસારને જાગૃત કર્યો. જેમની એક આંગળીને નમાવવા અસંખ્ય દેવો ને દેવેન્દ્રો પણ અસમર્થ હતા. એવું એમનું અનંત બળ હતું

જેમનાં પુણ્યની તો હદ ન હતી એમના પ્રભાવનું તો કહેવું જ શું ? જ્યાં એ વિચરતા હતા તેની ચારે બાજુ ૫૦૦ કોશ સુધી દુકાળ, ભય કે ઉપદ્રવનું તો નામ-નિશાન ન હતું.

......એ જ્યારે મધુરી દેશના આપતા ત્યારે પશુ-પક્ષી વેરઝેરને ભૂલીને અમૃત રસનું પાન કરતા હતા, આ મહાન પુરૂષ ભગવાન મહાવીરના ૧૪૦૦૦ સાધુઓ, ૩૬૦૦૦ સાધ્વીઓ હતી. આ સંખ્યા વ્રતધારીની સમજવી, બાકી માનનારા તો કરોડો હતા. તેમના શિષ્ય ગૌતમસ્વામીને ૫૦૦૦૦ શિષ્યો હતા. ભગવાન મહાવીર (૩૦) વર્ષ સુધી અહિંસા ધર્મનો ઉપદેશ આપી અનેક જણનો સંસારમાંથી ઉદ્ધાર કરી છેલ્લા ૭૨ કલાકનો ઉપદેશ આપી ૭૨ મે વર્ષે નીર્વાણ પામ્યા............

**વંદન હો જગત ઉપકારી તે મહાવીર પ્રભુને !**

**બાબુભાઈ રતીલાલ દોશી** રાધનપુરવાલા
ઉમ્મર વર્ષ: ૧૪; મુંબઈ.

*


**जे० एच० राठोड एन्ड सन्स.**

ज्वेलर्स, **कोल्हापुर.**

**मेन्युफेक्चरर्स अने होलसेल सप्लायर्स**

—: चांदीनी :—

**हाइक्लास प्रेझन्टेशन नोव्हेल्टीझ**

अने

**धार्मिक प्रसंगोमां प्रभावना माटे**

**सुंदर अने सस्ती**

**सोनेरी अने चांदीनी**

**नवकारवाळीओ**

**नानी-मोटी साइझमां तैयार मळवानुं**

**भरोसापात्र मथक.**

**मफत सुचिपत्र**

**मळो अगर लखो उपरना सिरनामे**

**★ જુના અને જાણીતા ★**

**ફોટોગ્રાફર્સ એન્ડ આર્ટીસ્ટસ**

**અમૃતલાલ ટી. દવે એન્ડ સન્સ**

: માલિક :

**ધી મહેન્દ્ર આર્ટ સ્ટુડીઓ**

**ઠે. બાબુ બિલ્ડીંગ : પાલીતાણા.**

હાઈકલાસ ફોટોગ્રાફી તથા પેઈન્ટીંગ માટેનું ૪૧ વરસથી જુનું અને જાણીતું આર્ટ હાઉસ. એકાદ કામ આપી કામની ઉત્તમતા માટે ખાત્રી કરવા ખાસ આગ્રહ કરવામાં આવે છે.

# આજ્ઞાની આરાધના — શ્રી વીરભિક્ખુ.

કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે વીતરાગ સ્તોત્રમાં જણાવ્યું છે કે ' वीतरागसपर्या-यास्तवाज्ञापालनं परम् । आज्ञाराद्धा विराद्धा च शिवाय च भवाय च ॥ હે ભગવંત ! તારી પૂજા કરતાં પણ તારી આજ્ઞાનું પાલન શ્રેષ્ઠ છે. કારણ કે, આજ્ઞાની આરાધના મોક્ષની પ્રાપ્તિ માટે થાય છે, જ્યારે આજ્ઞાની વિરાધના સંસારની વૃદ્ધિ માટે થાય છે. શાસ્ત્રોમાં પણ અનેક સ્થળે ' आणाए धम्मो ' આજ્ઞાની આરાધનામાં જ ધર્મ છે, એમ કહી આજ્ઞાના પાલન ઉપર બહુ ભાર મૂકવામાં આવ્યો છે. ઉપદેશ–પદમાં પણ જણાવવામાં આવ્યું છે કે, ' जो आणं बहुमन्नंति सो तित्थयरं गुरुं च धम्मं च । सो हेति य हियमत्थं एत्थ भिमेण दिट्ठंतो ।२८८। 'જે આત્મા જિનેશ્વરદેવની આજ્ઞાનું બહુમાન કરે છે, તે તીર્થંકર, ગુરૂ તથા ધર્મને યથાર્થ માનનારો છે અને તેજ પોતાના આત્માનું કલ્યાણ સાધે છે. આ સંબંધમાં ભીમકુમારનું દૃષ્ટાન્ત છે.'

આ ઉપરથી જોઇ શકાય છે, કે નિર્મળ આત્મ-સ્વરૂપ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા આત્માએ જિનેશ્વર-દેવની આજ્ઞાનું આરાધન કરવું જોઇએ. આજ્ઞાનું રોજ આરાધન કરતા વીતરાગદેવનો સાચો સેવક બની શકે છે. પોતાનું જીવન પણ આજ્ઞાને સમર્પિત કરવું જોઇએ. આજ્ઞાનો અમલ ઓછાવત્તા પ્રમાણુમાં થાય તેની હરકત નથી પરંતુ આજ્ઞા પ્રત્યે સંપૂર્ણ બહુમાન તો અવશ્યમેવ હોવું જોઇએ, આજ્ઞાની આરાધના જેટલા પ્રમાણુમાં ઓછી થાય તેનું દુઃખ અવશ્ય થવું જોઇએ અને તે આરાધના કરવાની શક્તિ મારામાં ક્યારે આવે તેવી ભાવના તો અવશ્ય હોવી જોઇએ.

વ્યવહારમાં પણ શેઠ અને નોકરના સંબંધમાં પણ જોવામાં આવે છે, કે હુકમનું પાલન કરનાર નોકર ઉપર શેઠની જેટલી પ્રીતિ હોય છે તેટલી કેવળ શેઠની ભક્તિ કે સેવા કરનાર નોકર ઉપર પ્રીતિ હોતી નથી. પોતાના હુકમને સર્વથા અનુસરનાર ઉપર શેઠ પ્રસન્ન થયા વગર રહેતા જ નથી, અને તેવા નોકરનું દુઃખ પણ સર્વથા દૂર થયા વગર રહેતું નથી. રાજ્યનો વફાદાર સેવક પણ તેજ કહેવાય છે કે, 'રાજ્યની આજ્ઞાનું સર્વ રીતે પાલન કરનાર હોય છે.

સેવા કરવી સહેલી છે પરંતુ આજ્ઞાનું પાલન ઘણું જ દુષ્કર છે. આજ્ઞાનું પાલન તેજ કરી શકે છે કે, જેને આજ્ઞા કરનાર પ્રત્યે બહુમાન હોય, વિશ્વાસ હોય, સાથે સાથે એટલું પણ ધ્યાનમાં રાખવું જોઇએ કે, જેને આપ્તપુરૂષ માનવામાં આવે છે, તે રાગ-દ્વેષથી સર્વથા રહિત હોવાથી કદી પણ અઘટિત આજ્ઞા કરનાર હોતા જ નથી. ભિન્નભિન્ન ભૂમિકા ઉપર રહેલી વ્યક્તિઓને માટે ભિન્નભિન્ન પ્રકારની આજ્ઞાઓ ફર-માવે છે એટલે એક સરખી આજ્ઞા બધાને માટે કર-નારા હોતા નથી. આવી સંપૂર્ણ શ્રદ્ધા જ્યારે થાય ત્યારે જ આજ્ઞા કરનાર અને આજ્ઞા પ્રત્યે બહુમાન થયા વગર રહેજ નહિ. જ્યારે આ બન્ને ઉપર શ્રદ્ધા-પૂર્વક બહુમાન થશે ત્યારે આજ્ઞાના પાલનમાં યથા-શકિત પ્રયત્ન થયા વગર રહેશે નહિ. શરૂઆતમાં ભલે શકિતના અભાવે બહુમાનપૂર્વક આજ્ઞાનું થોડું થોડું પાલન થશે, તો પણ ભવિષ્યમાં સંપૂર્ણ આજ્ઞાના પાલનની શકિત આવ્યા વિના રહેશે નહિ. જ્યારે સંપૂર્ણ આજ્ઞાનું પાલન થશે, ત્યારે અવશ્યમેવ આત્મા નિર્મલ બની સંપૂર્ણ સુખનો ભોક્તા બનશે.

માટે કલ્યાણના અર્થી આત્માઓએ જરૂર આજ્ઞા કરનાર તથા આજ્ઞા ઉપરના બહુમાનપૂર્વક આજ્ઞાના પાલન માટે યથાશક્ય પ્રયત્ન કરવો જોઇએ. થોડીથોડી પણ બહુમાનપૂર્વકની આજ્ઞાના પાલનમાં કેટલો બધો લાભ સમાયેલો છે તે બતાવવા માટે ઉપર જણાવેલા ઉપદેશ પદના શ્લોકમાં બતાવેલ ભીમકુમારનું દૃષ્ટાન્ત નીચે મુજબ આપવામાં આવે છે.

૨

**તગરા** નામે એક નગરી છે. ત્યાં જિનેશ્વરદેવના ધર્મથી વાસિત રતિસાર નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને ભીમકુમાર નામે પુત્ર હતો. ભવાભિનંદી આત્માઓ જેમ પોતાના સંતાનોની કેવલ પૌદ્ગલિક સુખની ચિંતા કરનારા હોય છે. તેમ આ રાજા પોતાના સંતાનની કેવળ પૌદ્ગલિક ચિંતા કરનાર જ હતો પરંતુ સાથે સાથે સંતાનના પરલોકની ચિંતા

કરનાર હતો. મારા સંબંધમાં આવેલો આત્મા કેવલ વિષય સુખમાં મગ્ન બની ધર્મથી વંચિત રહી દુર્ગતિમાં ન જાય તેની ખાસ કાળજી રાખનારો હતો. શાસ્ત્રકારોએ પણ વડીલોને પોતાના આશ્રિત પ્રત્યેની જવાબદારી અદા કરવા માટે ખાસ ભાર મૂકીને જણાવેલ છે; પરંતુ આજે તે જવાબદારીનું ભાન લગભગ ભૂલાઈ ગયું છે. જે વડીલો પોતાના આત્મા પ્રત્યે બેદરકાર બનીને કેવલ વિષયભોગના સાધનોને મેળવવા તથા વિષયો ભોગવવામાં મશગુલ બન્યા છે, તે પોતાના આશ્રિતના આત્મા પ્રત્યે કયાંથી સાવધ બનીને તે આત્માને ધર્મમાં જોડવા માટે પ્રયત્નશીલ બને. ચારે ગતિઓમાં એકજ એવી ઉત્તમ ગતિ છે કે, જે દેવ-ગુરૂ અને ધર્મની સામગ્રીવાળી મનુષ્યગતિને પામીને દરેક આત્માએ પોતાના અને પોતાના આશ્રિતના કલ્યાણ માટે પ્રયત્ન કરવો એજ પરમ કર્તવ્ય છે.

રતિસાર રાજા પોતાના સંતાનના આત્મહિત માટે ભીમકુમારને યોગ્યવયે સાધુ પાસે લઇ જવા લાગ્યા. સાધુના સમાગમમાં આવવાથી તથા ધર્મશ્રવણ કરવાથી કુમારમાં ધર્મભાવના પ્રગટ થવા લાગી. પોતાના ઉપકારીઓનું ભાન થયું, પિતા પણ ઉપકારી હોવાથી ધર્મને બાધ ન આવે તેવી રીતે તેમને પ્રિય લાગે તેમ કરવું જોઇયે. એવા જ્ઞાનિઓના વચનને અનુસરીને તે મુજબ વર્તવાના અભિગ્રહપૂર્વક દેશવિરતિ ધર્મનો ભીમકુમારે સ્વીકાર કર્યો. ધર્મોની આરાધના કરવાપૂર્વક કુમાર પોતાનો સમય પસાર કરવા લાગ્યો.

હવે તે નગરીમાં સાગરદત્ત નામનો એક ધનાઢય શેઠ વસતો હતો. તેને ચંદ્રલેખા નામની ગુણવાન અને અત્યંત રૂપવતી પુત્રી હતી. એક દિવસ આ કન્યા રતિસાર રાજાના દેખવામાં આવી. દેખતાંની સાથે રાજામાં મોહોદય પ્રગટ થયો. અત્યંત કામાતુર અવસ્થા થઇ. પરંતુ લજ્જાના યોગે કોઇને પણ નહિ કહી શકવાથી અને પોતાના ભોગની ઇચ્છા પણ કોઇરીતે પુરી નહિ થવાથી દિનપ્રતિદિન રાજાના શરીરમાં ક્ષીણતા આવવા લાગી, તે ક્ષીણતા મંત્રીના જોવામાં આવવાથી મંત્રીએ રાજાને ક્ષીણતાનું કારણ પૂછ્યું. મંત્રી વિશ્વાસનીય હોવાથી રાજાએ સઘળી હકીકત જણાવી. મંત્રીએ શેઠ પાસે રાજા માટે કન્યાની માગણી કરી. શેઠે રાજાને રાજ્યયોગ્ય પુત્ર હોવાથી મારી પુત્રીના પુત્રને રાજ્ય ન મળે એ કારણથી કન્યા આપવા ના પાડી. મંત્રીએ આવી રાજાને સઘળી હકીકત જણાવી. પોતાની ઇચ્છા કોઇ રીતે પૂર્ણ થાય તેમ નથી એમ જાણવાથી રાજાના શરીરની ક્ષીણતા પણ દિનપ્રતિદિન વધવા લાગી.

આ બાજુ ભીમકુમારને આ સઘળી હકીકતની ખબર પડી. તેણે વિચાર્યું કે, 'મારા યોગે મારા પિતાને આટલું દુઃખ વેઠવું પડે, તેમના સુખમાં હું વિઘ્નરૂપ થાઉં અને તેમની સુખની ઇચ્છા પૂર્ણ થાય નહિ એ મારા માટે ઉચિત નથી.' મારે સંસારના સર્વ સુખનો ત્યાગ કરીને પણ પિતા જે મારા પરમ ઉપકારી છે તેમને સુખી કરવા જોઇએ. તેમને સુખી કરવામાં મારે ધર્મનો કંઇ ભોગ આપવો પડતો નથી મારો અભિગ્રહ પણ ધર્મમાં બાધ ન આવે તે રીતે પિતાને પ્રિય લાગે તેમ કરવાનો હોવાથી મારે કોઇપણ રીતે તે કન્યાની પ્રાપ્તિ કરાવવી જોઇએ.' આવો નિશ્ચય કરી ભીમકુમારે સાગરદત્તની પાસે પોતાના જીંદગી પર્યંતના અખંડ બ્રહ્મચર્યના પાલનની પ્રતિજ્ઞાના તથા ચંદ્રલેખાના પુત્રને રાજ્ય અપાવવાની સઘળી જવાબદારીની જાહેરાત કરી પોતાના પિતાને ચંદ્રલેખાને અપાવવાનું નક્કી કરાવ્યું. બન્નેનો વિવાહ થયો. ચંદ્રલેખાને પુત્ર થયો, તે જ્યારે રાજ્યને યોગ્ય થયો ત્યારે ભીમકુમારે તેનો રાજ્યાભિષેક કરાવી રાજ્ય સોંપ્યું. ભીમકુમારે પોતે લીધેલી ધર્મ પ્રતિજ્ઞાના પાલન માટે કેવળ પિતાના સુખની ખાતર પોતાને મળેલ રાજ્યાદિ ભોગની સામગ્રીનો પણ ત્યાગ કરી નિષ્કલંક બ્રહ્મચર્ય પાલનરૂપ ભગવાનની આજ્ઞાનું પાલન કરવા માંડયું.

એક વખત ઇન્દ્ર મહારાજાએ પોતાની સભામાં ભીમકુમારના જિનેશ્વરની આજ્ઞાના અંશરૂપ અખંડ બ્રહ્મચર્યના પાલનની પ્રશંસા કરતાં જણાવ્યું કે, 'ભીમકુમારને દેવ અગર દાનવ કોઇ પણ તેના વ્રતપાલનમાંથી ચલાયમાન કરી શકે તેમ નથી' આ સાંભળી કોઇ દેવને ઇન્દ્રના વચનમાં શંકા થઇ કે, 'એક પામર મનુષ્ય વિષયના ઉત્કટ સંયોગો આગળ કદી પણ વ્રતમાં સ્થિર રહી શકે નહિ. હું હમણાં જ જઇને

ચલાયમાન કરી દઉં.' આમ નિશ્ચય કરી, ઉત્કૃષ્ટ રૂપ-વાળી વેશ્યાનું રૂપ કરી ભીમકુમાર પાસે આવ્યો. અનેક હાવભાવ-શૃંગાર-નાટક વિગેરે કરી ચલાયમાન કરવા માટે પ્રયત્નશીલ થવા છતાં ભીમકુમાર અડગ રહ્યા. છેવટે ગણિકારૂપ દેવે કહ્યું કે, જો મારો સ્વીકાર નહિ કરો તો હું આપઘાત કરીશ. તેનું પાપ તમને લાગશે.' તેના ઉત્તરમાં ભીમકુમારે વિષયોની ભયંકરતા તથા તેનાથી થતી દુર્ગતિ વગેરે સમજાવી અને છેવટે કહ્યું કે, ધર્મનું પાલન કરતાં કદાચ સામો આત્મા મોહને વશ થઇ ગમે તેટલાં પાપો કરે, અનર્થ કરે તેનો કર્મબંધ ધર્મનું પાલન કરનાર આત્માને રહેજ પણ લાગતો નથી, એ સંબંધમાં કહ્યું પણ છે કે—

अणुमेत्तो वि न कस्स वि, बन्धो परवत्थुपच्चओ भणिओ । तहवि य जयंति जइणो परिणाम विसुद्धिमिच्छंता ॥१॥

'કેવલ વ્રતના પાલનમાં સામાના દુરાચરણનો કર્મબંધ નથી એટલું જ નહિ પરંતુ વ્રતના અખંડ પાલનમાં જિનેશ્વરદેવની આજ્ઞાનું બહુમાન છે, અને આજ્ઞાનું પાલન એજ પરમધર્મ છે. આજ્ઞાનું પાલન કરતાં કદાચ મૃત્યુ થાય તો પણ એકાંતે કલ્યાણ છે. આજ્ઞાના ભંગમાં તો કેવળ દુર્ગતિ જ રહેલી છે. માટે જિનેશ્વરદેવની આજ્ઞાના પાલનમાં હું કદી પણ પ્રમાદ સેવું તેમ નથી.' આ પ્રમાણે ભીમકુમારની વ્રતના પાલનરૂપ જિનેશ્વરદેવની આજ્ઞાના પાલનમાં નિશ્ચલતા જોઈ દેવ પ્રસન્ન થઇ પ્રત્યક્ષ થયો. વારંવાર ધર્મની દૃઢતાની પ્રશંસા કરી પોતાને સ્થાને ચાલ્યો ગયો.

ભીમકુમારને પણ પોતાના વ્રતના અખંડ પાલનમાં જિનેશ્વરદેવની આજ્ઞાના પાલનથી ઘણો હર્ષ થાય છે. ત્યારપછી ઉત્તરોત્તર ધર્મની આરાધના કરી સમાધિપૂર્વક કાલધર્મ પામી, ભીમકુમાર સ્વર્ગમાં ગયા. ત્યાંથી વચમાં મનુષ્યભવ પામી, ધર્મની આરાધનાપૂર્વક સકલ કર્મનો ક્ષય કરી અવિચલ સુખને પ્રાપ્ત કરશે.

આ ભીમકુમારના દૃષ્ટાંત ઉપરથી જોઇ શકાય છે કે, 'જે આત્મામાં ભગવંતની આજ્ઞા પ્રત્યે બહુમાન હોય છે અને જેણે આજ્ઞાના પાલનમાં જ સર્વસ્વ માનેલું છે તે આત્મા ગમે તેવા કપરા સંયોગોમાં પણ લીધેલ વ્રત-નિયમોનું કેવી રીતે અખંડિત પાલન કરી ઉત્તરોત્તર પરમપદને પ્રાપ્ત કરી શકે છે માટે આપણે પણ જો અવ્યાબાધ સુખ જોઇતું હોય તો, તેનો એક અનુપમ ઉપાય આજ્ઞા પ્રત્યેનો બહુમાનપૂર્વક અંશે અંશે પણ યથાશક્ય આજ્ઞાના પાલનમાં રહેલો છે. માટે કલ્યાણના કામી આત્માઓએ પ્રથમ જિનેશ્વરદેવની આજ્ઞા પ્રત્યે બહુમાન કેળવવું જોઇયે, ત્યારપછી આજ્ઞાના યથાશક્ય પાલન માટે પ્રયત્ન કરવો જોઇએ. જે જે કરતાં કરતાં ઉત્તરોત્તર સંપૂર્ણ આજ્ઞાના પાલનની શકિત આત્મામાં પ્રગટ થશે, તે પ્રગટ થયા પછી સંપૂર્ણ આરાધનાના યોગે શાશ્વત સુખની પ્રાપ્તિ થશે.

*

જૈન પાઠશાળા ઉપયોગી

## નિત્યનોંધ

પાઠશાળા તથા કન્યાશાળામાં ભણતા વિદ્યાર્થી, વિદ્યાર્થીનીઓને હંમેશનો પૂરવાનો કાર્યક્રમ છે, એક બુક પાંચ મહીના ચાલે છે.

૧૦૦ ના રૂા. ૧૨-૦-૦.

સોમચંદ ડી. શાહ... ...પાલીતાણા.

જિનમંદિરો માટે ઉપયોગી

રથ, હાથી, ઈન્દ્રધ્વજા, ગાડી, પાલખી, ભંડાર અને પેટી વગેરે તેમજ શાસ્ત્રોક્ત પધ્ધતિ મુજબનું સિંહાસન, લાકડાનું કોતરકામ તથા સોના-ચાંદીથી રસી આપવામાં આવે છે. આપને મનપસંદ કામ થશે, એક વખત કામ આપી ખાત્રી કરો.

લખો:—

શ્રીજલાલ રામનાથ મીસ્ત્રી
પાલીતાણા [સૌરાષ્ટ્ર]

લક્ષ્મીનો સાચો ઉપયોગ દાન છે. ભોગ કે નાશ એ સંપત્તિનું સારૂં કે નરસું પરિણામ છે, એમ કહેવા કરતાં એક પુણ્યાધીન સંપત્તિનો વિવેકહીન દુરૂપયોગ છે, જ્યારે લક્ષ્મીનો નાશ એ તો ખરેખર તેના માલીક ગણાતા આત્માની નિર્બળતાને પડકારવા દ્વારા તેના પુરૂષત્ત્વની છડેચોક અવહીલના છે. સંપત્તિ સ્વયમેવ પુણ્ય ખૂટતાં ચાલી જાય કે આયુષ પૂર્ણ થતાં તેને મૂકીને તેનો ભોકતા ચાલ્યો જાય–આ બન્ને રીતે લક્ષ્મીનો નાશ કહેવાય છે. ખરી રીતે આવો નાશ એ કાંઇ પુણ્યના સ્વામીનું ગૌરવ, સ્વમાન કે પ્રતિષ્ઠા આપનારૂં પરિણામ નથી, પણ લક્ષ્મીના ભોકતાની એ તો એક વિટંબના છે. ભોગ કે નાશ; એ લક્ષ્મીનું વાસ્તવિક દૃષ્ટિએ સાચું ફળ નથી, પણ ત્યાગ એજ લક્ષ્મીનું સ્વ–પર ઉપકારક ફલ છે. આને અંગે મતિસાગર મંત્રીના પુત્ર સુમતિનો પ્રસંગ આવે છે. વિવેકી આત્માની સુંદર કોટીની વિચારણાનો પડઘો આમાંથી આપણને જરૂર મળી રહે છે.

સુમતિ વિવેકી છે. પૂર્વની આરાધનાના યોગે બાલ્યકાલથી જ સારા–સારનો વિવેક કરવાની તેનામાં શકિત છે. દાસીપુત્ર હોવાથી મંત્રી એને ભણાવવા માટે ભોંયરામાં રાખે છે. વેદ આદિનું અધ્યયન–અધ્યાપન મંત્રીના ઘરમાં આમ ચાલુ છે. અન્ય બ્રાહ્મણ પુત્રો વિદ્યાર્થી તરીકે મંત્રીની પાસે અધ્યયન કરી રહયા છે. સુમતિ ભોંયરામાં રહી, આ બધું સાંભળે છે. પાઠ વેળાયે શંકાપડે તો તે વિષે સૂચના કરવા મંત્રીએ સુમતિને એક દોરી આપી રાખી છે. દોરીનો એક છેડો સુમતિના હાથમાં રહે, અને મંત્રીના આસનપર બીજો છેડો રહે, મંત્રી જે કાંઇ ભણાવી રહ્યા છે, તેમાં શંકા પડે એટલે સુમતિ દોરીને હલાવીને મંત્રીને સંજ્ઞા કરે. મંત્રી પાઠની વેળાયે અવસર પામી તેનો ખૂલાસો કરી, શંકાનું નિવારણ કરે. એક અવસરે પાઠમાં એક શ્લોક આવ્યો;–

दानं भोगो नाशस्तिस्त्रो गतयो भवन्ति
वित्तस्य । यो न ददाति न भुङ्क्ते
तस्य तृतीया गतिर्भवेत् ॥

'દાન, ભોગ તથા નાશ–આ ત્રણ લક્ષ્મીનાં પરિણામ છે. જે આપતો નથી, ભોગવતો નથી, તેનું ત્રીજું પરિણામ નાશ છે.'

મંત્રી મતિસાગર આ રીતે શ્લોકનો અર્થ સમજાવી રહયા છે, પણ વિવેકશીલ સુમતિને આ અર્થ યથાર્થ જણાતો નથી, શંકા રહે છે, તેના નિવારણને માટે વારંવાર તે દોરીને હલાવે છે. મંત્રી એક વખત, બે વખત એ શ્લોકનો અર્થ સ્પષ્ટ કરે છે, પણ સુમતિના મનનું સમાધાન થતું નથી. મંત્રીને રોષ આવે છે. આવા સીધા–સાદા અર્થમાં સુમતિ જેવા બુધ્ધિમાનની બુધ્ધિ અટવાતી જોઇ, મંત્રીની ધીરજ ખૂટી, એણે પાઠ બંધ કરી, અન્ય વિદ્યાર્થીઓને રજા આપી. સુમતિને ઉપર બોલાવી મતિસાગર મંત્રીએ પૂછયું; 'કેમ આવા સીધા અને સાદા શ્લોકમાં આજે તારી બુદ્ધિ બહેર મારી ગઈ? તને શું નથી સમજાતું, તે તો કહે?' સુમતિએ ધીરજથી નમ્રતાપૂર્વક કહ્યું: 'પિતાજી લક્ષ્મીનાં આપ જે ત્રણ ફલ વર્ણવો છો તે સ્હમજી શકાતું નથી. કારણ

आयासशत लब्धस्य, प्राणेभ्योऽपिगरियसः
गतिरेकैव वित्तस्य दानमन्या विपत्तयः ॥

'સેંકડો પ્રયત્નોથી પુણ્યના યોગે પ્રાપ્ત થતું અને પ્રાણથી પણ મહત્ત્વનું જે ધન,

**ભાઈ..............** તમારો પત્ર મળ્યો; જૈનશાસનમાં સર્વમાન્ય પ્રતીક તરીકે ધર્મચક્ર ગણાય છે, જે જૈન દેરાસરોમાં પરિકર સાથે, પ્રભુજીની બેઠકની નીચે ઘણી જગ્યાએ હોય છે. આ ધર્મચક્રની રચના, બે બાજુ હરણ-હરિણી તથા વચ્ચે ચક્ર; એ રીતે સુવિહિત છે. તમે જે નવો 'મૉનોગ્રામ' બનાવીને મોકલ્યો છે; તેની યોજના એકંદરે ઠીક છે; એની યોજના પાછળનો આશય પણ ઉમદા છે. એ આશયને અનુરૂપ જે પ્રતીક-સૂચકચિહ્ન તૈયાર થયેલ છે, તેને અંગે સર્વ પ્રથમ; પૂ. આચાર્ય મહારાજાઓના વિચારો જાણી લેવા જરૂરી છે; તો જ આ 'મૉનોગ્રામ' સર્વદેશીય બની શકે. આજે જગતમાં જૈનધર્મના સિદ્ધાન્તોના પ્રચારની અતિશય આવશ્યકતા છે અને તે માટે જેમ-બને તેમ આપણે સહુ કોઇએ સક્રિય પ્રયત્નો કરવાની વિશેષ જરૂર છે. જગતની ચોમેર જે અશાંતિનો દવ ભડકે બળી રહ્યો છે, તેમાંથી દુનિયાને શાંતિનું અમી સીંચનાર જૈનધર્મનું તત્ત્વજ્ઞાન છે, એમાં બે મત નથી જ; માટે જ જૈનધર્મનું સાહિત્ય, તેનાં પ્રતીકો ઇત્યાદિ જગતની સમક્ષ જેમ-જેમ મૂકાતું જશે, તેમ તેમ લોકમાનસ જૈનધર્મ તરફ ખીંચાતું થશે એ નિર્વિવાદ છે.

તમે તૈયાર કરેલ મૉનોગ્રામમાં શ્રી નવપદજીની જે સ્થાપના કરી છે, તે બહુ જ સુસંગત છે, પણ એ નવપદજીના ગોળ સીંબોલ ઉપર 'અહિંસા પરમો ધર્મઃ' નો મુદ્રાલેખ મૂકાયો છે. એના કરતાં જૈનધર્મનો ખાસ મુદ્રાલેખ 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગઃ' અથવા 'જ્ઞાન-ક્રિયાભ્યાં મોક્ષઃ'-આ મૂકાય તો તે વધુ સંગત કહી શકાય. તદુપરાંત, સીંબોલની બે બાજુયે જે વૃષભ તથા સિંહ મૂકેલ છે, તેના કરતાં બે બાજુ બે હાથી, અથવા બે હરણ-હરિણી વધુ સુંદર લાગત: સિંહની આકૃતિમાં સ્વાભાવિક રીતે ક્રૂરતાનો ભાવ ધ્વનિત થાય છે. વૃષભની જોડ પણ ઠીક દેખાય, ઉપર સ્વસ્તિકની રચના બરાબર છે, પણ એની ઉપર સિંહના સ્થાને સિદ્ધશિલા શોભનિક લાગે; આ તો બધી કેવળ વિચારણા છે. જ્યારે જૈનધર્મ-જૈનશાસનનું સર્વમાન્ય પ્રતીક-'મૉનોગ્રામ' નિશ્ચિત કરવું હોય ત્યારે તો સર્વદેશીય વિચારણા કરવી ઘટે છે, અને તેમાં પણ શાસન તથા સિદ્ધાંતોના જ્ઞાતા સમર્થ ધર્માચાર્યોની સલાહ, સૂચના કે તેઓનાં માર્ગદર્શનની પણ આવશ્યકતા રહે છે.

*

**ભાઈ..............** જનસમાજના મધ્યમવર્ગની કથળતી જતી સ્થિતિ વિષેનો તમારો પત્ર મળ્યો; દરેક સમાજના મધ્યમવર્ગ માટે આજનો કાલ બેશક કપરો છે. એમાં બે મત નથી જ. તેમાં જૈનસમાજ, મૂળથી વ્યાપારપ્રધાનવર્ગ ગણાય છે. પરાપૂર્વથી સંતોષમય જીવન વ્યતીત કરનાર પાપભીરૂ ગણાતો આપણો જૈનસમાજ વર્તમાન રાજ્યતંત્રની અણઘડ વ્યવસ્થાના કારણે દરેક રીતે તંગ પરિસ્થિતિમાં મૂકાઇ ગયો છે. આજથી લગભગ ૪૦-૫૦ વર્ષ પૂર્વે ન્હાનામાં ન્હાના ગામડામાં ૨૫-૩૦ માણસોના કુટુંબનો સંયુક્તપણે શાંતિપૂર્વક જે રીતે વ્યવહાર ચાલતો હતો, એ સ્થિતિ આજે કાલ બળે લગભગ ભૂંસાઈ ગઇ છે. હિંદદેશ પર પરદેશી સંસ્કૃતિનો જેમ જેમ પગ-પેસારો થતો ગયો તેમ તેમ પરદેશી શિક્ષણ, પરદેશી આબોહવા તથા પાશ્ચાત્ય રહેણી-કહેણીનો ખોટો મોહ વગેરે; ધીમે ધીમે; ભણેલા ગણાતાઓના નિર્બળ માનસ પર વધુ ને વધુ અસર કરનારા બન્યા. પરિણામે પૂર્વકાલનું નિસર્ગ સુંદર ગ્રામ્યજીવન, પ્રેમમધુર કુટુંબજીવન તથા સૌહાર્દપૂર્ણ સમાજ વ્યવસ્થા સિદાતી ગઇ.

વ ણિજ્યવૃત્તિના વ્યવસાયને કરનારા વ્યાપારી વર્ગ તરફ પ્રજાનો જે ચાહ હતો, તથા પ્રજા-ગ્રાહકવર્ગ

---

તેનું દાન એજ એક ફલ છે. બાકી અન્ય તો કેવળ વિપત્તિ છે'

મતિસાગર મંત્રી સ્વયં પ્રજ્ઞાશીલ છે, શાણો તેમજ વસ્તુના મર્મને સ્હેજમાં પામી શકે તેવો છે, તેથી તે સુમતિનાં કથનને સાંભળી પરિસ્થિતિને પામી ગયો, અને પુત્રના વિવેકીપણાની તેને કદર થાય છે. ખરેખર સઘળા દોષોને ઢાંકનાર, વિવેક એ નવનિધિ કરતાંયે સર્વસંપત્તિનું આદિકારણ અલૌકિક દશમો નિધિ છે.

પ્રત્યે જે પ્રેમ-લાગણી વ્યાપારી વર્ગને હતી; તેમાં આ ભણેલા વર્ગે વિક્ષેપ ઉભો કર્યો; બન્ને પક્ષની નબળી કાળી બાજુને આગળ કરી, બન્નેના મીઠા સંબંધોમાં ઘા કર્યો, જતે દિવસે વ્યાપાર પડી ભાગ્યો, કેળવણીના મોહે નવી પ્રજાને પરદેશી વાતાવરણમાં જ રસ લેતા કર્યા;-આ બધાયના અંતિમ ફલરૂપે દેશનો-તેમાંયે જૈનસમાજનો મધ્યમવર્ગ ચોમેરથી આજે ગળે આવી ગયો છે; તેની પરિસ્થિતિ વિષમ બનતી જાય છે. ઘરમાં કમાનાર એક, જ્યારે ખાનાર, પહેરનાર, ઓઢનાર તથા દરેક બાબતોમાં ખર્ચનાર અનેક; આવકનું દ્વાર એક; અને જાવકનાં દ્વાર અનેક; સાત સાંધતાં તેર તૂટી રહ્યા છે. નાક, નોખ, મોભો તેમ જ આ બધા કરતાં વર્તમાન કેળવણીનો આંધળો મોહ-આ બધાની ખાતર ઘરમાં હજારોના ખર્ચાઓ નિરંતર ચાલુ જ હોય; વ્યાપારમાં કાંઇ કસ નહિ, સરકારી તંત્રની વધતી જતી દરરોજની અનેક પ્રકારની ડખલો; નવાં ને નવા રોજ-બરોજ બ્હાર પડતા કાયદાઓ-ઈત્યાદિ કારણોથી જૈન સમાજના મધ્યમ વર્ગની મુશ્કેલીઓ પારાવાર વધતી જ જાય છે.

આ સ્થિતિમાં આજે આ વર્ગને સાચા માર્ગદર્શનની ઘણી જ જરૂર છે, તો જ આજના તંગ વાતાવરણથી અકળાયેલા આ સમાજને કાંઇક અંશે રાહત તથા આશ્વાસન મળે. સમાજ તથા ધર્મના સંસ્કારશીલ મહાનુભાવ આગેવાનોએ આ બધી પરિસ્થિતિને ખૂબ જ નિર્મળ દૃષ્ટિથી વિચારવી ઘટે છે. તો તેઓ દ્વારા સમાજને ઘટિત માર્ગદર્શન જરૂર મળી રહે, એ નિઃશંક છે. મધ્યમ વર્ગની રાહતના નામે કેવળ ફંડ-ફાળા ઉઘરાવવાથી કે લાખ-બે લાખ ભેગા કરવાથી આજની તંગસ્થિતિમાં કોઇ ખાસ સંગીન સુધારો થવાની કોઇ આશા રાખતું હોય તો એ આશા ઠગારી નિવડવાનો પૂરો સંભવ છે. જ્યાં સુધી આજની પરિસ્થિતિમાં મૂળનો સુધારો ન થાય, ત્યાં સુધી આવા બધા પ્રયત્નો એ અંદરથી સડેલા શરીરને બહારથી મલમપટ્ટા મારવા જેવા જ બનવાના.

સહુથી પહેલી વાત તો એ કે, વર્તમાનમાં કોંગ્રેસ સરકારનું રાજતંત્ર, બ્રીટીશ વહીવટકર્તાઓની છૂપી પોલીસીનો હાથો બનીને જે રીતે ચાલી રહ્યું છે, તેમાં મૂળથી જ ધરખમ સુધારો થવો જોઇએ. આજે દેશનું અર્થતંત્ર જે રીતે યંત્રવાદ પર ઉભું છે, એ પ્રણાલિમાં પણ ફેરફાર થવાની જરૂર છે. પરદેશી કેળવણીને 'અથ થી ઇતિ' સુધી જે મહત્ત્વ અપાઇ રહ્યું છે; તે વસ્તુ હવે ન રહેવી જોઇએ. તેમજ દેશ બહારથી એક પણ વસ્તુ કે જે જીવનનિર્વાહ માટે કાંઇ જ ઉપયોગી ન હોય તેવી મોજ-શોખની જણસો અહિં હિંદમાં આયાત ન થવી જોઇએ. તદુપરાંત; હિંદમાં નીપજતી કોઇપણ જીવનનિર્વાહને ઉપયોગી ન્હાનામાં ન્હાની વસ્તુ પરદેશમાં ન જ જવી જોઇએ. દેશમાં નાણા-વ્યવહારને જ આજે જે પ્રધાનતા અપાઇ રહી છે, તેના કરતાં જીવનનિર્વાહને ઉપયોગી વસ્તુદ્વારા વિનિમય થાય એ પણ ઉપયોગી છે.

આ બધી; બહારની સુધારણા કેટલેક અંશે મધ્યમ વર્ગને રાહતમાં ઉપયોગી બનવાની શક્યતાથી સૂચવી છે. સત્તા પર રહેલી સરકારદ્વારા દેશસમગ્રમાં જ્યારે વર્તમાન પરિસ્થિતિનું પરિવર્તન થશે તો જ મધ્યમ વર્ગને થોડી ઘણી રાહત જરૂર મલી રહેશે. ખરી વાત એ છે કે, આજે જૈન સમાજના મ્હોટા ભાગની તંગસ્થિતિમાં વિશેષ જવાબદાર જો કોઇ હોય તો રાજકીય તંત્રનો ઉંધો વહીવટ છે. આપણા જૈનભાઇઓના હાથમાં જે ધીરધાર, કાપડ અને અનાજનો મુખ્ય વ્યાપાર હતો, એને પ્રજાહિતના બ્હાને વર્તમાન સરકારે ઝુંટવી લીધો. વ્યાપારી વર્ગનું લેણું ખોટું ઠરાવ્યું, દેવું તો આબરૂદારવર્ગ હોવાથી માથા પર જ રહ્યું. કન્ટ્રોલની બેધારી તલવારે જૈન સમાજના મધ્યમ વર્ગને ચોમેરથી ટુંપો દીધો. ફક્ત આજના તંત્રથી આબાદ જો કાંઇ દેખાતું હોય તો અમલદારવર્ગ; તથા લાગવગના જોરે આગળ આવનારા આગેવાનો-આ સિવાય પ્રજાનો તેમ જ સમાજનો મ્હોટો વર્ગ તો રહેંસાઇ રહ્યો છે; એટલે આ બધી વિચિત્ર પરિસ્થિતિમાં આવશ્યકીય સુધારો જ્યાં સુધી નહિ થાય ત્યાંસુધી મધ્યમ વર્ગની મૂંઝવણ બહારની દૃષ્ટિયે પાર વિનાની વધ્યા જ કરવાની, તેમ જ મધ્યમ વર્ગની સંખ્યા પણ વધતી જ રહેશે.

સાથે સાથે જૈનસમાજના આપણા મધ્યમવર્ગીભાઇઓએ વર્તમાનકાલમાં ખૂબજ વિવેકપૂર્વક રહેવું જોઇએ. ખોટા ખર્ચાઓ ઓછા કરવા, ઘરમાં રહેણી-

કહેણીમાં સાદાઇ જળવાય તેવો આગ્રહ રાખવો, ખાવા-પીવામાં કરકસર કરવી, પહેરવા-ઓઢવામાં પણ સંયમી બનવું. ખોટા મોભાને બાજુયે રાખી, કેટલીક પ્રવૃત્તિઓ જાતે કરવી-કરાવવી, જીવનમાં સ્વાશ્રયી બનવા પૂરતી કાળજી રાખવી. આ બધા ઉપરાંત; મનને ખૂબ જ વિચારશીલ બનાવવું. લાગણીવશ ન બની જવું, કર્મની વિષમતાના યોગે સંસારના પ્રત્યેક વ્યવહારમાં અનેક પ્રકારની પ્રતિકૂળતાઓ આવે અને આવવાની; તે સઘળી પરિસ્થિતિને દૃઢતાપૂર્વક સહન કરવા આત્માને જાગ્રત કરવો. કુટુંબમાં, ઘરમાં દરેકને એવા જ વાતાવરણમાં કેળવવાં, જેથી દુઃખોને, મૂંઝવણોને, પ્રસન્નહૃદયે સસ્મિત સહવાને નાનું બચ્ચું પણ તૈયાર જ હોય! સંસારમાં અનેક પ્રકારની વિષમતાઓ તો જીવનભર રહેવાની જ: સમાધિભાવે સ્વસ્થતાપૂર્વક ધૈર્યશીલ બની, એ બધાને સહયે જ છૂટકો, આત્મશ્રદ્ધા એ ખૂબ જ મહત્ત્વની વસ્તુ છે, દુઃખને સુખમાં પલટાવી દેનારી જડીબુટ્ટી તે આત્માની માનસિક તાકાત છે. દુઃખો, મુશીબતો કે આપત્તિઓના ડુંગરોને પાર કરવાની અપૂર્વ આત્મશ્રદ્ધા જો પ્રત્યેક જૈન કુંટુંબોમાં જાગતી થઇ જાય તો આજની તંગદિલીમાં અહદંશે અવશ્ય પરિવર્તન આવે, ને સમાધિપૂર્વક સ્વસ્થતાથી જીવન જીવતાં શીખી લેવાય.


# નવાં પ્રકાશનો

**હૈમલઘુ પ્રક્રિયા** [ સટિપ્પન ] પૂ. ઉપા. શ્રી વિનય, વિજયજી વિરચિત વ્યાકરણનો સુંદર ગ્રંથ. ફર્મા -૩૦, પૃષ્ઠ ૪૮૦ કીંમત રૂા. ૫-૦-૦
પૂર્વાર્ધ રૂા. ૨-૮-૦ **ઉત્તરાર્ધ.** ૨-૮-૦

**ઉપદેશ પ્રાસાદ ભા.**-૩-પૂ.-આ. વિજયલક્ષ્મીસૂરિજી વિરચિત વ્યાખ્યાન ઉપયોગી ગ્રંથ. ફર્મા ૩૫ કીંમત રૂા. ૧૦-૦-૦

**ઉપદેશ-પ્રાસાદ-ભા.-૪**-ઉપર પ્રમાણે [ યંત્રાલયે ]

**ભગવાન આદિનાથ.** લે. પૂ. મુનિ શ્રી નિરંજનવિજયજી મહારાજ સચિત્ર ૪૦ ચિત્રો સાથે સુંદર કથાનક છે. કીંમત રૂા. ૨-૮-૦

**હોમીયોપેથીક ચિકિત્સાસાર** ભા. ૧-૨. લે. ડૉ. ત્રિકમલાલ અમથાશા. હોમીયોપેથીક અંગે સારામાં સારી રીતે સ્પષ્ટતા કરવામાં આવેલ છે, અને સામાન્ય દરદીને પણ સુગમતા પડે તેમ છે. કીંમત રૂા. ૫-૦-૦.

**વધુ માટે બૃહત્ સૂચિપત્ર મંગાવો!**

-:લખો:-

**જસવંતલાલ ગિરધરલાલ શાહ**
૧૨૩૮, રૂપાસુરચંદની પોળ-**અમદાવાદ.**

# શ્રી નયન પ્રીન્ટીંગ પ્રેસ.

**પ્રો:-પંડિત મફતલાલ ઝવેરચંદ.**
રીચીરોડ, સેન્ટ્રલ બેંકની બાજુમાં, કા. ૨-૬૧ **અમદાવાદ.**

**અમારે ત્યાં દરેક જાતનું સુંદર અને સફાઇદાર છાપકામ થાય છે.**

સંસ્કૃત-ગ્રેટબ્લેક, જીબ્બા, પૈકા, પૈકાબ્લેક, વગેરે, નિર્ણયસાગર ટાઇપ તદ્દન નવા વસાવવામાં આવ્યા છે. ગુજરાતી-પૈકા, પૈકાબ્લેક, સવાઇ, ગ્રેટ, ગ્રેટબ્લેક વગેરે ટાઇપ તદ્દન નવા વસાવવામાં આવ્યા છે.

**— પ્રુફ સંશોધન —**

કોઇ પણ પ્રુફ પ્રથમ સુધાર્યા પછી જ ગ્રાહકોને પહોંચાડવામાં આવે છે, અને મશીન પ્રુફ પણ વાંચી સુધારી પછી જ છપાય તેવી વ્યવસ્થા રાખી છે.

**— ગ્રંથસંપાદન —**

કોઈ પણ પ્રાચીન પ્રતિ ઉપરથી પ્રેસકોપી તૈયાર કરી છાપી આપવાનું, ગ્રંથનો અનુવાદ કરવાનું કે ગ્રાહકની ઇચ્છા હશે તે મુજબ ગ્રંથ તૈયાર કરી છાપી આપવા સુધીનું સંપૂર્ણ કાર્ય અમારે ત્યાં કરી આપવામાં આવશે.

## દોરંગી દુનિયા — પૂ૦ પંન્યાસ શ્રી પ્રવીણવિજયજી ગણિવર

બાણું લાખ માલવાનો માલીક મહારાજા શ્રી ભર્તૃહરિજીના નામથી સૌ કોઇ સુપરિચિત જ હશે, તેઓશ્રી પરદુઃખભંજન વિક્રમ મહારાજાના ભાઇ થતા હતા, ધારાનગરી ઉર્ફે ઉજ્જયિની તેમનું રાજધાનીનું સ્થાન હતું, તે નગરીમાં નારાયણ નામનો એક દરિદ્રી બ્રાહ્મણ રહેતો હતો. તેણે પોતાની દરિદ્રતાને દેશવટો દેવા માટે અમારી દેવીની ઉપાસના કરી. દેવીએ પ્રસન્ન થઈ તેને એક અમર ફળ આપ્યું, આ અમર ફળ ઘેર લાવીને ખાવા જાય છે, ત્યાં તેને વિચાર આવ્યો, કે 'ધન વિનાના દીર્ઘ જીવનથી મને શો લાભ થવાનો છે? માટે આ ફળ ન્યાયનિષ્ઠ અને ધર્મપ્રેમી મારા માલીક શ્રી ભર્તૃહરિજીને આપું!' એમ વિચારી તે ફળ તેણે રાજાજીને ભેટ ધર્યું. રાજાજી વિચારે છે, કે 'મારી પ્રિયતમા વિના મારા દીર્ઘ જીવનથી શું?' એમ સમજી તેમણે તે ફળ આપ્યું રાણીજીને, રાણીજી વિચારે છે કે, 'મારા પ્રિયતમ [હસ્તિપાલ] મહાવત વિના મારે લાંબુ જીવીને શું કરવું,' એમ ધારી તેણીએ તે ફળ આપ્યું મહાવતજીને. મહાવતજી આસકત છે વેશ્યામાં એટલે તેણે તે ફળ આપ્યું વેશ્યાને, વેશ્યા વિચારે છે, કે 'મારા જેવી પાપીણીને આ ફળના ભક્ષણથી કાંઇજ ગુણ થવાનો નથી,' એમ સમજી તેણી એ તે ફળ આપ્યું રાજાજીને.

ચક્કર ખાતું-ખાતું તે અમર ફળ પાછું રાજાજીના હાથમાં આવતાં, રાજાજીનું ચક્કર ફરી ગયું. ફળના પાછળ રહેલી સત્ય ઘટનાની તપાસ કરતાં પીંગલા મૈયાની પાપલીલાનો પડદો ખુલ્લો થયો. મહારાજાને સ્ત્રી ચરિત્રની અજબતાનું જ્ઞાન થતાં તેમણે સારાએ રાજપાટનો અને અંતેઉરીનો ત્યાગ કરી સંન્યાસી માર્ગ સ્વીકાર્યો

તેમને માટે એવી એક દંતકથા ચાલે છે, કે સંન્યાસી બન્યા પછી તેઓ ગામેગામ ફરતા અને ભીક્ષાચરીથી જ પોતાનો જીવન-નિર્વાહ કરતા, કોઇ એક ગામના પાદરે [નાકે] ઘટાદાર વડલાના ઝાડ તળે થાકયા-પાકયા હાથનું ઓસીકું બનાવી સૂઇ ગયા છે. વહેલી સવારે તે ગામની સ્ત્રીઓ તે ઝાડ પાસે રહેલા કુવાનું પાણી ભરવા માટે આવી છે. તેમાંથી એક સ્ત્રીની નજર પાણી ભરતાં-ભરતાં ઝાડ નીચે સુતેલા રાજાજી તરફ ગઇ. તેમના ભવ્ય લલાટવાલા, દેખાવદાર અને રાજવંશીય દેદારને જોઇ તે સ્ત્રીએ અનુમાન કર્યું કે, 'પીંગળાના નિમિત્તને પામી તાજેતરમાં જ સંન્યાસી બનેલા મહારાજા ભર્તૃહરિજી સૂતેલા છે. દુધમાંથી પણ પોરા કાઢવાની કળાને જાણનારી તે સ્ત્રી પાસે રહેલી અન્ય સ્ત્રીઓને સંબોધીને કહે છે કે, 'અલી! જુઓ તો ખરી! આ ઝાડ નીચે સૂતેલા મહારાજા ભર્તૃહરિજી હોય એમ લાગે છે. પણ આશ્ચર્યની વાત છે કે, જેમણે સારૂં યે રાજપાટ અને અંતેઉરી છોડવાની હિંમત કરી, તેમને હજુ ઓશીકાનો શોખ ગયો નથી. માટેજ હાથનું ઓશીકું કરીને સૂતા છે.'

તે સ્ત્રીના આ શબ્દો મહારાજા ભર્તૃહરિજીના કાન પર પડ્યા. સીધી અને સાદી પ્રકૃતિને ધરનારા તેમણે તે વણમાગી સલાહને ખુશીથી સ્વીકારી લીધી. રાજા વિચારે છે કે, 'આ સ્ત્રી ગમે તે અપેક્ષાથી કહેતી હોય પણ એ જે કહે છે તે બીલકુલ સત્ય હકીકત છે. ત્યાગનું હું આટલું કષ્ટ ઉઠાવી રહ્યો છું તો પછી જમીન પર માથું મૂકી સુવામાં મને શું કષ્ટ પડવાનું છે?' એમ વિચારી બીજે દિવસે પણ તેજ ઝાડ નીચે આવીને સૂઈ રહ્યાઃ પણ ઓશીકા તરીકે તેમણે હાથનો ઉપયોગ કર્યો નહિ.

બીજે દિવસે એજ સ્ત્રીઓ પાણી ભરવાને આવી છે. મહારાજા ભર્તૃહરિજીને જમીન ઉપર માથું ટેકાવી સૂતેલા જોઈ તેજ સ્ત્રી કહેવા લાગી કે, 'અરે ફૂલાણીબાઇ! જુઓ તો ખરાં, ગઇ કાલે સહેજ સ્વભાવે આપણે હાથના ઓશીકાની વાત કરી હતી, તેમાં તો આજે એમને ખૂબ રીસ ચઢી લાગે છે કે જેથી ભાઇ શ્રી આજે હાથ કાઢીને સૂતા છે.' શ્રીમાન ભર્તૃહરિજી, તે સ્ત્રીના આ શબ્દો સાંભળી દુનિયાની દોરંગી ચાલબાજીને સમજી ગયા અને ત્યાંથી ચૂપચાપ તેઓએ પોતાનું પ્રયાણ આગળ લંબાવ્યું.

ઉપરોક્ત કથાનો સાર માત્ર એટલો જ છે કે, દુનિયા દોરંગી છે. એ તો ઘડીમાં એક વાત કહે અને ઘડીમાં બીજી વાત કહે. ગુણોમાં અવગુણનો આરોપ કરે અને અવગુણોમાં ગુણનો આરોપ કરે. જેમને એક વખત ઘોડે બેસાડે તેમને બીજી વખત ગધેડા પર બેસાડતાં એને વિચાર થતો નથી. સેંકડો ગુણોને છોડી, એકાદ નહિ જેવા અવગુણને જ પકડી લે છે,

માટે એ જ દોરંગી દુનિયાના મિથ્યા બકવાટ ઉપર જરા પણ ધ્યાન ન આપતાં શાસ્ત્ર આધારે સત્ય વસ્તુસ્થિતિ શું છે? તેનો પૂરતો વિચાર કરી ગીતાર્થ અને શિષ્ટ પુરૂષોની સલાહ મુજબ યોગ્ય વર્તન કરવા સૌ સજ્જનોને ભલામણ છે.


## શ્રી જૈન શ્રેયસ્કર મંડળમાં મળતાં ધાર્મિક પુસ્તકો

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | બાળ પ્રવેશિકા | ૦-૪-૦ | ૧૭ | કર્મગ્રંથ ભા. ૧ લો. ૧-૨ | ૨-૦-૦ |
| ૨ | પહેલી ચોપડી | ૦-૪-૦ | ૧૮ | કર્મગ્રંથ વિભાગ ૨ જો ૩-૪ | [પ્રેસમાં] |
| ૩ | જૈન વાંચનમાળા [હિંદી] | ૦-૪-૦ | ૧૯ | " ભા. ૩ જો ૫-૬ | [પ્રેસમાં] |
| ૪ | બે પ્રતિક્રમણ મૂળ [ગુજરાતી] | ૦-૮-૦ | ૨૦ | રત્નાકર પચ્ચીશી | ૦-૨-૦ |
| ૫ | બે પ્રતિક્રમણ મૂળ [હિંદી] | ૦-૮-૦ | ૨૧ | સમકિત સડસઠ બોલની સજ્ઝાય | [પ્રેસમાં] |
| ૬ | પંચપ્રતિક્રમણ મૂળ-ગુજરાતી | ૧-૧૨-૦ | ૨૨ | યશોવિજય ચોવિશી સાર્થ | ૦-૮-૦ |
| ૭ | પંચપ્રતિક્રમણ મૂળ-શાસ્ત્રી | ૧-૧૪-૦ | ૨૩ | દ્રવ્યગુણપર્યાયનો રાસ | ૧-૦-૦ |
| ૮ | બે પ્રતિક્રમણ અર્થ સહિત | ૧-૧૨-૦ | ૨૪ | આત્મહિતકર આધ્યાત્મિક વસ્તુ સંગ્રહ | ૧-૦-૦ |
| ૯ | પંચ પ્રતિક્રમણ અર્થ સહિત | [પ્રેસમાં] | ૨૫ | ધર્મોપદેશ તત્ત્વજ્ઞાન | [પ્રેસમાં] |
| ૧૦ | જિનગુણ પદ્યાવલી | ૧-૬-૦ | ૨૬ | અભક્ષ્ય અનંતકાય ગુજરાતી | [પ્રેસમાં] |
| ૧૧ | પાંત્રીશ બોલ | ~~૦-૫-૦~~ | ૨૭ | અભક્ષ્ય અનંતકાય [હિંદી] | ૦-૧૦-૦ |
| ૧૨ | સામાયિક-ચૈત્યવંદન સાર્થ | ૦-૬-૦ | ૨૮ | પ્રશ્નોત્તર રત્નચિંતામણિ | ૨-૦-૦ |
| ૧૩ | જીવવિચાર સાર્થ | ૦-૮-૦ | ૨૯ | બ્રહ્મચર્ય વ્રત | ૦-૮-૦ |
| ૧૪ | નવતત્ત્વ સાર્થ | ૧-૬-૦ | ૩૦ | આત્મ જાગૃતિ | ૦-૪-૦ |
| ૧૫ | દંડક-સંગ્રહણી સાર્થ | ૧-૦-૦ | ૩૧ | સ્નાત્ર પૂજા | ૦-૪-૦ |
| ૧૬ | ત્રણ ભાષ્ય સાર્થ | ૧-૧૪-૦ | ૩૨ | વિવિધ પૂજા સંગ્રહ | ૨-૧૨-૦ |
| | | | ૩૩ | દેવવંદનમાળા | ૧-૮-૦ |

પ્રાપ્તિસ્થાન :—જૈન શ્રેયસ્કર મંડળ-મહેસાણા. [ ઉ. ગુ. ]

# સા ૦ હિ ૦ ત્ય ૦ નાં — ક્ષી ૦ ૨ ૦ ની ૦ ૨

**सिरिविजयचंदकेवलिचरियं:** સંપાદક: પૂ૦ મુનિરાજ શ્રી શુભંકરવિજયજી મહારાજ: પ્રકાશક: વલસાડનિવાસી શેઠ ચંદ્રકાંત કપુરચંદભાઈ. પ્રાપ્તિસ્થાન: શા. કેશવલાલ પ્રેમચંદ કંસારા. ઠે. બજાર, વાયા આણંદ–ખંભાત. પ્રતાકારનાં ૪૨ પેજ. મૂલ્ય પઠન–પાઠન. પોષ્ટેજ છ આના મોકલનારને ભેટ મળશે. પૂ૦ શ્રી ચંદ્રપ્રભમહત્તર વિરચિત પ્રાકૃતમાં શ્રી વિજયચંદ્રકેવળીનું જીવનચરિત્ર છે.

**ભક્તિતરંગ સ્તવનાવલિ:** રચયિતા: પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ પ્રકાશક: શ્રી લબ્ધિસૂરીશ્વરજી સ્તવન પ્રકાશન મંદિર. મંત્રી; શ્રી જગુભાઈ લલ્લુભાઇ શાહ છાણી જી. વડોદરા ૪૦ પેજ ફીલ્મ રાગનાં છેલ્લી ઢબનાં ૪૦ પ્રભુગીતોનો સંગ્રહ છે.

**જૈન** પુસ્તક કાર્યાલય બ્યાવર સંસ્થા તરફથી નીચે મુજબ નાની પુસ્તિકાઓ મળી છે, તેનો સાભાર સ્વીકાર કરીએ છીએ. બધી હિંદી ભાષામાં છે.

**ગૌરવશીલ સાધુ:** સંગ્રહકર્તા: શ્રી નવરત્નમલજી રાંકા. મૂલ્ય ૦–૨–૦, **સતીત્વ પરીક્ષા:** સંગ્રહકર્તા નવરત્નમલજી રાંકા. મૂલ્ય બે આના, **જૈનધર્મ** ૧ લો ૨ જો ભાગ, સંગ્રહકર્તા: મુન્સી મોતીલાલ રાંકા. મૂલ્ય બે આના. **ગૌરવશાલી જૈનધર્મ:** સંગ્રહકર્તા: શ્રી મુન્સી મોતીલાલ. કિં. દોઢ આનો. **પાપોકા પસ્તાવા** સંગ્રહકર્તા: શ્રી નવરત્નમલ રાંકા. કિં. બે આના.

**સુમંગળ મનોહર સ્તવનમાળા:** પ્રકાશક: રતિલાલ બી. શાહ ઠે, ડોશીવાડાની પોળ, અમદાવાદ. ક્રાઉન સોળ પેજી ૧૧૨ પેજ. મૂલ્ય ૧–૮–૦ સ્તવનો, ઢાળીયાં, શત્રુંજયઉદ્ધારરાસ, ચૈત્યવંદનો, સજ્ઝાયો વગેરેનો ઉપયોગી સંગ્રહ છે.

**શ્રીપાળ ચરિત્ર:** લેખક: પૂ. પંન્યાસજી શ્રીમદ્ કનકવિજયજી ગણિવર. પ્રાપ્તિસ્થાન: સોમચંદ ડી. શાહ ઠે. જીવનનિવાસ સામે પાલીતાણા. [સૌરાષ્ટ્ર] ક્રાઉન સોળ પેજી ૩૨ પેજ. પૂ. પંન્યાસજીએ સુંદર શૈલીમાં ટૂંકમાં શ્રીપાળ ચરિત્રની રજૂઆત કરી છે.

**વૈરાગ્યશતકમ્:** રચયિતા: પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયામૃતસૂરીશ્વરજી મહારાજ. પ્રકાશક શ્રી જૈન સાહિત્ય વર્ધક સભા. અમદાવાદ. ક્રાઉન સોળ પેજી ૧૪૦ પેજ. મૂલ્ય ૧–૪–૦. પદે પદે વૈરાગ્ય ઝરે એવું સાહિત્ય આ પુસ્તકમાં પ્રગટ થયું છે. અર્થી આત્માએ વાંચવું જરૂરી છે.

**વિભક્તિવિચારપ્રકરણ:** સંપાદક: પૂ. પંન્યાસ શ્રી કાંતિવિજયજી મહારાજ. પ્રકાશક: શ્રી તપગચ્છ જૈન સંઘ રાંધેજા [ઉ. ગૂ.] ક્રાઉન સોળ પેજી ૬૬ પેજ મૂલ્ય ૦–૪–૦ મૂળ પ્રકરણના કર્તા પૂ. આ. શ્રીમદ્ અમરચંદ્રસૂરિ છે, તેનો ભાવાર્થ પૂ. પંન્યાસ શ્રી માનવિજયજી મહારાજશ્રીએ લખ્યો છે, જૈન સિદ્ધાંતનાં શાસ્ત્રીય તત્ત્વની સરળ વિચારણા આમાં સંકલિત થઇ છે. જિજ્ઞાસુઓ માટે મનનીય છે.

**ભગવાન આદિનાથ:** લેખક: પૂ મુનિરાજ શ્રી નિરંજનવિજયજી મહારાજ. પ્રકાશક: શ્રી નેમિ–અમૃત–ખાંતિ–નિરંજન ગ્રંથમાળાવતી, શ્રી નટવરલાલ ગીરધરલાલ ૧૨૩૮, રૂપા સુરચંદની પોળ અમદાવાદ. ક્રાઉન સોળ પેજી ૨૭૨ પેજ. મૂલ્ય ૨–૮–૦. બીજી આવૃત્તિ થોડા સમયમાં પ્રગટ થાય છે એ જ પુસ્તકની વિશેષ ઉપયોગિતાનું પ્રતીક છે. ૩૦ થી ૪૦ ચિત્રો જીવન પ્રસંગોને અનુલક્ષી પ્રસિદ્ધ થયા છે. ભગવાન શ્રી ઋષભદેવ સ્વામિનાં જીવનને જાણવા માટેનું પ્રામાણિક આ પુસ્તક દરેકે વાંચવા જેવું છે.

**દુર્લભ કાવ્ય કલ્લોલ** ૧–૨ ભાગ. રચયિતા: કવિ દુર્લભજી ગુલાબચંદ મહેતા. વલ્લભિપુર. ૧ લા ભાગનાં ક્રાઉન સોળ પેજી ૨૧૩ પેજ મૂલ્ય; ૧–૩–૦ ૨ જા ભાગનાં ૨૦૪ મૂલ્ય; ૧–૧૧–૦ શ્રી દુર્લભજીભાઇએ આજ સુધીમાં ઘણા વિષયો પર પદ્યો રચ્યાં છે, તેનો આ બન્ને ભાગમાં સંગ્રહ છે. કાવ્ય સંગ્રહ બોધપ્રદ અને ઉપયોગી છે.

**ભારતની એક વિરલ વિભૂતિ:** લેખક: પૂ૦ મુનિરાજ શ્રી ચંદ્રપ્રભસાગરજી મહારાજ, પ્રકાશક: શ્રી જૈન યુવક મંડળ–વીરમગામ. ૧૬ પેજની નાની પુસ્તિકામાં સામયિકમાં છપાયેલા બે લેખોનો સંગ્રહ છે. પૂ. મહારાજશ્રીએ પ્રભુ શ્રી મહાવીરના સત્સંદેશને રજૂ કર્યો છે. ભાષા સચોટ અને સરળ છે.

**ભારતીય દર્શનોમાં જૈન દર્શનનું સ્થાન:** લેખક: પંડિત લાલન. સોળ પાનાની પુસ્તિકામાં ઉપોદ્ઘાતરૂપે લખાયેલ લેખ છે; જેમાં જૈનદર્શનના સ્યાદ્વાદ આદિ સિદ્ધાંતોનું દિગ્દર્શન છે. **—શ્રી ચંદ્ર**

# તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તીર્થની યાત્રાએ–

## ( રાધનપુરથી પાલીતાણાનો પગપાળો પ્રવાસ )

**શ્રી અવંતિલાલ સારાભાઇ મશાલીઆ.**

---

ગુજરાતના ઉત્તર છેડે આવેલ જૈનપુરી જેવું ગણાતું રાધનપુર; ધર્મભાવિત હજારો જૈનોની વસ્તિવાળું શહેર છે. દેવ, ગુરૂ તથા ધર્મ પ્રત્યેની અનન્ય શ્રદ્ધા, ભક્તિ એ રાધનપુરની ખાસ વિશિષ્ટતા છે. ત્યાંથી સાત જૈન કિશોરો, તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની પગરસ્તે યાત્રા કરવાની ભાવનાથી પ્રયાણ આદરે છે; તેઓનાં નામો આ મુજબ છે. ૧ વસંતલાલ મોતીલાલ, ૨ રવીન્દ્રભાઇ માણેકલાલ, ૩ રસિકલાલ ચંદુલાલ, ૪ જયંતિલાલ કાંતિલાલ, ૫ અવંતિલાલ સારાભાઇ, ૬ મફતલાલ દલપતભાઇ ૭ મુક્તિલાલ લહેરચંદ—આ ભાઇઓ યાત્રાર્થે અત્રે આવતાં, અમે તેઓની પગપાળા યાત્રાનો અનુભવ માંગ્યો, જેના જવાબરૂપે આ લેખ પ્રકાશનાર્થે મળ્યો છે. આ રીતે શ્રદ્ધા, સંયમ તથા સદ્ભાવનાપૂર્વક તીર્થોની પગપાળા યાત્રા કરનારા કિશોરો સમાજમાં વધુને વધુ સંખ્યામાં તૈયાર થાય, જેથી પગપાળા તીર્થયાત્રાની ભૂલાઇ જતી મહત્તા જૈનસમાજને તાજી થાય. સં૦

---

**ભાઈ ઇંદ્રવદન !**

તને ચૈત્ર સુદ ૧ નો લખેલો પત્ર મળ્યો હશે?, તને તે પત્રથી વિદિત થયું હશે કે, અમે ચૈત્ર સુદ ૮ ના રોજ શુભ દિવસે રાધનપુરથી શ્રી શત્રુંજય તીર્થની યાત્રાએ પગપાળા પ્રયાણ કરવાના હતા, તે પ્રમાણે ચૈત્ર વદ ૮ ના રોજ તે પગપાળા યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થઇ છે. તેમાં મળેલ વિવિધ અનુભવો તથા રસ્તામાં આવતા આપણાં પવિત્ર જિનમંદિરોનાં દર્શન તથા સાધર્મિક ભાઇઓનો પરિચય મળ્યો તે હું તને ટુંકમાં જણાવું છું.

ભાઇ ! અમે જે અનુપમ તીર્થયાત્રા કરી તે મહાન તીર્થની મહત્તા આપણા શાસ્ત્રકાર ભગવંતોએ કેવી વર્ણવી છે, તેની તને ખબર છે જ !

તીર્થ એટલે સંસારરૂપી સમુદ્રને તરી જવાનું કલ્યાણકારી જહાજ, સંસારના પારને પમાડી મોક્ષે લઇ જનારૂં અનુપમ આલંબન, આત્માની અનાદિ કાળની રખડપટ્ટીનો અંત લાવનાર અને પાપના પૂંજને બાળીને ભસ્મીભૂત કરી આત્મામાં અનેરી વિશુદ્ધિ પ્રગટ કરનાર હુતાશન, જેને અવલંબીને ભૂતકાળમાં અનંત આત્માઓ તરી ગયા, વર્તમાનમાં તરી રહ્યા છે, અને ભવિષ્યકાળમાં અનંતા તરી જશે.

કળિકાળના આ વિષમયુગમાં આત્માને શાંતિ અને સમાધિ આપનાર આ પવિત્ર સ્થાવર તીર્થો છે, તીર્થયાત્રા એટલે નવીન નવીન વસ્તુઓને નિહાળવા માટેની મુસાફરી નથી, ફુરસદનો સમય કાઢી અનેક મોજશોખ ભોગવવા માટેનો પ્રવાસ નથી, પણ આત્મામાં અનેક પાપોના ઢગલાને બાળવા–કર્મ કચરાને સાફ કરવા અને અક્ષય–અનંત સુખના ધામરૂપ મુક્તિપદ ભણી પહોંચવા માટેનું પ્રયાણ. જીવનમાં આ મૌલિક ઉદ્દેશને યાત્રા કરતાં જો વળગી રહેવામાં ન આવે, અને બીજાં કોઇ દુન્યવી કારણો, જેવાં કે સુંદર આરોગ્ય, હવાફેર, સારાં ખાનપાન વગેરે આગળ કરીને તીર્થયાત્રા કરવામાં આવે તો તે તીર્થયાત્રા નથી, પણ એક પ્રકારની સંસારયાત્રા છે. તીર્થમાં જઇને સ્હેલ સપાટી કરવી એ તીર્થની આશાતના કરવા બરાબર છે. એવા મલિન આશયથી કરાતી તીર્થયાત્રા લાભ કરવાને બદલે નુકશાન કરનાર બને છે. તીર્થનો પ્રભાવ કોઇ અજબ અને અગમ્ય છે. તે તીર્થની સેવા અને ઉપાસનાથી શ્રદ્ધા વધુ નિર્મળ અને સંસ્કારો મજબુત બને છે.

આ પવિત્ર તીર્થનાં વંદન, પૂજન વગેરેથી કાયિક, વાચિક અને માનસિક દુઃખોના ચૂરેચૂરા થઇ જાય છે. અને જીવ પરમ શાંતિમાં મગ્ન બને છે.

તીર્થયાત્રા કરનારે અવશ્ય બ્રહ્મચર્યનું પાલન કરવું જોઇએ. રાત્રિભોજન, કંદમૂળ વગેરે અભક્ષ્ય આદિ પાપો તીર્થમાં સેવવામાં આવે તો જ્ઞાનીઓ

કહે છે કે, 'સામાન્ય સ્થળે કરેલ પાપો તીર્થમાં જવાથી નાશ પામે છે, પણ તીર્થના પવિત્ર સ્થળે કરેલાં પાપો વ્રજલેપ તુલ્ય બની જાય છે–' જુગ-જુગના જૂના મલિન આત્માને આરિસા જેવો નિર્મળ બનાવવા માટે તીર્થયોગ પ્રબળ સાધન છે. તીર્થયાત્રા કરવા જનારે પુણ્યશાલીઓ સંસારને તરવાના જ એક નિર્મળ આશયને હૃદયમાં રાખી તીર્થયાત્રા કરવા નીકળે તો, પગલે પગલે અનંતકર્મના ભૂક્કા કરી નાંખે અને તીર્થનાં દર્શન, વંદન, પૂજનથી ટુંક સમયમાં આત્મનિસ્તાર સાધી મોક્ષ લક્ષ્મીને વરે, એ નિશંક છે.

૨

અમે ચૈત્ર સુદ ૮ ના રોજ સાંજે સાડા પાંચ વાગે રાધનપુરથી શુભમુહૂર્તે મનમાં યાત્રા કરવાની પુણ્યમયી શુભ ભાવનાથી પ્રયાણ શરૂ કર્યું. સાંજે અમે ત્રણ ગાઉ ગોચનાથ આવ્યા, ત્યાં જરા વિસામો લઇ આગળ ત્રણ ગાઉ કનીજ આવ્યા. રસ્તો તો બહુ વિકટ પણ યાત્રાની ઉર્મીલ ભાવના હોવાથી કંઈ પણ થાક લાગ્યો ન હતો. કનીજમાં નવો ઉપાશ્રય બંધાતો હોવાથી અમે તો ગામ બહાર હોટેલ નજદિક પ્રતિ-ક્રમણ આદિ શુભ ક્રિયા કરી સૂઇ ગયા

ચૈત્ર સુદ ૯ ના સવારે ચાર વાગે ઉઠી કનીજથી પ્રયાણ શરૂ કર્યું. કનીજથી દુધાળા લગભગ ત્રણ ગાઉ થાય, ત્યાં આવ્યા. દુધાળામાં એક દહેરાસર છે, શ્રી આદીશ્વર ભગવાનની ભવ્ય મૂર્તિ છે. ત્યાં પૂજા-સેવા તથા નાસ્તો કરી ત્યાંથી ચાલ્યા. દુધાળાથી મેમણા ત્રણ ગાઉ થાય. લગભગ દસ વાગ્યા હોવાથી મેમ-ણામાં મુકામ કર્યો. મેમાણામાં કોઇ જગ્યા ન મળ-વાથી ગામ બહાર બાવાના મંદિરમાં ઉતર્યા. ત્યાં રસોઇ-પાણી કરી જમ્યા. પાણીની ખૂબ જ તંગી હતી. બાવો વૈરાગી પણ સંસારી જેવો. બપોર ત્યાં ગાળી, અને સાંજે પાંચ વાગે ત્યાંથી ખીજડીઆવ ત્રણ ગાઉ પહોંચ્યા. ત્યાંથી રાત્રે ભૂલ્યા પણ શંખે-શ્વરજીનો શીખર ઉપરનો દીવો દેખાયો, એ અલૌકિક ચમત્કાર. ખીજડીઆવથી ત્રણ ગાઉ શંખેશ્વરજી તીર્થમાં રાત્રે આઠ વાગે પહોંચ્યા. રાત્રે ત્યાંજ ધર્મશાળામાં સૂતા.

ચૈત્ર સુદ ૧૦ ના રોજ અમે આગલે દિવસે બાર ગાઉ ચાલ્યા હોવાથી પણ ત્યાં રોકાયા. સવારે દેવાધિ-દેવ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની સેવા-પૂજા કરી; બપોરે પૂ૦ આચાર્યદેવ શ્રી ભદ્રસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્ય ઓંકારવિજયજી આદિને વંદના કરી બેઠા. તેઓશ્રીને અમારી યાત્રાની વાત કરી. તેઓ-શ્રીએ અમને ઉપદેશ આપ્યો કે, 'આ વસ્તુ તમારા જેવા નવયુવાનોએ બીજાને દૃષ્ટાંતરૂપ કરી છે, પણ સાથે એટલું કરજો કે, રાત્રિભોજનનો ત્યાગ, ભૂમિ-સંથારો, અને બની શકે તો એકાસણાં કરજો તો થોડી છ'રી પાળેલી ગણાશે. સ્કાઉટ તરીકે નહિ, પણ યાત્રિક તરીકે જજો. !' તેમની આજ્ઞા અમે માથે ચઢાવી આ તીર્થની મહત્તા ઘણીજ છે. ગામમાં ધર્મશાળા તથા ઉપાશ્રય અને બીજી ભોજનશાળા આદિ સગવડ છે. દૂર-દૂરથી યાત્રાળુઓ આવે છે. તે રાત્રે પણ અમે ત્યાં સૂઇ રહ્યા.

ચૈત્ર સુદ ૧૧ ના રોજ શ્રી શંખેશ્વરજીથી સવારે ચાર વાગે ઉઠી, પંચાસર પ્રયાણ કર્યું. શંખેશ્વરથી પંચાસર ચાર ગાઉ થાય. પંચાસર અમે આઠ વાગે પહોંચ્યા. પંચાસરમાં એક દહેરાસર છે. શ્રી પંચાસરા પાર્શ્વનાથની સુંદર મૂર્તિ છે. એક ઉપાશ્રય પણ છે. ઉપાશ્રયમાં સાધ્વીજી મહારાજ હોવાથી અમે ગામ બહાર બાવાના મંદિરમાં ઉતર્યા, બાવો ખુબ ભલો હતો. તેણે અમને ઘણી સગવડ કરી આપી. અમે પૂજા-સેવા કરી રસોઈ કરી, જમ્યા. પંચાસરમાં શ્રાવક લ્હેરચંદ શેઠ રહે છે. તેઓ ઘણા ભલા તેમજ ઉદાર છે. તેમણે બોરીંગ તથા દવાખાનું બંધાવેલ છે. તેમની ખ્યાતિ સારી છે. તેમને અમે મળ્યા. તેમણે અમને દરેક જાતની સગવડ કરી આપવાની તત્પરતા બતાવી, પણ અમારે જરૂર ન હોવાથી અમે તેમને તકલીફ ન આપી. અમે સાડા ચાર વાગે ભોમીયાને લઇ વડગામ ત્રણ ગાઉ આવ્યા. વડગામમાં એક પ્રાચીન દહેરાસર છે. શ્રી આદીશ્વર ભગવાનની બે હજાર વર્ષ જૂની ભવ્ય પ્રતિમાજી છે. વડગામથી ત્રણ ગાઉ અમે દસાડા આવ્યા. દસાડામાં ઉપાશ્રયમાં સૂઇ રહેવાની સગવડ કરી. દસાડામાં શ્રી શાંતિનાથ ભગવાનનું એકજ દહેરાસર છે. રાત્રે દર્શન કરી ઉપાશ્રયે સૂઇ રહ્યા.

ચૈત્ર સુદ ૧૨ ના રોજ સવારે ચાર વાગે દસાડાથી પાટડી તરફ ગયા. દસાડાથી પહેલા દોઢ ગાઉ કઠડા

આવ્યા. કઠડાથી બે ગાઉ ગોલીઆવાડ આવ્યા. અહીંઆ સુધી કાચી સડક છે. ત્યાં ચા-પાણી-નાસ્તો કરી બે ગાઉ પાટડી આવ્યા. પાટડીમાં અમે ઉપાશ્રયમાં ઉતર્યા.

ઉપાશ્રય બહુજ સુંદર છે. ઉપાશ્રયની સામેજ દેરાસર છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનની ભવ્ય મૂર્તિ છે ત્યાં પૂજા-સેવા કરી, ત્યાં પૂ. આ. શ્રી. દાનસૂરીશ્વરજી મ. કાળધર્મ પામ્યા છે, તેઓની મૂર્તિ, પધરાવેલી છે તેનાં દર્શન કર્યાં. જમવા માટે સુશ્રાવક પ્રેમચંદભાઇ અમૃતલાલનો આગ્રહ હોવાથી તેમને ત્યાં અમે જમ્યા. ગામ નાનું પણ સારૂં છે. સાંજે સાડા ચાર વાગે નિકળી અમે બજાણા ગયા. પાટડીથી બજાણા ચાર ગાઉ થાય. બજાણામાં શ્રી શાંતિનાથ ભગવાનનું એકજ દહેરાસર છે. રાત્રે પાઠશાળામાં સૂઇ રહ્યા. એક ઉપાશ્રય પણ છે.

ચૈત્ર સુદ ૧૩ સવારે બજાણાથી ચાર વાગે ત્રણ ગાઉ માલવણ આવ્યા. માલવણથી ત્રણ ગાઉ ખેરવા આવ્યા. ખેરવામાં શ્રી મુનિસુવ્રતસ્વામીનાં ધાતુનાં પ્રતિમાજી છે. ગામ બહુજ નાનું છે. ત્યાં પૂજા-સેવા કરી, રસોઈ કરી જમ્યા. ત્યાં એક ઉપાશ્રય પણ છે. ત્યાંથી ત્રણ ગાઉ ઝેઝરી આવ્યા. ત્યાંથી દોઢ ગાઉ મોઢવાણા આવ્યા. મોઢવાણાથી બે ગાઉ વણા આવ્યા. વણામાં એક દહેરાસર છે, ત્યાં શ્રીપાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ છે. દહેરાસર શીખરબંધી પણ જૂનું છે. ત્યાં જૈનની એક ઘરની વસ્તી છે. એક બ્રાહ્મણ બાઇ પૂજા કરે છે. દહેરાસરના કંમ્પાઉંડમાં એક ઉપાશ્રય છે, રાત્રે અમે ત્યાં સૂઇ રહ્યા.

ચૈત્ર સુદ ૧૪ ના રોજ વણાથી સવારે પાંચ વાગે ઉઠી, ત્રણ ગાઉ અણિદ્રા આવ્યા, ત્યાં અમે ચા નાસ્તો કરી ત્યાંથી એક ગાઉ કાનગઢ આવ્યા, ત્યાં અમે રસોઇ આદિ કરી જમ્યા. ~~ત્યાંથી એક~~ ગાઉ બાકરથળી આવ્યા, બાકરથળીથી બે ગાઉ વઢવાણ કેમ્પ આવ્યા. ત્યાં શ્રી વાસુપૂજ્ય સ્વામીનું ગગનચુંબી વિશાળ દહેરાસર તથા ઉપાશ્રય, ધર્મશાળા, આયંબીલ ખાતું ઇત્યાદિ છે. ત્યાંના સુશ્રાવક કુંવરજીભાઇ તલસી ભાઇનો આગ્રહ હોવાથી તેમને ઘરે સૂઇ રહ્યા.

ચૈત્ર સુદ ૧૫ કુંવરજીભાઈનો ખૂબજ આગ્રહ હોવાથી તેમજ ચૈત્રી પૂર્ણિમા હોવાથી એક દિવસ વધારે રોકાયા. સવારે પૂજા-સેવા કરી, દહેરાસર બહુજ વિશાળ તથા શીખરબંધી છે. હજી કામકાજ ચાલુ છે. કારીગરી બહુજ સુંદર છે. સવારે સુશ્રાવક ટોકરશીભાઇનો ખૂબજ આગ્રહ હોવાથી તેમને ત્યાં જમ્યા. સાંજે કુંવરજીભાઇને ત્યાં જમ્યા. પૂ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના સમુદાયના મુનિ શ્રી કલ્યાણપ્રભવિજયજી ત્યાં બિરાજમાન હતા તેમના દર્શન કર્યા; રાત્રે કેમ્પમાં અમે સૂઇ રહ્યા.

—ક્રમશઃ

**મનની શાંતિ, આત્માની એકાગ્રતા, સદ્‌વિચારોની અવિચ્છિન્ન ધારા માટે વાતાવરણ પણ તેવું જ સુગંધમય સર્જવું પડે છે.**

દહેરાસરો, મંદિરોમાં જેની સુવાસ જુદી જ તરી આવે છે, તે ઉમદા સુગંધિમય પદાર્થોમાંથી બનાવેલી–

**દિવ્ય અગરબત્તી**

ઘણું જ સુંદર વાતાવરણ સર્જે છે. આપ આજે જ મંગાવી ખાત્રી કરો! અમારી બીજી સ્પેશીયલ બનાવટો

**દિવ્ય સેન્ટ, કાશ્મીરી, શાંતિ, ભારતમાતા.**

નમૂના માટે લખો,

**૧ ધી નડીઆદ અગરબત્તી વર્કસ**
ઠે. સ્ટેશન રોડ, **નડીઆદ**

સોલ એજન્ટ,

**૨ શા. નાગરદાસ ખેતસીદાસ**
કરીયાણાના વેપારી,
અમદાવાદી બજાર, **નડીઆદ.**

**જૈન બોર્ડીંગ, લાયબ્રેરી, શાળાઓ માટે**

**જૈન તત્ત્વજ્ઞાન પ્રશ્નોત્તર**

**કિં. ૦—૧૨—૦**

લખોઃ—**સોમચંદ ડી. શાહ**
**પાલીતાણા** [સૌરાષ્ટ્ર]

# શંકા અને સમાધાન

સમાધાનકારઃ-પૂ૦ આચાર્ય દેવ શ્રીમદ્દ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ

[ પ્રશ્નકારઃ-શ્રીપોપટલાલ મણીલાલ શાહ. સાંગલી, મહારાષ્ટ્ર. ]

**શં૦** 'કલ્યાણ' માસિકના ૧૯૫૧ના મે માસના અંકમાં શંકા અને સમાધાનના શીર્ષકના નીચે જે પ્રશ્નો પૂછાયા છે, અને તેના જવાબો આપશ્રીએ આપ્યા છે તેમાં એક પ્રશ્ન એ છે કે,' લીધેલો માલ બે-ચાર મહિને ડબલ કે ત્રણગણા ભાવથી વેચાયતો શું એ કાળોબજાર ગણાય ? તેનો જવાબ આપશ્રીએ આપ્યો કે 'આટામાં નીમક સમાય તેવી રીતના નફાથી કામ કરવું તે ન્યાયમાર્ગ છે પણ ગરજુની પાસેથી મરજી ચાહે તેવો ભાવ લેવો એ બધું કાળાબજારમાં ખપે' મારા ધારવા મુજબ કાળા બજારની વ્યાખ્યા નફાના પ્રમાણ ઉપર નથી. 'જે ચીજના ભાવ રાજ્યના કાયદાને નિયંત્રિત કરવામાં આવ્યા હોય, તે ચીજ રાજ્યે નિયંત્રિત કરેલા ભાવથી વધુભાવે છૂપી રીતે વેચવી અને નક્કી કરેલા ભાવથી વધારાના જે પૈસા લીધા હોયતે છૂપાવી રાખવા તે કાળોબજાર ગણાય.'

**સ૦** તમને જે પ્રશ્ન ઉઠયો છે તેનું એકજ કારણ છે, કે 'વસ્તુ ખરીધા પછી બે-ચાર મહિને તે વસ્તુના ડબલ કે ત્રણગણા ભાવ વધી જાય અને તે ભાવે વેચે તેનું નામ કાળોબજાર એમ તમે સમજો છો. જ્યારે મારો ખુલાસો જે ભાવે વસ્તુ ખરીદાઈ હોયતે વસ્તુને અમુક મહિના કે દિવસો જતાં ભાવ તેનો તે ચાલુ હોય અને કોઇ વિપત્તિમાં સપડાએલો ગરજુ લેવા આવે તે વખતે તેનાથી ડબલ કે ત્રણગણા ભાવ લેવાય તે એક જાતનો કાળોબજાર કહેવાય. મેં કાળાબજારનો અનીતિ એવો અર્થ કરીને સમાધાન આપેલું છે. જો પૂછનારનો આશય લીધેલી વસ્તુ વેચતી વખતે ભાવો વધી ગયા હોય અને તે ભાવે વેચે એમ હોયતો તે કોઇ રીતે કાળોબજાર કહી શકાય નહી.

**શં૦** કોઇએ અગમચેતી જ્ઞાનથી તેમજ આગલ પાછલના સંયોગ જોતાં અમુક ચીજના ભાવ ભવિષ્યમાં ઘણા વધી જશે એમ સમજી તે ચીજનો સંગ્રહ કર્યો હોય અને ભવિતવ્યતાના યોગે તે ચીજના ભાવ ભવિષ્યમાં વધી જાય અને તે વધી ગયેલા ભાવે પોતે સંગ્રહ કરી રાખેલ માલ, તે દિવસે ચાલતા ભાવથી પોતે વેચે અને લોક પણ ખુશીથી લઇ જાયતો તેમાં ધાર્મિક દૃષ્ટિએ કાંઇ દોષ ગણાય ?

**સ૦** નહિજ.

**શં૦** પરદેશથી માલ બીજા ન લાવી શકતા હોય તે માલ આપણે આપણા દેશમાં લાવી, આપણા દેશમાં ચાલુ ભાવથી આપણે વેચીએ અને લોક પણ ખુશીથી લઇ જાય, પરંતુ તેમાં આપણને ત્રણ-ચાર ગણો નફો થતો હોયતો તે શું કાળોબજાર ગણાય ?

**સ૦** પ્રથમના સમાધાનથી જાણી લેવું.

**શં૦** આપે કહ્યુ છે કે 'ગરજુ પાસેથી મરજી ચાહે તેવો ભાવ લેવો તે બધું કાળાબજારમાં ખપે' ત્યાં 'ગરજુ'ની વ્યાખ્યા શી ? અને ગરજુ કોને કહેવો ?

**સ૦** ગરજુ એટલે અર્થી અને તે એવો કે, બીજાથી કોઇ રીતે કામ નથી લેવાતું પણ તેનાથી કામ લેવાનું હોય. ગુજરાતીમાં કહેવત છે કે, 'ગરજે પણ ગધેડાને બાપ કહેવાય,' એ કહેવતમાં ગરજુનો જે અર્થ થાય તે અહિં લેવો.

**શં૦** કોઇ દિવસે ગામમાં હડતાલ પડી હોય અને કોઇ ચીજની કોઈને ખાસ જરૂર પડી હોય, તે દિવસે કોઇ એકાદ વેપારી બીજાની દુકાનો બંધ છે તેમજ લેવાવાળો લેવાનોજ છે એમ સમજી કદાચ વધુ ભાવ લે તો તે કદાચ અયોગ્ય ગણાય, પરંતુ ચાલુ બજારથી માલવેચતો હોય પરન્તુ વેચનારને ઘણોજ નફો થતો હોય તો તેમાં અન્યાયપણું અગર અયોગ્યપણું ગણાય ?

**સ૦** નહિજ.

[પ્રશ્નકારઃ-**શા. છગનલાલ ગોકલભાઈ કલીકટ**]

**શં૦** કયા સિધ્ધાન્તોથી જૈન ધર્મ ઓળખી શકાય ? અને તેનાં પેટા સિધ્ધાંતો જે હોય તે જણાવો!

**સ૦** સુદેવ, સુગુરૂ અને સુધર્મની માન્યતા પૂર્વકની સ્યાદ્વાદની સાચી પીછાણુ તથા ષડ્જીવ નિકાયના જ્ઞાનપૂર્વકની હરેક જીવોની દયાનું વિધાન જે સિદ્ધાન્ત પ્રતિપાદન કરતો હોય તે સિદ્ધાન્તથી જૈનધર્મની સાચી પીછાણુ થઈ શકે છે, અને તે સિદ્ધાન્તોના પેટા સિધ્ધાન્તો અગણિત છે.

**શં૦** ધર્મના કયા સિધ્ધાન્તો મુજબ દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય, ગુરૂદ્રવ્ય અને સાધારણદ્રવ્ય એવા જુદા જુદા વિભાગો કરવામાં આવ્યા? અને તે ચાર પ્રકારો તીર્થંકરોએ ઉપદેશેલા છે?

**સ૦** વીતરાગ દેવના પરિચયને આપનાર સિદ્ધાન્તથી દેવદ્રવ્ય, ધર્મના જ્ઞાન સિધ્ધાન્તથી જ્ઞાનદ્રવ્ય, ગુરૂભક્તિ નિમિત્તે દ્રવ્યવ્યય કરવાની મહત્તા સૂચવનાર સિદ્ધાન્તથી ગુરૂદ્રવ્ય. અને જિનમૂર્તિ, જિનમંદિર, જ્ઞાન, સાધુ-સાધ્વી શ્રાવક તેમજ શ્રાવિકા આ સાત ક્ષેત્રોમાંથી મારૂં દ્રવ્ય ગમે તે ક્ષેત્રોમાં વપરાય એવી ભાવનાના સિધ્ધાન્તથી અર્પણ કરેલું દ્રવ્ય સાધારણ દ્રવ્ય કહેવાય છે. અશઠ ગીતાર્થ આચરિત ચાલુ પ્રણાલિકાઓ સુવિહિત શ્રમણ સંઘથી ઉપદેશાતી તમામ તીર્થંકર કથિતજ છે. એટલે ચાર પ્રકારનાં દ્રવ્યો શ્રી તીર્થંકર ભગવાને ઉપદેશેલા છે, એમ માનવું યુક્તિ યુક્ત છે, અને તેનાથી વિરૂધ્ધ માને તો અયુક્ત છે

[ પ્રશ્નકારઃ-રાધનપુરવાળા **દોશી ત્રિકમલાલ ચીમનલાલ** મુંબઇ ]

**શં૦** આપણે રાતના સ્વપ્નમાં હસતી અને બોલતી ભગવાનની પ્રતિમાજી જોઇએ તો પરિણામ શું?

**સ૦** સ્વપ્નમાં જિન મૂર્તિનાં દર્શન અતિ ઉત્તમ હોવાથી મંગલ છે, અને વીતરાગ થઈને હસતા હોય એ વિકૃતિ છે, એટલે વિકૃતિરૂપ અમંગલ છે, એ હિસાબે પરિણામ મિશ્ર સમજવું. તેમજ જિનમૂર્તિ બોલતી હોય અને બોલવામાં મંગલમય વાણીનો પ્રયોગ હોયતો મંગલમય પરિણામ માનવામાં વાંધો નથી.

**શં૦** આપણા જૈન ધર્મના મત પ્રમાણે કેટલા યુગપ્રધાનો થશે? અને કયારથી?

**સ૦** બેહજાર અને ચાર યુગપ્રધાનોની સંખ્યા છે. અને તેની શરૂઆત શ્રી સુધર્માસ્વામીથી સમજવી.

**શં૦** આપણે દહેરાસરમાં દર્શન કરવા જઇએ ત્યારે 'નિસિહિ' એમ ત્રણ વાર શા માટે કહીએ છીએ?

**સ૦** જિનાલયમાં પ્રવેશ કરતી વખતે જે પ્રથમ નિસ્સિહિ બોલાય છે તેમાં સંસાર સંબંધી કોઇ પણ જાતની ચિંતા કરવાનો નિષેધ છે, જિનાલયમાં કોઈ પણ પ્રકારની આશાતના થઈ હોય તો તે દૂર કરવા માટે જે કંઇ આરંભ-સમારંભ કરવા પડે તે તમામ કરીને બીજી નિસ્સિહિ બોલાય છે, અને ત્યાં જિનાલયની શુદ્ધિ કરવામાં થતી હિંસાનો ત્યાગ છે. ત્યારપછી પ્રભુની કેસર, ચંદન, પુષ્પ, આદિથી દ્રવ્યપૂજા કરી ત્રીજી નિસ્સિહિ કરવામાં આવે છે, તેમાં દ્રવ્યપૂજાનો નિષેધ કરવામાં આવે છે. આ ત્રણ નિષેધોને સૂચવતી ત્રણ નિસ્સિહિ કહેવામાં આવે છે.

**શં૦** સાંજના આરતિ વખતે નગારા અને ઘંટ વગાડવાનું કારણ શું?

**સ૦** નગારા, ઘંટ આદિ જે વાગે છે તેને વાદ્યપૂજા કહેવામાં આવે છે. નગારાં તથા ઘંટાવાદન પ્રભુની પાસે ઉતારાતી આરતીથી થતા હર્ષનાં દ્યોતક છે.

**શં૦** આપણે સ્વપ્નમાં રાતના ભગવાનની આંગી જોઈએ તો ત્રીજે ભવે મોક્ષ મળે તે વાત સાચી છે?

**સ૦** નહિ.

**શં૦** નવકારશી સૂર્યોદય પછી ૪૮ મિનિટ પછીજ થાય તેનું શું કારણ?

**સ૦** ઓછામાં ઓછું બે ઘડી [૪૮ મિનિટ] નું કાલ પચ્ચકૂખ્ખાણ હોવું જોઇએ તે માટે.

[ પ્રશ્નકારઃ **રાધનપુરવાળા દોશી બાબુભાઇ રતીલાલ મુંબઈ** ]

**શં૦** આજથી કેટલા વર્ષો પછી કલ્કી રાજા થશે? તે જૈનધર્મને દુઃખ આપશે કે સુખ? અને તે કેટલા વર્ષ આપશે? તેનો નાશ કેવી રીતે થશે?

**સ૦** એકવીશ હજાર વર્ષનો પાંચમો આરો છે, તેના બરાબર મધ્ય ભાગમાં કલંકી રાજા થશે, અને તે આખા રાજ્યમાં ત્રાસકારક થશે એટલે જૈનધર્મને પણ દુઃખકારક થશે. ૮૬ વર્ષ સુધી જીવશે અને તેની ઉમ્મરમાં તે અન્યને દુઃખ આપનારો નીવડશે શક્રેન્દ્ર

દ્વારા તેનો નાશ થશે અને તે કલંકીનો દત્ત નામનો પુત્ર થશે, અને તે જૈનધર્મ સ્વીકારી શ્રી શત્રુંજયનો સંઘ કાઢી જૈનધર્મનો ઉદ્યોત કરશે અને જૈનીઓને સુખકારી થશે.

**શં૦** સીનેમા તથા નાટકોની તર્જો ઉપરથી નવા જિન સ્તવનો બનાવાય તેમાં પાપ નથી?

**સ૦** બીલકુલ નહિ. કારણ કે બીભત્સગીતો ગાતા બંધ કરી પ્રભુના ગુણો ગાતા કરવાનો ઘણો જ શુદ્ધ આશય હોવાથી અતિ પુણ્ય છે. વળી પં. શુભવીરવિજયજી મ૦ કૃત પૂજાઓના રાગો પણ તેમના સમયમાં થતી રાસલીલાઓ, ગવાતા વિકારી રાસડાઓ, નચાતી રાસલીલાઓ ઉપરથી લેવામાં આવ્યા છે અને લોકોને તેવી ખરાબ અસર કરતા રાગોથી રોકી જિનરાજની ભક્તિના રાગમાં તરબોળ બનાવ્યા છે એટલે આવા શુભ કર્તવ્યને પાપ માનનારનું હૃદય પાપી હોય એમ લાગે છે.

**શં૦** સૂર્ય અને ચંદ્ર દેવોનાં વિમાન છે, એની સાબીતી શું? અને તે વાત સાચી છે?

**સ૦** તે વિમાનની અદ્ભૂત તેજસ્વિતા જ દેવવિમાનોની સાબિતી છે

**શં૦** પૃથ્વી ફરે છે કે સૂર્ય? તે સાબીત કરી બતાવો?

**સ૦** પૃથ્વી ફરતી નથી પણ સૂર્ય ફરે છે. સૂર્યના ઉદયથી દિવસ, અને અસ્તથી રાત્રિ થાય છે, એ જ એની સાબીતી છે. જો પૃથ્વી ફરતી હોય તો એક પક્ષી પોતાના માળામાંથી ઉડી ગગનવિહારી બને છે અને તે કલાકો સુધી ગગનમાં રહે છે. તેટલા ટાઇમમાં તો સાયન્સવાલાને હિસાબે તે પક્ષીથી તેનો માળો હજારો કોષ દુર થઈ જાય અને તે બીચારા પક્ષીને પોતાના માળાથી વંચિત રહેવું પડે. પૃથ્વીને ફરતી માનનારો વર્ગ આકાશ ફરે છે એમ તો કહી શકશે નહિ એટલે આકાશનું પક્ષી ગગનવિહારી બની પોતાના માળામાં ફેર આવી શકશે નહિ. પૃથ્વી પરના રહેલા પદાર્થો ઉંધા-ચત્તા થઈ જશે. કેટલાક વીણસી જશે અને કુવાઓના પાણી પણ ખાલી થઇ જશે. આ ઠેકાણે પૃથ્વી ફરતી માનનાર વર્ગ આકર્ષણની કલ્પના કરે છે, તે પણ કોઇ રીતે એ સાબીત થઇ શકતી નથી. આ વિષયની હકીકત ગીતાર્થ ગુરૂઓ સમક્ષ સારી રીતે સમજી શકાશે.

**શં૦** આકાશમાં કેટલા માઇલ ઉંચે જઇ શકાય?

**સ૦** લબ્ધિબલે સોળ હજાર કોષથી અધિક જંઘાચારણો-વિદ્યાચારણો આકાશમાં ઉંચા જાય છે, એટલી ઉંચે ઉડવાની શક્તિ હોય છે એમ જંઘાચરણ અને વિદ્યાચરણના ઉર્ધ્વગમનના વર્ણનથી સાબિત થાય છે. કોઇ દેવ લઇ જાય તો ગમે તેટલા ઉંચે લઈ જઇ શકે છે.


## 'લક્ષ્મી છાપ'

# સતૂઇસબ ગુલ

**કબજીયાતો મટાડે છે સાથે આંતરડાંનાં ચાંદાં અને કઠણાઈ પણ નાબુદ કરી યથાસ્વરૂપમાં લાવે છે.**

**૧ કચ્છી મેડીકલ સ્ટોર્સ-પાલીતાણા.**

**૨ પારેખ મેડીકલ સ્ટોર્સ**
ગાંધી રોડ, **અમદાવાદ.**

## બ્લોકો કયાં કરાવશો?

★ પ્રભાત પ્રોસેસ સ્ટુડીઓ ★

રીલીફ રોડ; કૃષ્ણ સીનેમા પાસે,
**અમદાવાદ.**

લાઇન, હાફટોન, ટુકલર, થ્રીકલર બ્લોકો માટે ઉપરના સીરનામે પૂછાવી ખાત્રી કરો! સુંદર, સફાઇદાર, સુઘડ અને સંતોષજનક કામ કરી આપવું એ અમારો મુદ્રાલેખ છે.

ઉપાય એ કે, તમારે ઉઘાડે પગે ચાલવું ને ભોંય પર સુવું ' શ્રી દાવરે ભારતીય નારીઓનું ઉદાહરણ આપીને એમને જણાવ્યું હતું કે, 'અમારી ભારતીય સ્ત્રીઓ ઉંચી એડીનાં બુટ પસંદ કરતી નથી; આથી તેઓ માઇલોના માઇલો સુધી લટકમટક કરતી ચાલી શકે છે. મોટા ભાગની સ્ત્રીઓ પગમાં ઉંચી એડી વગરની ચંપલ જ પહેરે છે, જેથી તેઓ વેરીકોસવેન્સના દરદથી પીડાતી નથી ને ભોંય પર ચટાઇ કે ચાદર નાંખીને પણ ઘસઘસાટ તેઓ ઉંઘી શકે છે.'

—યૂરોપની દુનિયાનું આંધળું અનુકરણ કરવાના નાદે ચઢેલી આપણી ભણેલી કહેવાતી બ્હેનો આ પરથી કાંઇ ધડો લેશે કે?

—અમદાવાદ-એલીસબ્રીજમાં રહેતી એક-બે બાળકોની માતા બનેલ સ્ત્રી, જાણીતી સીનેમાનટી સુરૈયાની પાછળ ગાંડી બની હતી, અને સુરૈયા સાથે પરણવા ઘેલી બની હોય એવી ઘેલછા દર્શાવતી. સુરૈયા જેવી વેશભૂષા, અભિનય ને દરેક વાતમાં નકલ કરતી, સુરૈયાનું નામ સાંભળી નાચી ઉઠતી. એક વખત તો તે ઘરમાંથી પણ નાશી ગઇ હતી. —રે ઘેલછા, તને કાંઇ શરમ છે?

—ગુજરાતનાં સ્ત્રી કાર્યકર શ્રી પુષ્પાબ્હેન મહેતા કોંગ્રેસની કારોબારીમાં સ્થાન પામ્યાં છે, તેઓ એકલા સ્ત્રી સભ્ય છે —સ્ત્રી હોય કે પુરૂષ હો, પણ ત્યાં તો કેવળ શિસ્તના નામે આંગળી ઉંચી કરવાનું કામ છે કે બીજું કાંઈ?

—ભાદરણ (ગૂજરાત)ના અને શાન્તાક્રૂઝમાં રહેતા સી. આર. કોન્ટ્રાકટરની પેઢીના ભાગીદાર શ્રી ચુનીલાલ પટેલની પુત્રી સુલોચનાએ તેને ટયુશન આપનાર શિક્ષક ભગવાનદાસ ખીજડીયા સાથે સીવીલમેરેજ પ્રમાણે લગ્ન કર્યાં.- કેળવણીનું આજ પરિણામ કે? ખરેખર, આજનું શિક્ષણ હિંદુ સંસ્કૃતિની પવિત્રતા માટે શ્રાપરૂપ બનતું જાય છે.

—વડીઆના કુ. કાંતાબ્હેન નાગજી ખેતાણી ઇગ્લાંડમાં મીડલ ટેમ્પલના બાર-એટલો થઈ પાછાં હિંદમાં આવ્યાં છે, તેઓ સૌરાષ્ટ્રના પ્રથમ સ્ત્રી-બેરીસ્ટર છે- બ્હેન! શિક્ષણને અજવાળ જો!

—કાનપુર (યુ. પી.)માં વૈશ્યવિદ્યાલયમાં જાણીતા એક વિદ્યાર્થીએ રસ્તે પસાર થતી એક વિદ્યાર્થીની-બાળા પ્રત્યે અસભ્ય વર્તન કર્યું; એ જાણતાં કાનપુરશાળાના જીલ્લા ઇન્સ્પેકટરે આ વિદ્યાર્થીને જાહેરમાં ફટકા મારવાની સજા કરી છે —ખરેખર ઉગતી પેઢી હવેથી કાંઇ ધડો લેશે કે?

બેંગલોરની ૧૯ વર્ષની કુ. શકુંતલાદેવી, ઇગ્લાંડ જઇ પહોંચી ને ત્યાં તેણે પોતાની ગણિત શકિતની અસાધારણતાથી બધાયને આશ્ચર્યચકિત કરી દીધા હતા.

—ભવાંતરના સંસ્કારોની પ્રબલતા તે આનું નામ! પરભવ નહિ માનનારા આમાંથી બોધ લેશે ને?

મુંબઇની ચંદારામજી ગર્લ્સ હાઇસ્કુલના પ્રીન્સીપાલ કુ. નવાજબાઇ ડી. કોન્ટ્રાકટર ૪૨ વર્ષની સેવા કર્યા પછી, નિવૃત્ત થયાં છે, જેઓ જે. પી. અને માનદ પ્રેસીડેન્સી માજીસ્ટ્રેટનું માન પામ્યાં છે. ઘણાં વર્ષો સુધી તેઓ મુંબઈ યુનિવર્સિટીના ફેલો હતાં. —સ્ત્રી શક્તિ એ પણ પોતાનું ગૌરવ જાળવી શકે છે, એ કાંઇ ખોટું નથી.

અમેરિકન આરોગ્યશાસ્ત્રી ડો. રોલાંડબેહર, ગૃહ-આરોગ્ય સંબંધમાં વિશ્વપ્રવાસ કરીને પાછા ફર્યા છે. તેઓએ અમેરિકન સ્ત્રીઓના આરોગ્ય જાળવણી સંબંધમાં કેટલીક ઉપયોગી વાતો કહી છે; અને હિંદની સ્ત્રીઓનાં આરોગ્ય સંબંધી પ્રશંસા કરતાં તેઓ કહે છે કે, ' હિંદની સ્ત્રીઓ જગતની સ્ત્રીઓમાં સારૂં આરોગ્ય ભોગવે છે. તેઓની માફક જો અમેરિકન સ્ત્રીઓ રહેણી-કહેણીમાં સાદાઇ તથા સંયમ જાળવે તો તેઓ પણ તેવું જ આરોગ્ય ભોગવી શકે. જે સંખ્યાબંધ રોગો અમેરિકન સ્ત્રીઓમાં જોવામાં આવે છે, તેનાથી હિંદી સ્ત્રીઓ તદ્દન મુકત છે, કેમકે જમીન પર બેસીને ખાવાની હિંદીઓને ટેવ સામાન્ય આરોગ્ય માટે અત્યંત લાભકારક છે. —પરદેશીઓની આંખે જ આપણું જોવાને ટેવાયેલા આજના આપણા ભણેલાઓની આંખો હવે ઉઘડશે કે?

પ્રીન્સ અલીખાનની સાથે સ્નેહ-લગ્ન કરનાર સીનેનટી રીટાહેબર્થે, પોતાના ધણી સાથે છૂટાછેડા માટે અરજી કરી છે, ને પોતાની પુત્રીના ભરણપોષણ માટે ૧ ક્રોડ ૪૦ લાખ રૂા. નો દાવો તેણે માંડ્યો છે. —સુધરેલા સંસારના ભવાડાએ હવે તો માજા મૂકવા માંડી છે, હિંદવાસીઓ! હવે તો પશ્ચિમનું મોઢું ફેરવી પૂર્વ બાજુ વળશો ને?

# પર્યુષણ પર્વનું જ્ઞાન-વાચન

## પં. બેચરદાસ

| | |
|---|---|
| પ્રાકૃત માર્ગોપદેશિકા | ૪-૪ |
| રાજપ્રશ્નીય [ ટીકા, વિસ્તૃત અનુવાદ, પ્રસ્તાવના તથા કોશ સાથે ] | ૭-૦ |
| પ્રાકૃત વ્યાકરણ | ૪-૦ |
| ભ. મહાવીરની ધર્મકથાઓ | ૨-૮ |
| ભ. મહાવીરના દશ ઉપાસકો | ૧-૮ |

## પં. સુખલાલજી

| | |
|---|---|
| તત્ત્વાર્થ સૂત્ર | ૪-૮ |
| પર્યુષણ પર્વનાં વ્યાખ્યાનો ૧-૨-૩ | ૧-૮ |
| આધ્યાત્મિક વિકાસક્રમ | ૦-૬ |
| પ્રમાણ મીમાંસા | ૭-૦ |
| જ્ઞાનબિન્દુ | ૫-૦ |

## શ્રી ધૂમકેતુ

| | |
|---|---|
| ગૂર્જરેશ્વર કુમારપાળ ૧-૨ | ૯-૦ |
| હેમચંદ્રાચાર્ય | ૨-૮ |
| હેમસમીક્ષા [ મોદી ] | ૨-૮ |
| સુબોધવાણી પ્રકાશ [ ન્યાયવિજયજી ] | ૧૦-૦ |
| જૈનદર્શન ” | ૨-૦ |

## શ્રી જયભિખ્ખુ

| | |
|---|---|
| ભ.ઋષભદેવ | ૪-૮ |
| નરકેશ્વરી વા નરકેસરી | ૪-૮ |
| કામવિજેતા સ્થુલિભદ્ર | ૪-૮ |
| મહર્ષિ મેતારજ | ૪-૮ |
| વિક્રમાદિત્ય હેમુ ભા.૧-૨ | ૮-૪ |
| વીરધર્મની વાતો ૧-૨ | ૫-૦ |
| મત્સ્ય ગલાગલ | ૪-૮ |
| હિંમતેમર્દા | ૧-૮ |
| જવાંમર્દ ભાગ ૧-૨ | ૨-૮ |
| ઉપવન | ૨-૮ |
| પ્રેમભક્ત જયદેવ | ૪-૮ |
| ગઈ ગુજરી | ૧-૮ |
| રાજા શ્રીપાળ | ૦-૮ |
| જૈનધર્મની પ્રાણી કથાઓ | ૧-૪ |

## પ્રકીર્ણ

| | |
|---|---|
| આર્હત દર્શન દીપિકા | ૮-૦ |
| સુંદરીઓનો શણગાર | ૪-૦ |
| સોળ સતી | ૧-૮ |
| ભરતેશ્વર બાહુબલિ વૃત્તિ ૧-૨ | ૫-૦ |
| અર્હન્નીતિ | ૧-૮ |
| અનેકાર્થ સાહિત્ય સંગ્રહ [ ૧૧૬ અર્થવાળી કૃતિ ] | ૨-૮ |
| અમર બલિદાન | ૧-૮ |
| ભાઈબીજ | ૪-૦ |
| સૂરીશ્વર અને સમ્રાટ્ | ૩-૦ |
| The Jinist Studies | 5-0 |
| Studies in jainism | 3-0 |
| Jainas in the history of indian LITERATURE | 2-0 |

## જૈન બાલ ગ્રંથાવલિ

શ્રી જયભિકખુએ નવીન રીતે સંપાદિત કરેલ, નવા ફેરફાર સાથે સુંદર ગેટઅપમાં પ્રગટ થયેલી બે શ્રેણીઃ કિં. છ રૂપિયા.

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય** ગાંધી રસ્તો—**અમદાવાદ.**

# જુનું અને નવું

**શ્રી કાંતિલાલ મો. ત્રિવેદી**

"જૂના વિચારો ફેંકી દયો અને નવા વિચારો અપનાવો" આ સૂત્ર આજના સુધારક ગણાતા વર્ગમાં ખુબજ પ્રચલિત બન્યું છે. જૂના વિચારો જરૂર ફેંકી દેવા જોઇએ, પણ તે કેવા સ્વરૂપના હોય તો ફેંકી દેવા જોઇએ, એનો વિચાર તો કરવો જોઇએને? જૂનું તે બધું ખરાબ છે અને નવું તે બધું સારૂં છે. એમ જો કોઇ પણ માણુસ વિગતવાર મુદ્દો લઇને યોગ્ય દલીલોથી સિધ્ધ કરી આપે તો જૂની પ્રણાલિકાઓને પકડી રાખવાનો પ્રયત્ન કરવો એ વ્યાજબી નથી પણ કદાગ્રહ છે.

પણ ખરી વાત તો એ છે, કે જૂની પ્રણાલિકાઓમાં આધ્યાત્મિક વિચારોનું પ્રાબલ્ય હતું, જ્યારે આજે જડવાદનું પ્રાબલ્ય છે; એટલે આત્મિક શુધ્ધિના હેતુથી રચેલા નિયમો આજના કેટલાક યુવક–યુવતીઓને બંધન રૂપ લાગે છે અને તેને ગુલામીના વિશેષણથી ઓળખાવીને ફગાવી દેવાની સલાહ આપવામાં આવે છે, પણ આમ કરીને તેમણે શું મેળવ્યું તેનો જો તેઓ જ પોતે નિષ્પક્ષપણે વિચાર કરે તો જરૂર સમજાશે કે લાભ કરતાં નુકશાન ઘણું થયું છે'

આજનું નવું તે આવતી કાલે જૂનું છે, એ નિયમની અપેક્ષાએ આવતી કાલની પ્રજા આપણુને જૂના વિચારના કહીને પોતાનીજ બ્હેન સાથે લગ્ન કરવા તૈયાર થાયતો તેઓએ તે માની લીધેલી પ્રગતિકારક પ્રણાલિકાઓને આપણે ધન્યવાદથી નવાજી શકીશું ખરા?

જૂના વિચારો અને પ્રણાલિકાઓમાં કદાચ ત્રુટીઓ હશે પણ માનવ જીવનને સુખી, સ્વસ્થ તથા શાંત બનાવવાની જે આવડત જૂના આચાર–વિચારોમાંથી મળે છે, તે નવામાંથી કાંઇજ મળતું નથી,ઉલટું મળે છે. એકજ દાખલો લ્યો. રાજાશાહીને જુની પ્રણાલિકાઓના નામ નીચે ફગાવી દેવામાં આવી અને લોકશાહીની નવી પ્રણાલિકા અપનાવવામાં આવી છતાં યુધ્ધનો ભય ઘટયો નથી બલ્કે વધ્યો છે. શાંતિરક્ષાના બહાને જગત ભક્ષક ભયંકર શસ્ત્રો વધ્યાં છે, લડાઇ પણ વધુ અનિતિમય બની છે, ન્યાય મોંઘો બન્યો છે, વહીવટી ખર્ચ બેસુમાર વધ્યો છે, લાંચ–રૂશ્વતની હદ નથી. આવાં તો અનેક દૂષણો આવા આચાર–વિચારોમાંથી મળે છે, તે નવામાંથી કાંઇ જ મળતું નથી. લોક-શાહી ગણાતી આજની નવી પ્રણાલિકામાં વધુ ફાલ્યાં છે. એવી જ રીતે લવ–મૅરેજના નવા વિચારો મુજબ લગ્ન પહેલાંજ દેહ–સંબંધ ભોગવાય છે, અને એમાંથી જે ભયંકર પરિણામો આવે છે, તે વર્તમાનપત્રોના વાચકોથી અજાણ નહિ જ હોય, તેમ જ નવી કેળવણી લીધેલા ડોકટરો, દર્દીના શરીરને માત્ર હાથ અડકાવવાના જ ૧૫ થી ૨૫ રૂપીયા ચાર્જ કરે છે [આમ છતાં રોગનું નિદાન અપૂર્ણ હોય છે] જ્યારે જુની પ્રણાલિકા મુજબ સારવાર કરનાર વૈદ્ય સ્વસ્થ થવાના ઉપાયો સુચવે છે ને મફત સલાહ પણ આપે છે. આવા તો સેંકડો બનાવોની નોંધ લઇ શકાય તેમ છે પણ સમજુ મનુષ્યો સમક્ષ દાખલા–દલીલોનું વધુ પિષ્ટપેષણ શા માટે?

નવા વિચારો મુજબ સંસ્કારવિહીન વનિતા સાથે આંતરજ્ઞાતિય લગ્ન કરવાં, સ્ત્રીઓને હોટલ, સીગારેટ, કેશવપન, નૃત્ય આદિની છુટ આપવી, સામુદાયિક કુટુંબપ્રથાને તોડી નાખવી, ન્યાયના નામે નાનીશી રકમ માટે માતા-પિતા સામે કોર્ટે ચઢવું, સગોત્રીય લગ્ન કરવાં.

પિતા સમાન શિક્ષક આજે પુત્રી સમાન વિદ્યાર્થીનીની સાથે લગ્ન કરવાં, પોતાના સુખમાં સ્હેજપણ અંતરાયરૂપ થનારા જીવનો ઘાત કરવો, વગેરે દુષ્ટ આચરણો પ્રગતિના લલચામણાં નામથી સંબોધવામાં આવે, પણ એનાથી માણસાઇના ગુણ ખીલવાના બદલે નિર્દયતા, અવિવેક, પાંચે ઇન્દ્રિયોનું ઉન્મત્તપણું આદિ અનેક દુર્ગુણોની સાથે **જીવનના અર્થનો મહા બોજો** પણ પ્રતિદિન વધી રહ્યો છે ને એ બોજાને હલકો કરવા માટે બીજાં અનેક પ્રકારનાં પાપો સીફતપૂર્વક કરવાં પડે છે, એનો ઇન્કાર થઈ શકે તેમ નથી.

નવી પ્રણાલિકાઓ જો હિંસા, અનીતિ, ક્રોધ, માન, માયા, લોભ આદિ દુર્ગુણોની નાશક હોય અને જુની પ્રણાલિકાઓ જો એની પોષક હોય તો એવી જૂની પ્રણાલિકાઓ ફગાવી દેવા માટે સમજુ મનુષ્યો સદૈવ તૈયાર હોય છે, એમાં શંકાને સ્થાન નથી. વાંધો માત્ર એટલો જ છે, કે હેતુશુધ્ધિ વિના મનઃકલ્પિત દલીલોના આધારે જુના માણસોને રૂઢીચુસ્ત કહેવામાં આવે અથવા બીજી કોઈ પણ રીતે ઉતારી પાડવાની કોશીષ કરવામાં આવે તો તેથી કાંઇ આપણે સાચું હિત સાધ્ય કરી શકીએ નહિ.

પ્રણાલિકા નવી હોય કે જુની એ બહુ મહત્ત્વની વાત નથી. મહત્ત્વની વાત તો આપણે ઉપર જણાવી તે આત્મહિતની દૃષ્ટિયે બધી વિચારણા થવી જોઇએ. જે કસોટી ઉપર સો ટચનું સોનું સાબિત થાય તેને અપનાવો, નહિ તો પછી તેને ફગાવી દયો. બાકી તો એક કહે કે "જુનું તે ખરાબ" અને બીજો માણસ ગાડરીયા પ્રવાહની માફક તેનો પડઘો પાડે તેની કાંઈ મહત્તા નથી.


**આગમો, મૂળ, ટીકા, ભાષાન્તર પ્રતાકાર સાથે અલભ્ય છે. તેની એક એક કોપી છે, તો આવશ્યકયતાવાળાએ મંગાવી લેવા ભલામણ છે.**

| | કિં. રૂા. |
|---|---|
| ભગવતીજી ભા. ૧-૨ | ૫૦ |
| પન્નવણા સૂત્ર | ૩૦ |
| જંબુદ્વિપ પન્નતિ | ૨૦ |
| જીવાભિગમ સૂત્ર | ૧૫ |
| ઠાણાંગ સૂત્ર | ૨૦ |
| સમવાયાંગ સૂત્ર | ૫ |
| દશપયન્ના સૂત્ર | ૫૦ |
| નિરયાવલિકા | ૨ા |
| કલ્પસૂત્ર (બારસા) | ૨૦ |
| ઉત્તરાધ્યયન સૂત્ર | ૩૦ |
| અનુયોગદ્વાર સૂત્ર | ૧૦ |
| નંદિસૂત્રવૃત્તિ | ૧૦ |
| ઉવવાઈ સૂત્ર | ૫ |
| રાયપસેણી સૂત્ર | ૧૦ |
| જ્ઞાતાધર્મ કથા | ૨૦ |
| ઉપાસક દશાંગ | ૫ |
| પ્રશ્નવ્યાકરણ સૂત્ર | ૧૦ |
| વિપાકસૂત્ર | ૫ |

**બુકાકારે**

| | |
|---|---|
| સૂયગ સૂત્ર મૂળ ટીકા દિપિકા ભાષાન્તર | ૫૦ |
| દશવૈકાલિક સૂત્ર [ઉપર પ્રમાણે] | ૫૦ |

લખોઃ— **મહેતા નાગરદાસ પ્રાગજીભાઈ**
ઠે. ડોશીવાડાની પોળ સામે ઢાળમાં,
**અમદાવાદ.**

# શ્રી શત્રુંજયતીર્થની પૂનિત છાયામાં
# શ્રી શ્રમણસંઘે કરેલા નિર્ણયો.

પાલીતાણા—શ્રી શત્રુંજય તીર્થાધિરાજની પવિત્ર છાયામાં શ્રી શ્રમણસંઘ એકત્ર થયેલ, અને વર્તમાન રાજકીય વાતાવરણમાં શાસન, તીર્થ તથા શાસ્ત્રીય સિદ્ધાંતો પર જે આક્રમણો આવી રહ્યાં છે, તે માટે જે નિર્ણયો લેવાયા છે, તે અહિં પ્રસિદ્ધ થાય છે. સં૦

શ્રી સિદ્ધક્ષેત્ર-પાલીતાણામાં વિરાજમાન સમસ્ત જૈન શ્વેતાંબર શ્રમણસંઘ, વિ. સં. ૨૦૦૭ વૈશાખ શુદિ ૬ શનિવારથી વૈશાખ શુ. ૧૦ બુધવાર સુધી રોજ બપોરે બાબુ પન્નાલાલની ધર્મશાળામાં મળી, વિ. સં. ૧૯૯૦ માં રાજનગરમાં ભરાયેલ અખિલ ભારતવર્ષીય શ્રી જૈન શ્વેતામ્બર મુનિ સમ્મેલને કરેલ "ધર્મમાં બાધાકારી રાજસત્તાના પ્રવેશને આ સમ્મેલન અયોગ્ય માને છે" એ ૧૧ મા નિર્ણય ઉપર પૂર્વાપર વિચારણા કરી, સર્વાનુમતે નીચે મુજબ નિર્ણય કરે છે.

૧ આ શ્રમણસંઘ માને છે કે-આજની સરકાર ધર્માદા ટ્રસ્ટખીલ, ભીક્ષાબંધી, મધ્યભારત દીક્ષા નિયમન, મંદિરમાં હરિજનપ્રવેશ અને બિહાર રીલીજીઅસ એક્ટ વિગેરે નિયમો ઘડી, ધર્મમાં અનુચિત હસ્તક્ષેપ કરે છે તે ઠીક નથી, તેમ કરવાનો સરકારને કોઇ અધિકાર નથી. વિદેશી સરકાર હતી ત્યારે પણ જે હસ્તક્ષેપ થયો ન હતો તે ભારતીય સરકાર તરફથી થાય એ ખૂબ જ અનિચ્છનીય વસ્તુ છે.

૨ આ શ્રમણસંઘ માને છે કે, વિ. સંવત ૧૯૯૦ માં મુનિ સંમ્મેલને પટ્ટકરૂપે જે નિર્ણયો તૈયાર કર્યા છે, તેના છેલ્લા ચાર *ઠરાવોને વિશેષ અમલમાં લાવવા માટે જૈન શ્રમણસંઘના આગેવાન વિચારક આચાર્યો તથા મુનિવરોના સમ્મેલનની તુરત અગત્ય છે તો અમદાવાદ, પાનસર કે પાલીતાણા કે યોગ્ય સ્થાનમાં તુરતમાં મળે એવો સક્રિય પ્રયત્ન કરવો જોઇએ.

૩ આ શ્રમણસંઘ માને છે કે, જૈનોની જે જે સંસ્થાઓ, સાતક્ષેત્રો, ધર્મસ્થાનો, દેરાસરો અને ઉપાશ્રયો વિગેરે છે તે દરેક પોતપોતાના અધિકાર મુજબ શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘના માલિકીનાં છે, તેના વહીવટદારો તે શ્રમણ સંઘના શાસ્ત્રીય આદેશ પ્રમાણે કામ કરનાર સેવાભાવી સદ્‌ગૃહસ્થો છે. વહીવટદારોને શાસ્ત્રાજ્ઞા તથા સંઘની મર્યાદાને બાધક આવે એવું કંઇ પણ કરવાનો હક નથી. તેમજ સરકારને પણ સંઘનો હક ઉઠાવી વહીવટદારોને જ તે સંસ્થાઓના સીધા માલીક માની તે દ્વારા પોતાનો હક જમાવવાની જરૂર નથી. છતાંય વહીવટદારો કે સરકાર એવું અનુચિત પગલું ભરે તો તેઓને તેમ કરતા રોકવા માટે પોતાના અધિકાર મુજબ સક્રિય પ્રયત્ન કરવો.

૪ આ શ્રમણસંઘ માને છે કે જે જે આચાર્યાદિ પૂજ્ય મુનિવરો અહિં હાજર નથી અથવા બહાર છે તેઓને ઉપરના નિર્ણયો જણાવી સહકાર આપવા વિનંતિ કરવી. દરેક સ્થાને ચતુર્વિધ સંઘને હાજર કરવો અને ધાર્મિક સ્વતંત્રતા જળવાય તે અંગે દરેક પ્રયત્નો કરવા.

૫ આ શ્રમણસંઘ માને છે કે, અહિં હાજર રહેલા મુનિવરો બહારગામ રહેલા પોતાના આચાર્યાદિ વડિલોને આ નિર્ણયથી વખતસર વાકેફગાર કરીને આ નિર્ણયને વેગ મળે તેવી સમ્મતિ મેળવી આપશે.

૬ આ શ્રમણસંઘ ચાહે છે કે-બહાર રહેલ પૂજ્ય આચાર્યાદિ મુનિવરોને ઉપરોક્ત નિર્ણયો મોકલવા અને તેઓશ્રી આને અંગે જે માર્ગદર્શન આપે કે નિર્ણયમાં યોગ્ય સુધારો-વધારો સૂચવે તેને સ્વીકારવા ઘટતું કરવું.

૭ આ શ્રમણસંઘ ઉપરના નિર્ણયોને અમલમાં લાવવા, સરકાર, સંસ્થાઓ અને વહીવટદારો સાથે યોગ્ય વાતચીત કરવા, ઉચિત પત્રવ્યવહાર કરવા, અને યોગ્ય શ્રાવકોને બોલાવવા કે મોકલવા વિગેરે કાર્યો માટેઃ—

**૧ પૂ. આ. મ. શ્રી વિજયવલ્લભસૂરિજી ૨ પૂ. આ. મ. શ્રી કીર્તિસાગરસૂરિજી. ૩ પૂ. આ. મ. શ્રી વિજયમહેન્દ્રસૂરિજી. ૪ પૂ. આ. મ. શ્રી વિજયહિમાચલસૂરિજી ૫ પૂ. આ. મ. શ્રી ભુવનતિલકસૂરિજી ૬ પૂ. આ. મ. શ્રી**

ચંદ્રસાગરસૂરિજીને સંપૂર્ણ સત્તા આપે છે અને તેઓ આમાં બીજાં નામો પણ ઉમેરી શકે છે.

## શ્રમણસંઘમાં હાજર રહેલ મુનિવરોની નામાવલી

**પંજાબી જૈન ધર્મશાળા:**—પૂ. આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ. પં. શ્રી સમુદ્રવિજયજી, પં. પૂર્ણાનંદવિજયજી–મુનિ શ્રી વિચારવિજયજી–મુનિ શ્રી શિવવિજયજી–મુનિ શ્રી વિશુદ્ધવિજયજી–મુનિ શ્રી ઇંદ્રવિજયજી–મુનિ શ્રી વિશારદવિજયજી–મુનિ શ્રી જનકવિજયજી–મુનિ શ્રી પ્રકાશવિજયજી–મુનિ શ્રી બલવંતવિજયજી–મુનિ શ્રી જયવિજયજી–મુનિ શ્રી વસંતવિજયજી–મુનિ શ્રી ન્યાયવિજયજી–મુનિ શ્રી પ્રીતિવિજયજી મુનિ શ્રી હેમવિજયજી–મુનિ શ્રી હિમ્મતવિજયજી–મુનિ શ્રી હ્રીંકારવિજયજી–મુનિ શ્રી નંદનવિજયજી.

**સાહિત્ય મંદિર:**—પૂ. આચાર્ય શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મ.-પં. શ્રી મહોદયસાગરજી–મુનિ શ્રી સૂર્યસાગરજી–મુનિ શ્રી સુભદ્રસાગરજી–મુનિ શ્રી સુબોધસાગરજી–મુનિ શ્રી ગુલાબસાગરજી–મુનિ શ્રી પ્રીતિસાગરજી–મુનિ શ્રી મનહરસાગરજી–મુનિ શ્રી જસવંતસાગરજી–મુનિ શ્રી મુક્તિસાગરજી–મુનિ શ્રી વિનયપ્રભસાગરજી.

**ઉજમ ફઈની ધર્મશાળા:**—પૂ. આચાર્ય શ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી–મુનિ શ્રી શ્રીકાંતવિજયજી–મુનિ શ્રી ત્રૈલોક્યવિજયજી–મુનિ શ્રી પ્રવિણવિજયજી.

**કંકુબાઇની ધર્મશાળા:**—પૂ. આચાર્ય શ્રી વિજયહિમાચલસૂરીશ્વરજી મ. મુનિ શ્રી ભવ્યાનંદવિજયજી–મુનિ શ્રી લક્ષ્મીવિજયજી–મુનિ શ્રી મનકવિજયજી–મુનિ શ્રી રત્નાકરવિજયજી–મુનિ શ્રી માણેકવિજયજી–મુનિ શ્રી કેશવાનંદવિજયજી–મુનિ શ્રી ઇંદ્રવિજયજી–મુનિ શ્રી સંપતવિજયજી–મુનિ શ્રી પરમાનંદવિજયજી.

**મહાજન-વંડામાં-શાંતિભુવન:**—પૂ. આ. શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મ. મુનિ શ્રી સુરેન્દ્રવિજયજી–મુનિ શ્રી મહોદયવિજયજી–મુનિ શ્રી પ્રભાવવિજયજી–મુનિ શ્રી કૈલાસવિજયજી–મુનિ શ્રી ભદ્રંકરવિજયજી–મુનિ શ્રી અરૂણપ્રભવિજયજી–મુનિ શ્રી અશોકવિજયજી–મુનિ શ્રી અભયવિજયજી–મુનિ શ્રી હેમપ્રભવિજયજી–મુનિ શ્રી પુણ્યવિજયજી–મુનિ શ્રી પદ્મપ્રભવિજયજી.

**ઘોઘાવાળી ધર્મશાળા:**— પૂ. આચાર્ય શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મ., ઉ. શ્રી દેવેન્દ્રસાગરજી–પં. શ્રી હીરસાગજી–મુનિ શ્રી શાંતિવિજયજી–મુનિ શ્રી જ્ઞાનસાગરજી–મુનિ શ્રી સુબોધસાગરજી–મુનિ શ્રી ધર્મસાગરજી–મુનિ શ્રી દર્શનસાગરજી–મુનિ ન્યાયસાગરજી મુનિશ્રી હંસસાગરજી–મુનિ શ્રી સૂર્યોદયસાગરજી–મુનિશ્રી ચંદનસાગરજી–મુનિ શ્રી પ્રબોધસાગરજી–મુનિ શ્રી અભયસાગરજી–મુનિ શ્રી શાંતિસાગરજી–મુનિ શ્રી અરૂણોદયસાગરજી–મુનિ શ્રી મુનીન્દ્રસાગરજી–મુનિ નરેન્દ્રસાગરજી મુનિ શ્રી રૈવતસાગરજી–મુનિ હિમાંશુસાગરજી–મુનિ શ્રી દોલતસાગરજી–મુનિ શ્રી અમૂલ્યસાગરજી–મુનિ શ્રી લલિતાંગસાગરજી–મુનિ શ્રી જિતેંદ્રસાગરજી–મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી–મુનિ શ્રી ચંદ્રકાંતસાગરજી, મુનિ શ્રી મનકસાગરજી–મુનિ શ્રી પ્રમોદસાગરજી,–મુનિ શ્રી નરેશસાગરજી–મુનિ શ્રી નંદનસાગરજી–મુનિશ્રી અભ્યુદયસાગરજી–મુનિ શ્રી મહાનંદસાગરજી–મુનિ શ્રી નંદિવર્ધનસાગરજી–મુનિ શ્રી જયઘોષસાગરજી.

**શાંતિભુવન:**—પૂ. પં. શ્રી મેરૂવિજયજી ગણિ, મુનિશ્રી ચારિત્રવિજયજી–મુનિ શ્રી નયનવિજયજી, મુનિ શ્રી શાંતિવિજયજી–મુનિ શ્રી કરૂણાવિજયજી–મુનિ શ્રી પુંડરીકવિજયજી–મુનિશ્રી આનંદવિજયજી–મુનિ શ્રી કેસરવિજયજી.

**આરિસાભુવન:**—પં. શ્રી ચરણવિજયજી ગણિ, મુનિ શ્રી સુધર્મવિજયજી, મુનિ વિશુદ્ધવિજયજી, મુનિ મહાયશવિજયજી.

**જીવનનિવાસ:**—પં. શ્રી રામવિજયજી ગણિ, મુનિ શ્રી કંચનવિજયજી, [ આ. શ્રી વિજયનીતિસૂરીશ્વરજીના સમુદાયના. ]

**ખુશાલભુવન:**—પં. શ્રી સુમતિવિજયજી ગણિ, મુનિ શ્રી મતિવિજયજી.

**શાંતિભુવન:**—પં. શ્રી ભક્તિવિજયજી ગણિ, મુનિ શ્રી ગુણવિજયજી, મુનિ શ્રી લાભવિજયજી, મુનિ

શ્રી લક્ષ્મીવિજયજી, મુનિ શ્રી ત્રિલોચનવિજયજી, મુનિ શ્રી કંચનવિજયજી, મુનિ શ્રી પ્રવીણવિજયજી.

**મોતીકડીયાની મેડી:**—પં. શ્રી રામવિજયજી ગણિ, મુનિ શ્રી શાંતિવિજયજી, [ દાદા શ્રી ખાંતિવિજયજી મ. ના સમુદાયના.]

**ખુશાલભુવન:**—પં. શ્રી કનકવિજયજી ગણિ, મુનિ શ્રી સુબુદ્ધિવિજયજી, મુનિ શ્રી મહિમાવિજયજી, મુનિ શ્રી ચંદ્રપ્રભવિજયજી.

**કોટાવાલાની ધર્મશાળા:**—પૂ. પં. શ્રી કાંતિવિજયજી, મુનિ શ્રી રત્નાકરવિજયજી, મુનિ શ્રી મહાનંદવિજયજી, મુનિ શ્રી ચરણકાંતવિજયજી, મુનિ શ્રી હિમાંશુવિજયજી, મુનિ શ્રી નરરત્નવિજયજી, મુનિ શ્રી પ્રવીણવિજયજી, પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિ, મુનિ શ્રી હર્ષવિજયજી, મુનિ શ્રી ચંદ્રાનનવિજયજી, મુનિશ્રી મહાભદ્રવિજયજી, મુનિ શ્રી ચંદ્રયશવિજયજી, મુનિ શ્રી કલ્યાણપ્રભવિજયજી, મુનિ શ્રી જિનભદ્રવિજયજી, મુનિ શ્રી પુંડરીકવિજયજી.

**અમરચંદ જસરાજની ધર્મશાળા:**—પૂ. મુનિ શ્રી અમરવિજયજી [ દાદા શ્રી કેવળવિજયજી મ. ના શિષ્ય ] મુનિ શ્રી મનહરવિજયજી [ પૂ. કપૂરવિજયજી મ. ના શિષ્ય ] મુનિ શ્રી નંદનવિજયજી, [આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજીના શિષ્ય ]

**કોટાવાળી ધર્મશાળા:**—પૂ. મુનિ શ્રી દર્શનવિજયજી [ત્રીપુટી] મુનિ શ્રી જ્ઞાનવિજયજી [ત્રીપુટી] મુનિ શ્રી લક્ષ્મીભદ્રવિજયજી, મુનિ શ્રી નીતિવિજયજી.

**જૈન ભોજનશાળા:**—પૂ. મુનિ શ્રી મણિવિજયજી મ. [ પૂ. શ્રી ગુલાબવિજયજી દાદાના શિષ્ય]

**ઘોઘાવાળી ધર્મશાળા:**—મુનિ શ્રી જસવિજયજી [ આ. કલ્યાણસૂરિના શિષ્ય ] મુનિ શ્રી જયંતમુનિજી, [ પં. શ્રી હીરવિજયના શિષ્ય ] મુનિ શ્રી મેરૂવિજયજી [ શ્રી વિ. ધનેશ્વરસૂરિજીના શિષ્ય ] મુનિ શ્રી માનવિજયજી [ શ્રી વિ. ભક્તિસૂરિજીના શિષ્ય ]

**રણશી દેવરાજની ધર્મશાળા:**—પૂ. આ. શ્રી જિનહરિસાગરસૂરિના શિષ્ય મુનિ શ્રી હેમેન્દ્રસાગરજી, પ્રસિદ્ધવકતા મુનિ શ્રી કાન્તિસાગરજી મહારાજ.

**શાંતિભુવન:**—મુનિ શ્રી ચિદાનંદવિજયજી, મુનિ શ્રી પ્રિયંકરવિજયજી, મુનિ શ્રી કૌસ્તુભવિજયજી, [ આ. શ્રી જંબૂસૂરિજીના શિષ્યો ]

**સાહિત્યમંદિર:**—મુનિ શ્રી જયંતવિજયજી, શ્રી મહાનંદવિજયજી [ શ્રી મોહનસૂરિજીના સમુદાયના]

સ્થળ

**બાબુ પન્નાલાલની ધર્મશાળા**

**વિ. સં. ૨૦૦૭; વૈ. સુદ ૧૦ બુધ.**

તા. ૧૬–૫–૫૧

ભગવાન શ્રી મહાવીર કેવળજ્ઞાન કલ્યાણક:

—: પત્રવ્યવહાર :—

**આચાર્ય મ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી**

**ઠે. પંજાબી જૈન ધર્મશાળા**

**પાલીતાણા** [સૌરાષ્ટ્ર]

લી.

**શ્રી પાલીતાણા સ્થિત સમસ્ત શ્રમણસંઘવતી આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મ૦ની આજ્ઞાથી પં. સમુદ્રવિજય**

**આ૦ કીર્તિસાગરસૂરિ દ: પોતે**

**આ૦ વિ૦ મહેન્દ્રસૂરિ દ: પોતે**

**આ૦ વિ૦ હિમાચલસૂરિ દ: પોતે**

**આ૦ વિ૦ ભુવનતિલકસૂરિ દ: પોતે**

**આ૦ ચંદ્રસાગરસૂરિ દ: પોતે**

પાલીતાણામાં વિરાજમાન શ્રી શ્રમણસંઘે કરેલ નિર્ણયો શ્રી જૈન સંઘના પાલીતાણા બહાર વિરાજમાન પ્રતિષ્ઠિત શાસનહિતૈષી પૂ. આચાર્યવર્યો આદિને મોકલ્યા હતા, જેઓશ્રી તરફથી શ્રી શ્રમણસંઘના આ કાર્યને પત્રોદ્વારા પણ સુંદર શબ્દોમાં હાર્દિક આવકાર મલ્યો છે. મુનિ સંમેલન જલ્દી ભરાય તે માટે પત્ર વ્યવહાર ચાલુ છે, અને પબ્લિક ટ્રસ્ટ એકટ આદિ રાજકીય કાયદાઓ અંગે પણ શેઠ આ. × ક. ની પેઢી આદિ સાથે પત્રવ્યવહાર ચાલુ છે.

આજ સુધીમાં આચાર્ય શ્રી વિજયદર્શનસૂરીશ્વરજી, આ. શ્રી ઉદયસુરીશ્વરજી શ્રી નંદનસૂરીશ્વજી-અમદાવાદ, આ. શ્રી વિજયહર્ષસૂરિજી અમદાવાદ, આ. શ્રી ઋાર્ષધ્ધસાગર-સૂરિજી-અમદાવાદ, આ. શ્રી માણીકયસાગરસૂરિજીશુહારી, શ્રી વિજયકુમુદસૂરિજી—સાલડી, આ૦ શ્રી વિજયભક્તિ સૂરિજી વીરમગામ, આ૦ શ્રી વિજય ભદ્રસૂરિજી જુના-ડીસા, આ. શ્રી વિજયલાભસૂરિજી મીયાગામ, આ. શ્રી વિજય રામસૂરિજી પાટણ આ. શ્રાજિનઋદ્ધિસૂરિજી મુંબઇ, વીરપુત્ર આ. શ્રી આણુંસાગરસૂરિજી શૈલાના આ. શ્રી જિન રત્નસુરિજી, પં. શ્રી બુધ્ધિસાગરગણિજી આહોર, પં. દાનસાગર ગણિ, શ્રી કાંતિવિજયજી, લલિત-મુનિ, લબ્ધિસાગરજી તથા શ્રી ભુવનમુનિ જામનગર વિગેરે આચાર્યો તથા મુનિવરોના પત્રો આવ્યા છે

*

નોટ× ૮ **શ્રાવકોન્નતિ**—શ્રાવક-શ્રાવિકાએ, ધન—ધાન્ય—વસ્ત્ર—આભૂષણાદિ સર્વ યોગ્ય વસ્તુથી ધર્મની ઉન્નતિ અને સ્થિરતાને અનુલક્ષીને શ્રાવક-શ્રાવિકાની દ્રવ્યભક્તિ તથા શ્રી વીતરાગદેવ, સાધુ અને ધર્મ પ્રત્યે લાગણીવાળા બનાવવારૂપ ભાવભક્તિ કરવી, એ બાબતમાં સાધુઓ ઉપદેશ આપી શકે છે.

૯ **પરસ્પર સંપની વૃદ્ધિ**—૧ કોઇ પણ સાધુ સાધ્વી કે તેના સમુદાયના અવર્ણવાદ બોલવા નહિ. ૨ પરસ્પર આક્ષેપોવાળા લેખો લખવા કે લખાવવા નહિ. તથા વ્યાખ્યાનમાં પણ આક્ષેપ કરવા નહિ. ૩ કોઈ જાતનો દોષ જણાય તો તેમને મળીને સુધારો કરવા પ્રેરણા કરવી અને તેમણે પણ તે દોષ સુધારવા પ્રયત્ન કરવો. ૪ લોકોમાં ભિન્નતા ન દેખાય તેમ પરસ્પર ઉચિત્તાએ વર્તવું.

૧૦ **ધર્મ ઉપર થતા આપેક્ષોને અંગે**—૧ આપણા પરમપવિત્ર પૂજ્ય શાસ્ત્રો તથા તીર્થાદિ ઉપર થતા આક્ષેપોને સમાધાનને અંગે (૧) આચાર્ય મહારાજ શ્રીમદ્ સાગરાનંદસૂરિજી, (૨) આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિજી. (૩) પંન્યાસજી મહારાજ શ્રી લાવણ્યવિજયજી, (૪) મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી અને (૫) મુનિરાજ શ્રી દર્શનવિજયજીની મંડળી નીમી છે. તે મંડળીએ તે કાર્ય, નિયમાવલિ તૈયાર કરી શરૂ કરવું અને બીજા સર્વ સાધુઓએ એ બાબતમાં યોગ્ય મદદ જરૂર કરવી તેમજ એ મંડળીએ જોઇતી સહાય આપવા શ્રાવકોએ પણ પ્રેરણા અને ઉપદેશ આપવો.

૧૧ **ધર્મમાં રાજસત્તાના પ્રવેશ સંબંધી**—૧ ધર્મમાં બાધાકારી રાજસત્તાના પ્રવેશને આ સંમેલન અયોગ્ય માને છે.


જાણીતા લેખક: [redacted]

**શ્રી જયભિખ્ખુની નવી કૃતિ**

# દેવદુષ્ય

**વીર ધર્મની વાતો ભા. ૩ જો**

ધર્મના મર્મને સ્પર્શતી, રસની રેલ વહાવતી કથાઓનો સુંદર સંગ્રહ

**વીર ધર્મની વાતો**

**ભા. ૧, ૨. ૩. કુલ ૩૦ વાર્તા**

**દરેકની કીંમત રૂા. રાા**

**એક નોંધી લેવા જેવી વાત**

મશહુર લેખક

**શ્રી જયભિખ્ખુનાં**

ઇતિહાસ, વિજ્ઞાન ને કલાની ત્રિવેણી સંગમસમાં

**પુસ્તકનો એક સેટ.**

તમારે ત્યાં હોવો જોઈએ.

—: લખો :—

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય.**

ગાંધી રસ્તો:—**અમદાવાદ**

# તવારીખની તેજ છાયા——પૂ૦ મુનિરાજ શ્રી રૂચકવિજયજી મહારાજ.

હિંદની મધ્યસ્થ સરકારના પ્રધાન શ્રી રાજાજીએ જણાવ્યું હતું કે, 'સરકાર હાલમાં હિંદમાં ભિક્ષાને રદ્દ કરવા અને ગેરકાયદે જાહેર કરવાની દરખાસ્ત પર વિચારણા કરતી નથી. ગેર-કાયદેસર જાહેર કરવાનું કાર્ય કાયદાથી સહેલું છે પરન્તુ મને શંકા નથી કે આ પ્રશ્નને યોગ્ય-સમયમાં હાથ ધરવામાં આવશે.'

—સંદેશઃ તા. ૨૦–૫–૫૧

ભારતનો ભિક્ષાધર્મ હજુ પણ હિંદના સરકારી કર્મચારીઓ તરફથી ભીંસાતો આવે છે. એના પર સરકારી ભય હજુ તોળાઈ જ રહેલો છે. ન માલુમ કે સરકારી એ ભય ભારતના ભિક્ષાધર્મને ક્યારે ભરખી જશે. ભિક્ષા અને ભીખ, આ બે સાવ નિરાળા અને એકબીજાથી વ્યાજબી અર્થમાં ઘણે દૂર રહેલા છે. જરૂરીઆત હો અગર ન પણ હો, મહેનત કરવા છતાં મળતું હો અગર ન પણ મળતું હો, તેમ છતાં દુનિઆમાં રહેલો માનવી જ્યારે દીનતાપૂર્વક બીજાની પાસે હાથ લાંબો કરે છે, જરૂરી મેળવવા માટે દયામણી સ્થિતિમાં મૂકાય છે ત્યારે તે યાચના એ ભીખ કહેવાય છે, અને વ્યાજબી જરૂરીઆતના જ એક કારણે ધાર્મિક કાયદાના પાલનની સતત કાળજી સાથે સામાને પીડા ન થાય તે જોવાપૂર્વક, દાતા તરફથી પોતાના સર્વોત્તમ કલ્યાણને માટે કરવામાં આવતી ભક્તિની સક્રિય નિર્ભેળ યોજનાનો અદીનપણે સ્વીકાર કરવો, એ ભિક્ષા કહેવાય છે. આમ ભીખ અને ભિક્ષા વચ્ચે આટલું અન્તર છે. આ અન્તરને જાણવાની અને તેને સન્માનવાની ખેવના નહિ કરીને કોઇને પણ કાંઇ પણ ધર્મની બુધ્ધિથી નહિ દેવું જોઇએ ,, એ વૃત્તિથી બીન અંકુશિત રીતે ખેંચાઇને જો કાયદાની તલવારે જય મેળવી જવા માંગતા હોયતો અમારે કહેવું જોઇએ કે એ ચોકખું અધાર્મિક કાર્ય છે સત્તા દ્વારા પાશવી અત્યાચાર છે. ધર્મ–અધર્મ પુણ્ય અને પાપને નહિ માન-નારાઓને અમારે કાંઈજ કહેવાનું નથી, પણ ભારતના જે લોકોને એ બાબતમાં સંપૂર્ણ વિશ્વાસ અને સન્માન છે તેને અમે કહીશું કે પૂર્વ જન્માન્તરમાં પણ આચ-રેલા ભયંકર પાપોના નતીજાને ભોગવતા, હિંદના એ દેશભાઇઓ પર જીવનના કપરા સંયોગોમાં આ રીતે આફત વરસાવતા કાયદાની અને તેની પાછળના હાથોની મદદે આપણે ન જ જવું, એ આપણા કંગાલ દેશભાઇઓની કદાચ સેવા ગણાશે.

## ન્યાયની અદાલતનો તિરસ્કાર કરવાનું શીખવતો એક પ્રસંગ :

મદ્રાસ સરકાર સામેના, હાઇકોર્ટે આપેલા બે ચુકાદાઓનો મ્હેં સંપૂર્ણ અભ્યાસ કર્યો છે અને ન્યાયમૂર્તિઓ પ્રત્યે મને સંપૂર્ણ માન હોવા છતાં મારે કહેવું જોઇએ કે એ ચુકાદાઓ મને અસંતોષકારક લાગ્યા છે; બંધારણની કલમો સાથે એ ચુકાદાનો સુમેળ નથી,

—કાયદા પ્રધાન ડો. આંબેડકરઃ

ભારતના આજના લોકશાહી રાજ્યમાં ન્યાયની અદાલતમાં ન્યાયના ચુકાદાઓ સાથે, એક સરકારી અધિકારપદે બેઠેલ માનવી આ રીતે રમત રમી શકે છે, એ જાણીને કદાચ કોઇને આશ્ચર્ય પણ થાય. હાઈકોર્ટના એ ચુકાદાઓ ન્યાય વિનાના છે કે નહિ તેની અમને ખબર નથી પણ, બંધારણની કલમો સાથેના સુમેળના નામે ન્યાયની અદાલતના ચુકાદાઓને અસંતોષકારક જાહેર કરવાની જે અખત્યારી કરાઇ, તે તદ્દન અયોગ્ય છે. અમને એ જણાવતાં આશ્ચર્ય થાય છે, કે મદ્રાસ હાઇકોર્ટના એ ચુકાદાઓને અસંતોષ-કારક જણાવતાં ડો. આંબેડકરને બંધારણની કલમો કઈ રીતે સંપૂર્ણ લાગી ? શું ભારતનું આજનું બંધા-રણ અને તેની કલમો, ભવિષ્યમાં સુધારાઓને અવ-કાશ ન જ આપી શકે તે રીતે તે સંપૂર્ણ છે ? હજુ હમણાં જ પં. નહેરૂએ બંધારણની અમુક કલમ પર સુધારા રજૂ કર્યા છે અને હિંદના એક વર્ગે તો બંધારણના આખા ભાગને સંપૂર્ણ તરીકે માન્યાની હજુ જાહેરાત નથી કરી ત્યાં ડો. આંબેડકર ચુકાદા-ઓનો બંધારણની કલમો સાથે સુમેળ કરવા જાય છે તેને, કઇ રીતેઃ વ્યાજબી કહી શકાય ? દેશનું બંધારણ યા તેની કલમો જ્યાં સુધી સંપૂર્ણ બનાવવામાં ન આવી હોય, સર્વ શિષ્ટજનમાન્ય તરીકે બનાવવામાં

આવ્યાં ન હોય ત્યાં સુધી ન્યાયની અદાલતોના ચુકાદા ઓનો તેની સાથે સુમેળ જોવો એને અમે આવકારતા નથી, એટલું જ નહિ પણ ન્યાયની અદાલતો એ હંમેશા ન્યાયની જ રહેવી જોઇએ પણ કોઈ પક્ષીય સરકાર યા તેણે તૈયાર કીધેલા બંધારણ યા તેની કલમો સત્તા નીચે નહિ જવી જોઇએ ન્યાયની અદાલતોના ચુકાદાઓનો બંધારણની કલમો સાથે સુમેળ જોવાનો જો આ રીતે પ્રયત્ન રહેશે તો અમને એ જણાવતાં આશંકા નથી રહેતી કે ન્યાયની અદાલતોનો સાથે ગેરવ્યાજબી રીતે વર્તાવ રાખવાનો એથી જનતાને પ્રસંગ મળશે કે જે તદ્દન ઇચ્છવા યોગ્ય નથી. ન્યાયની અદાલતોનો તિરસ્કાર કરવાનું જનતા ન શીખે એ પણ આજના અધિકારી વર્ગે ય શીખવું જોઇએ.

### વાણી અને મત સ્વાતંત્ર્યના નામે કુદનારાઓ પર આફત:

વાણી અને મત સ્વાતંત્ર્ય અંગેની બંધારણની ૧૯ મી કલમ પર પં. નહેરુએ સુધારો રજુ કર્યો છે અને એ સુધારાથી દરેક હીતોને, બીનઅંકુશિત વાણી અને મત સ્વાતંત્ર્યથી ઉભા થતા નુકશાનની અસરમાંથી બચાવવાનો તેમનો ઇરાદો છે. આ અંગેની પાર્લામેન્ટના સભ્યોની ચર્ચામાં, સુધારાઓને સંપૂર્ણપણે પડતા મૂકવાનો અસ્વીકાર કરવામાં આવ્યો છે. અમને લાગે છે કે, વાણી અને મત સ્વાતંત્ર્યના નામે કુદનારાઓને આ એક આફત લાગશે પણ હવે એમ કાંઇ એ હળવી થવાની નથી. કહેવાતી આ આફતના સર્જક, દેશના લાડીલા નેતા પં. નહેરુ છે, એટલે એમની સામે ગંભીર આશંકાની નજરે જોવું એ કેમ જ ઠીક કહેવાય ? પણ હું નથી ધારતો કે વાણી અને મત સ્વાતંત્ર્યના ઝંડા નીચે આગેકદમ કરનારા, પં. નહેરુની સામે ગંભીર આશંકાની નજરે નહિ જૂવે. આજ પહેલાં, વાણી અને મત સ્વાતંત્ર્ય એ બીનઅંકુશિત નહિ રહેવાં જોઈએ એમ હિંદનો એક ભાગ કહેતો હતો, પણ ત્યારે હિંદના કેટલાક લોકો તેને ધૂત્કારી કાઢતા હતા, તેમને તેમાં ધાર્મિક હિતોની ગંધ આવતી હતી, પણ હવે દેશનેતાઓને દેશના હિતને યા પોતાના સત્તાહિતને માટે તેની જરૂર લાગી છે. દરેકે દરેક વિચારધારાઓને, પોતાથી અન્ય વિચારધારાઓનો તિરસ્કાર નહિ કરીને, પોતાના વ્યક્તવ્યને પ્રજાના પરલોક પ્રધાન આધ્યાત્મિક હિતને બાધ ન પહોંચે તે રીતે રજૂ કરવાનું સ્વાતંત્ર્ય હોવું જોઇએ, તેનો કોઈ પણ સમજુ મનુષ્ય ઇનકાર ન કરી શકે પણ જ્યારે અન્ય વિચારધારાઓનો તિરસ્કાર કરી તેનો ઉપહાસ કરવામાં આવે અગર સરકારી કાયદાથી તેને અયોગ્ય રીતે નિષ્ક્રિય બનાવવામાં આવે ત્યારે વાણી અને મતના એવા સ્વચ્છંદી સ્વાતંત્ર્યને જરૂર અંકુશમાં મૂકવું જ જોઇએ. આજના પ્રચલિત વાદોની દુનિઆમાં રોજ બ રોજ દંગલ યા ખુનામરકી, લુંટફાટ યા ધમકી જોવામાં કે સાંભળવામાં આવતા હોય. તો તે આજના પક્ષીય વાદોને બીન અંકુશીત રાખવાનુંજ ભયંકર પરિણામ નથી ? માટે જ્ઞાનીઓ કહે છે, કે વાણીને સંયમમાં રાખવામાંજ તેનો સદુપયોગ છે.

---


卐 મંગાવો પ્રાચીન ગુજરાતી ભાષાનું તદ્દન 卐

## ❊ નવીન પ્રકાશન ❊

**શ્રી તપા-ખરતર ભેદ** કીં રૂા. ૨-૦-૦
સત્તરમા સૈકાના મધ્ય ભાગમાં ચિરંતન મુનિશ્રીની લખાયેલી આ અપૂર્વ કૃતિ શ્રી તપગચ્છ અને ખરતરગચ્છ વચ્ચેના કેટલીક માન્યતા ભેદોની મૌલિક છણાવટ કરે છે. રહી જશો તો પાછળથી પસ્તાશો. માટે તુરત મંગાવો.

**મળવાનાં ઠેકાણાં**

૧. **શા. ભૂરાલાલ કાલીદાસ** સરસ્વતી પુસ્તક ભંડાર, હાથીખાના-રતનપોળ **અમદાવાદ.**

૨. **સોમચંદ ડી. શાહ** ઠે. જીવનનિવાસ સામે, **પાલીતાણા** [સૌરાષ્ટ્ર]

૩. **શ્રી મુક્તાબાઈ જ્ઞાનમંદિર** શ્રીમાલીવાગો, **ડભોઈ** [વડોદરા]

**નોંધ**-સંસ્કૃત **ષડ્દર્શન સમુચ્ચય** સટીક ૩-૦-૦
**તત્ત્વતરંગીણી બાલાવબોધ** ૧-૦-૦
**સપરિશિષ્ટ શ્રી તત્ત્વતરંગીણી ટીકાનુવાદ** ૧-૦-૦

આ પુસ્તકો પણ હાલમાં જ અપૂર્વ બહાર પડેલાં છે. તેપણ ઉપરના ઠેકાણેથી મળશે. પોસ્ટેજ વી. પી. ખર્ચ બધાનું અલગ છે. તો મંગાવવામાં ઢીલ કરશો નહિ.

# મા ૦ સિ ૦ ક–સ ૦ મા ૦ ચા ૦ ર

**આ**પણી સરકારે તીડોનો નાશ કરવા માટે સાત લાખ રૂા. મંજુર કર્યા છે. તીડો આવેથી નાશના ઉપાયો અજમાવવા માટે સાધન–સામગ્રી તૈયાર રાખી છે. ગઈ સાલ સરકારી માણસોએ તીડોનો ઘાણ વાળી નાંખ્યો હતો, છતાં તીડોનાં ટોળાંથી આકાશ છવાઇ રહેતું હતું. તીડોના નાશથી માનવ જાતને સુખી કરવાની કે અનાજને બચાવવાની વાત વાહિયાત લાગે છે, કારણ કે કુદરતના કોપ સામે બાથોડીયાં મારવા એ કુદરતને વધુ સતાવવા બરાબર છે. જે દેશમાં હિંસા જોર પકડે છે તે દેશ નાશના માર્ગે જઇ રહ્યો હોય છે. જે બીજાને મારવાની વૃત્તિ કરે છે એમાં વાસ્તવિક રીતે પોતે જ મરી રહ્યો હોય છે.

**પા**લીતાણા ખાતેથી કચ્છી બાળા બાઈ મણીનું અપહરણ કરી લઇ જવા બદલ બારોટ લાભશંકર ઉપર જે કેસ થયો હતો તે કેસનો ફેંસલો ગઇ ૩ જી તારીખે આવી ગયો છે. લાભશંકરને પંદર દિવસની સજા અને સો રૂા. નો દંડ ભાવનગર કોર્ટે કર્યો છે.

'હંસમયુર' એ પુસ્તિકા સામે સિદ્ધહસ્ત લેખક અને નવલકથાકાર શ્રી જયભિખ્ખુએ કલમ ચલાવી હતી અને એ પુસ્તકને પાઠયક્રમમાંથી બાતલ કરાવવા ઘટતા પ્રયાસો કર્યા હતા એથી ઉત્તર પ્રદેશ અલ્હાબાદની સરકારે સરકારી ગેઝેટમાં બહાર પાડી જણાવ્યું છે કે, 'હંસમયુર પુસ્તકને પાઠયક્રમમાંથી બાતલ કરવામાં આવે છે.'

**શ્રી** બુધ્ધિસાગરસૂરિ જૈન સાહિત્ય પારિતોષિક, યોગદ્રષ્ટિ સમ્મુચ્ચયના લેખક ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતાને આપવામાં આવ્યું છે.

**વ**ડોદરા નવા બજારમાં દરજી મગનલાલભાઇને મેડે ૬ પિત્તલમય અને ૩ ત્રાંબાની પ્રતિમાઓ પ્રગટ થઇ છે. પ્રતિમાઓ પ્રાચીન છે.

**અ**શાડી ચૌદશ ઉપર શ્રી સિધ્ધાચળજીની યાત્રાએ સારી સંખ્યામાં યાત્રાળુ ભાઇ–બ્હેનોનું આવાગમન શરૂ થયું છે.

**શ્રી** સિધ્ધક્ષેત્રની પવિત્ર છાયામાં પૂ. મુનિરાજ શ્રી ધર્મસાગરજી મહારાજને પન્યાસ પદાર્પણ અસાડ શુદિ ૬ નું હોવાથી અઠ્ઠાઇ–મહોત્સવ વગેરે ધર્મક્રિયા સારા પ્રમાણમાં થઈ હતી.

**મ**ધ્યભારત ધારાસભામાં બાલદિક્ષા પ્રતિબંધક બીલ આવવાનું હોવાથી જોરસોરથી વિરોધ કરવાની જરૂર છે.

**ધ**ર્માદા ટ્રસ્ટ એક્ટ બિલનો ૧૬ મી જુલાઇથી અમલ થવાનો હતો એ હવે ૧૫ મી ઓકટોબરની તારીખે ઠેલાયો છે.

**બે** આનાના સ્ટેમ્પ મોકલવાથી 'સંદેશ સુધા' એ પુસ્તક ભેટ મળશે. મળવાનું ઠેકાણું મહેતા કાંતિલાલ રાયચંદભાઈ ઠે, જેહાવેણુના ઉપાશ્રય પાસે જી. અમદાવાદ **સાણંદ.**

**શ્રી** સિધ્ધક્ષેત્રમાં પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ આદિ પંજાબી ધર્મશાળામાં, પૂ આચાર્ય શ્રી વિજયભુવનતિલકસૂરીશ્વરજી મહારાજ આદિ શાંતિભુવનમાં, પૂ. આચાર્ય શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજ આદિ ખુશાલભુવનમાં, પૂ. આચાર્ય શ્રી વિજય મહેન્દ્રસૂરીશ્વરજી મહારાજ આદિ ઉજમબાઇની ધર્મશાળામાં ચાતુર્માસ માટે પધારેલ છે.

**આ** વર્ષે સાધુ–સાધ્વીજી મહારાજ ૪૦૦ લગભગ અત્રે ચાતુર્માસ છે. ત્યારે શ્રાવક–શ્રાવિકા ચાતુર્માસ કરવા માટે ૨૫૦ લગભગ રહેવા સંભવ છે.

Reg. No. 4925.

ધર્મ, સમાજ, સાહિત્ય અને સંસ્કારનું લોકભોગ્ય માસિક

# ક*લ્યા*ણ

## સંપાદકઃ—સોમચંદ ડી. શાહ

જેમાંઃ-

વર્તમાન પ્રશ્નોની ધાર્મિક સમાલોચના 'નવી નજરે' દ્વારા રજુ થાય છે. બાલજગત, નારીકુંજ, પરમાર્થ પત્રમાલા, મધપુડો, બોધકથાઓ, શંકા-સમાધાન, ફુલ અને ફોરમ, શબ્દોની પલટાતી વ્યાખ્યાઓ ઈત્યાદિ વિભાગો રજુ થાય છે.

તદુપરાંતઃ

પૂ. આચાર્યાદિ સુવિહીત શ્રમણવર્ગનો મનનીય સદુપદેશ, શ્રદ્ધાળુ લેખકોના લેખો, કથા-વાર્તા, તીર્થયાત્રા, ઇતિહાસ, પ્રવાસ, વગેરે ઉપયોગી હળવું સાહિત્ય પ્રસિધ્ધ થાય છે જ્ઞાનવર્ધક, શબ્દગોષ્ઠિની ઇનામી યોજના એ 'કલ્યાણ'ની ખાસ મૌલિકતા છે, વર્ષ દરમીયાન લગભગ ક્રાઉન આઠ પેજી ૯૦૦ પેજનું વાંચન, દળદાર સંયુક્ત વિશેષાંક-

છતાંઃ

વાર્ષિક લવાજમ પોસ્ટેજ સહિત દેશ માટે રૂ. પાંચ અને પરદેશ માટે રૂ. છ. લાખો જૈનોને ઘેર રાહ જોવાઇ રહી હોય છે, જે વ્યાપારી વર્ગને માટે જાહેરાત માટેનું ઉત્તમ સાધન પુરૂં પાડે છે.

———: પત્રવ્યવહાર :———

કલ્યાણ પ્રકાશન મંદિર

જીવનનિવાસ સામે, પાલીતાણા [સૌરાષ્ટ્ર]

:મુદ્રક: હીરચંદ :જગજીવન શેઠ કલ્યાણ પ્રીન્ટીંગ પ્રેસ:—પાલીતાણા